Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૩૩
તા.૧૮-૦૬-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ જેઠ સુદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૫ સૂર્યાસ્ત : ૦૭:૨૭

તાપમાન

ડીસા	૩૯.૩	વડોદરા	૩૬.૯
અમદાવાદ	૪૦.૭	સુરત	૩૨.૬
ગાંધીનગર	૩૯	નલિયા	૩૪.૪

ચાંદી : ૪૧,૦૦૦ સોનું : ૩૨,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંચાલક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૩૬૪ ફેક્સ : (૦૨૩૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

આર્થિક વૃદ્ધિદર ૧૦ ટકા સુધી પહોંચાડવાનો પડકાર : મોદી

નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં મોદીનું સંબોધન : ખેડૂતોની આવકને બે ગણી કરવા, આયુષ્યમાન ભારત, મિશન ઇન્દ્રધનુષ, પોષણ મિશન જેવા મુદ્દા ઉપર વાત કરી : પુરગ્રસ્ત રાજયોને મદદની ખાતરી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, સરકાર સમક્ષ હવે સૌથી મોટો પડકાર આર્થિક વૃદ્ધિદરને ૧૦ ટકાની આસપાસ પહોંચાડી દેવાનો રહેલો છે. તેમણે કહ્યું હતું કે, આના માટે ઘણા બધા મહત્વપૂર્ણ પગલા લેવાની જરૂર પડશે. નીતિ આયોગ ગર્વનિંગ કાઉન્સિલની ચોથી બેઠક આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં યોજાઈ હતી જેમાં મોદીએ પોતાના ઉદ્ઘાટન નિવેદનમાં અનેક મહત્વપૂર્ણ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, જુદા જુદા રાજયોને સાથે રાખીને આકમક નીતિ સાથે લોકોના સપનાને પૂર્ણ કરવાની જરૂર દેખાઈ રહી છે. રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાં નીતિ આયોગની સંચાલન પરિષદની ચોથી બેઠકના ઉદ્ઘાટન સત્રને સંબોધતા મોદીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, છેલ્લા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિક ગાળામાં ભારતીય અર્થતંત્રએ મજબૂત ૭.૭ ટકાનો વૃદ્ધિદર હાંસલ કર્યો છે. હવે પડકાર આ વૃદ્ધિદરને બે આંકડા સુધી લઈ જવાનો રહેલો છે. તેમણે ઉમેર્યું હતું કે, ૨૦૨૨ સુધી ન્યુ ઈન્ડિયાનું સપનું હવે દેશના લોકો માટેનો એક સંકલ્પ છે. મોદીએ આ સંદર્ભમાં બેઠકના એજન્ડામાં સામેલ કરવામાં આવેલા મુદ્દાનો ઉલ્લેખ કર્યો હતો જેમાં ખેડૂતોની આવકને બે ગણી કરવા, અપેક્ષા કરતા પાછળ રહી ગયેલા જિલ્લાઓના વિકાસ કરવાની બાબત, આયુષ્યમાન ભારત, મિશન ઈન્દ્રધનુષ, પોષણ મિશન અને મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતિનો ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે, જીએસટીને લાગૂ કરવાની બાબત ટીમ ઈન્ડિયાની ભાવનાનો એક દાખલો છે. મોદીએ કહ્યું હતું કે, રાજયના મુખ્યમંત્રીઓના પેટાગ્રુપ અને સમિતિઓમાં પોતાના કાર્યો મારફતે સ્વચ્છ ભારત મિશન, ડિજિટલ લેવડદેવડ અને કૌશલ્ય વિકાસ જેવા મુદ્દા ઉપર નીતિ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે.

બિહાર અને આંધ્રને ખાસ રાજ્યનો દરજ્જો આપવા માંગ

નીતિ આયોગની આજે મહત્વપૂર્ણ બેઠક અનેક પ્રકારના વિવાદો વચ્ચે યોજાઈ હતી. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ દ્વારા વડાપ્રધાન મોદી સામે મોરચો ખોલી દીધા બાદ આજે આ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મોદી ઉપરાંત દેશભરના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. એકબાજુ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ તેમના રાજ્ય માટે ખાસ દરજ્જાની માંગણી કરી હતી. બીજી બાજુ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પણ ખાસ રાજ્યના દરજ્જાની માંગ કરી હતી. આ બેઠક દરમિયાન નોટબંધી અને જીએસટીને લઈને પણ ચર્ચા થઈ હતી. મોદીએ વન નેશન વન ટેક્સને લઈને સપનાને સાકાર કરવા બદલ રાજયોની ભૂમિકાઓની પ્રશંસા કરી હતી. આંધ્રપ્રદેશના વિકાસ સાથે જોડાયેલા મુદ્દા ઉપર પણ નાયડુએ રજૂઆત કરી હતી. કેન્દ્રની મોદી સરકારને ઘેરવા માટે ચંદ્રબાબુ નાયડુ પુરતી તૈયારી સાથે આવ્યા હતા. નાયડુએ બેઠકમાં સ્પષ્ટતા કરી હતી. નીતિશકુમારે પણ આજ મુદ્દો ઉઠાવ્યો હતો. ખાસ રાજ્યના દરજ્જા માટેની માંગણીને લઈને ટીડીપીએ એનડીએ સાથે છેડો કાડી લીધો હતો.

વિચાર વૈભવ...

નિર્ણય!

અમેરિકાની વાત છે. એક માણસ પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો. શિયાળાની સાંજનો સમય હતો.સ્ટ્રીટલાઈટ તો હતી. પણ બંને તરફના ઘટાદાર વૃક્ષોના કારણે વચ્ચે વચ્ચે રોડ પર સાવ અંધારું થઈ જતું હતું. રસ્તો નિર્જન અને સુમસામ હતો. અચાનક એ થોડે દૂર રોડની બરાબર બાજુની ઝાડીમાંથી કર્કશ અવાજ આવતો સંભળાયો. એ ધીમો પડી ગયો. ઝાડી નજીક જઈને ધ્યાનથી સાંભળ્યું તો અવાજ પરથી જાણે કોઈ બે જણ વચ્ચે ઝપાઝપી થતી હોય તેવું લાગતું હતું. કદાચ એમાંથી એક અવાજ કોઈ સ્ત્રીનો હતો. એના મોં પર કોઈએ હાથ દાબી રાખ્યો હોય અને એ બીજો પાડવાની કોશિશ કરી રહી હોય તેવો એ અવાજ હતો. એ માણસને ખાતરી થઈ ગઈ કે કોઈ સ્ત્રી પર હુમલો થઈ રહ્યો હતો. એ બિચારી પોતાની બચી જ રાખવાની પ્રતિક્રિયા કરી રહી હતી. એ ઝાડીમાં ઘૂસવા જ જતો હતો ત્યાં જ એને થયું કે પોતે શું કામ પોતાની જિંદગી જોખમમાં નાખવી? એ આવો વિચાર આવતાં જ એ માણસના પગ અટકી ગયા. બીજો વિચાર એને એવો આવ્યો કે નજીકના ટેલિફોન બૂથ પરથી ફોન કરીને પોલીસને જાણ કરી દેવી. પછી પોલીસને જે કરવું હોય તે કરે. પરંતુ એનું હૃદય અને વારંવાર કહેતું હતું કે આમ કોઈ ચોકડી અને વગાર સ્ત્રીને હેરાન થતી છોડીને જતાં રહેવું એ સારું તો ન જ કહેવાય. એનું મગજ વારંવાર એને ભાગી જવાનું કહેતું હતું. પરંતુ એનું હૃદય એને એમ કરવાની ના પાડતું હતું. પેલી સ્ત્રીનો વિરોધ હજી ધીમો પડી રહ્યો હોય તેવું લાગતું હતું. એ સ્ત્રી હવે થાકીને હારી જશે એવો વિચાર આવતા જ એ માણસે ત્યાંથી જતા રહેવાનો પોતાનો વિચાર માંડી વાળ્યો. એ પોતે કાંઈ મોટો સમરતબાજ કે કરાટે માસ્ટર નહોતો. છતાં જેવું એણે પેલી સ્ત્રીને મદદ કરવાનું નક્કી કર્યું કે તરત જ એનામાં અત્યંત હિંમત ભેળાઈ આવી. બધા વિચારો પડતા મૂકીને એ ઝડપથી પેલી ઝાડીમાં ઘુસ્યો. એક ત્રુટતોની ભોંય પર પછડીને એના પર સવાર થયેલ ગુંડાને એણે ભોંયીમાં પકડીને પછડી દીધો. બંને વચ્ચે થોડીવાર ઝપાઝપી થઈ. એ દરમિયાન નીચે પડેલી ત્રુટતી દોડીને એક ઝાડ પાછળ ભરાઈ ગઈ. આ માણસ ઝનૂનપૂર્વક ગુંડાનો સામનો કરી રહ્યો હતો. અચાનક તૂમ્બો થવાથી ગુંડો પણ ગભરાઈ ગયો હતો, એટલે એણે વધારે લડવાનું છોડી ત્યાંથી ભાગી જવાનું પસંદ કર્યું. એ માણસ ઊભો થયો. ધૂળ ખંખેરી પોતાના ફાટી ગયેલા કોટની બાંહોને ધૂજતા હાથે સરખી કરી થોડીક ક્ષણ હજી ભેલો ત્યારે એણે જોયું કે પેલી ત્રુતતી હજુ ઝાડના પાછળ ભરાઈને હીબકાં ભરતી હતી. એને વધારે ગભરાટ ન થાય એટલા માટે એણે ધૂજતી જ કહ્યું, 'બહેન! બેટા! હવે ગભરાશો નહીં. પેલો ગુંડો ભાગી ગયો છે. હવે તું બહાર આવી જા ઈશ્વરી હવે તું બિલકુલ સલામત છો' થોડીક ક્ષણો પૂરતી શાંતી છવાઈ ગઈ. પછી ધીમો, ધ્રૂજતો અવાજ આવ્યો, 'પપ્પા તમે કોણ? હું કોણ?'

અને એ સાથે જ ઝાડ પાછળથી નીકળીને એ માણસની પોતાની જ નાની દીકરી કોયલીન દોડીને એને વળગી પડી!

એક સરસ એસએમએસ:
Whenever you have to take a critical decision,
Always believe your heart,
Because:
Your heart may be in the left
But it is always right!

- ડો.આઈ.કે.વીજળીવાળા

જમ્મુ કાશ્મીર : ત્રાસવાદીઓ સામે તુટી પડવા સેનાને રાજનાથસિંહનો આદેશ

યુદ્ધવિરામ નહીં લંબાવવા નિર્ણય કરાયો

નવીદિલ્હી

જમ્મુ કાશ્મીરમાં હાલના દિવસોમાં વધી ગયેલી આતંકવાદી હિંસા અને પથ્થરબાજીની ઘટના બાદ લોકોના આક્રોશ વચ્ચે યુદ્ધવિરામની અવધિને નહીં લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે સેનાને ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવા છુટો દોર આપી દીધો છે. આના લીધે હવે સેના ત્રાસવાદીઓ સામે પહેલાની જેમ આકમક કાર્યવાહી કરશે. ભારત સરકારે રમઝાનના પવિત્ર મહિના દરમિયાન કાશ્મીરમાં યુદ્ધવિરામની જાહેરાત કરી હતી પરંતુ આ ગાળા દરમિયાન કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની સંખ્યામાં જંગી વધારો થયો હતો. ત્રાસવાદીઓએ સેનાને ટાર્ગેટ બનાવીને અનેક હુમલા કર્યા હતા. હાલના દિવસોમાં જ રાઈઝિંગ કાશ્મીરના એડિટર સુજાત બુખારીની હત્યા પણ કરવામાં આવી હતી. ત્યારબાદ જ કેન્દ્ર સરકારના આ નિર્ણયની વ્યાપક ટિકા થઈ રહી હતી. ઈદ બાદ દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં યુદ્ધવિરામને નહીં લંબાવવાનો આખરે નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે આ અંગેનો નિર્ણય કર્યો હતો. રાજનાથે કહ્યું હતું કે, રમઝાન દરમિયાન યુદ્ધવિરામના નિર્ણયની ચારેબાજુ પ્રશંસા થઈ હતી. મુસ્લિમ ભાઈઓ અને બહેનોએ શાંતિપૂર્ણરીતે રમઝાન મનાવવા માટે સુરક્ષા દળોને સરકારના નિર્ણય અમલી કરવામાં સફળતા મેળવી હતી. રાજનાથસિંહનું કહેવું છે કે, જમ્મુ કાશ્મીરની સાથે સાથે સમગ્ર દેશના લોકોએ આ નિર્ણયની પ્રશંસા કરી હતી. સામાન્ય લોકો માટે આ નિર્ણયથી રાહત થઈ હતી. એવી આશા હતી કે, દરેક વ્યક્તિ આ પહેલની સફળતાની ખાતરી કરશે. સુરક્ષા દળોએ આ અવધિના ગાળા દરમિયાન સંયમપૂર્વકની કાર્યવાહી કરી હતી જ્યારે ત્રાસવાદીઓએ હુમલા જારી રાખ્યા હતા. આના લીધે મોત અને ઘાયલોની સંખ્યા વધી ગઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું છે કે, હવે યુદ્ધવિરામના ગાળાને લંબાવવામાં આવી રહ્યો નથી જેથી સેના ત્રાસવાદીઓ સામે પોતાની રીતે કાર્યવાહી કરવા માટે સ્વતંત્ર છે.

મોદીના નેતૃત્વમાં નીતિ આયોગની મહત્વની બેઠક

ગુજરાતે દરેક વર્ગને યોજનાના લાભો આપ્યા : વિજય રૂપાણી

અમદાવાદ

નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ચોથી ગવર્નીંગ કાઉન્સીલની બેઠકમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા. રૂપાણીએ ઈનોવેટીવ અને પાથ બ્રેકીંગ ઈનિશિયેટીવ્સના કારણે છેલ્લા દોઢ દાયકામાં ગુજરાતે સાધેલી પ્રગતિની જાણકારી આપી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નીતિ આયોગની ચોથી ગવર્નિંગ કાઉન્સિલ બેઠકમાં ભાગ લેતા સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિવિધ સમાજકલ્યાણ યોજનાઓનું અસરકારક અમલીકરણ કરીને સમાજના અંતિમ વ્યક્તિ સુધી તેના લાભ

રાજ્ય સરકારે સુપરે પહોંચાડ્યા છે. આ બેઠકમાં વિજય રૂપાણીએ કહ્યું હતું કે, પાછલા દોઢ દાયકામાં ગુજરાતના કૃષિ વિકાસ દરમાં ડબલ ડિઝિટની વૃદ્ધિ થઈ છે. રાજ્ય સરકારની જીએસએસની અને જીએનએફસી જેવી ફર્ટિલાઈઝર ઉત્પાદક કંપનીઓ ખેડુતોને ખાતરનો યોગ્ય ઉપયોગ કરવા માટે જે માર્ગદર્શન આપી રહી છે તેને પરિણામે ઓછા ખાતરના ઉપયોગથી મહત્તમ ખેત ઉત્પાદન મેળવી શકાયું છે. સોઈલ હેલ્થ કાર્ડ આપીને તેમની જમીનની ગુણવત્તાની જાણકારી વ્યાપકરૂપે અપાઈ છે એટલું જ નહીં માઈક્રો ઈરીગેશન માટે સબસિડી પણ સરકાર આપે છે. સુજલ સિંચાઈ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં ૪૧ લાખ એકર કરતા વધુ ખેતીલાયક જમીનને લાભ આપવામાં આવ્યો છે. સામાન્ય અને સીમાંત ખેડુતોને ૭૦ ટકા અને અનુસુચિત જાતિ-જનજાતિના ખેડુતોને ૮૫ ટકા સુધી આર્થિક મદદ આપવામાં આવે છે. આ સાથે ખેડુતોને શૂન્ય વ્યાજ દરે કૃષિ ધિરાણ ઉપલબ્ધ કરાવી છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૪૯૦૦ કરોડના મૂલ્યની લગભગ ૧૦ લાખ ૭૫ હજાર મેટ્રિક ટન મગફળી, કપાસ, રાયડો, ચણા અને તુવેર દાળને લઘુત્તમ ટેકાના ભાવે ખરીદ કરવામાં આવ્યા છે.

વોડાફોન અને આઈડિયાના મર્જરને આજે મંજુરી મળશે

દૂર સંચાર વિભાગ ઘણી ખાતરી લેશે

નવી દિલ્હી

કોર્પોરેટ જગતમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે વોડાફોન ઈન્ડિયા અને આઈડિયા સેલ્યુલરની મર્જર યોજનાને દૂરસંચાર વિભાગની મંજુરી આવતીકાલે મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મર્જર બાદ કંપનીનું નામ વોડાફોન આઈડિયા લિમિટેડ થશે અને વર્તમાન ગ્રાહકોની સંખ્યાની દ્રષ્ટિએ આ દેશની સૌથી મોટી મોબાઈલ દૂરસંચાર સેવા બની જશે. સત્તાવાર સુત્રોના કહેવા મુજબ વોડાફોન-આઈડિયાના મર્જરને દૂરસંચાર વિભાગની આવતીકાલે મંજુરી મળી શકે છે. બંને કંપનીઓના મર્જર બાદ આજની દ્રષ્ટિએ હિસાબ કરવામાં આવે તો નવી કંપનીની સંયુક્ત આવક ૨૩ અબજ ડોલર અથવા તો ૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધારે થઈ જશે. તેના ગ્રાહકોનું નેટવર્ક ૪૩ કરોડ થઈ જશે. આવી જ રીતે તે દેશની સૌથી મોટી કંપની બની જશે. આ વધી ગયેલી તાકાતના પરિણામ સ્વરુપે બંને કંપનીઓને બજાર સ્પર્ધાથી સામનો કરવામાં મદદ મળશે. નવી કંપની રિલાયન્સ જીઓની એન્ટ્રી બાદ ટેલિકોમ બજાર આકર્ષક પેકેજ આપીને ગ્રાહકોને તોડવાની જોરદાર સ્પર્ધામાંથી પસાર થઈ રહ્યું છે. આના પરિણામ સ્વરુપે મોબાઈલ ઈન્ટરનેટ અને કોલ સેવાઓના દર ખુબ ઓછા થઈ ગયા છે. મર્જર થયા બાદ બંને કંપનીઓ ઉપર આ સમયે દેવાનું સંયુક્ત ૧.૧૫ લાખ કરોડ રૂપિયા રહેશે. મર્જર યોજનાને મંજુરી માટે આદિત્ય બિરલા ગ્રુપની કંપની આઈડિયા સેલ્યુલર પાસેથી બેંક ગેરંટી લેવામાં આવશે. આ ઉપરાંત કંપનીને એવો વિશ્વાસ પણ આપવો પડશે કે બ્રિટનના વોડાફોન ગ્રુપની કંપની વોડાફોન ઈન્ડિયા ઉપર કોઈ દેવું નિકળે છે તો તેની જવાબદારી આઈડિયાને પૂર્ણ કરવી પડશે. દૂરસંચાર વિભાગ આઈડિયા સેલ્યુલરના સ્પેક્ટ્રમ ના ચાર્જ માટે ૨૧૦૦ કરોડ રૂપિયાની બેંક ગેરન્ટી માંગી શકે છે. આ ઉપરાત તેને એવો વિશ્વાસ પણ અપાવવો પડશે કે તે કોર્ટના આદેશ મુજબ સ્પેક્ટ્રમ સંબંધિત તમામ બાકી રકમોનો ઉકેલ લાવશે. સ્પેક્ટ્રમ ચાર્જ ટુકડેટુકડામાં ચુકવવા માટે વોડાપોન ઈન્ડિયાની એક વર્ષની બેંક ગેરંટીની જવાબદારી પણ આઈડિયાને લેવી પડશે. સુત્રોના કહેવા મુજબ દૂરસંચાર વિભાગ બંને કંપનીઓથી એવું વચન પણ લેશે કે કોર્ટમાં પેન્ડિંગ રહેલા મામલાથી ઉભી થયેલી કોઈપણ સ્થિતિ અથવા તો દેવાની ચુકવણી કરવામાં આવશે.

ટ્રેડ વોરની સ્થિતિની વચ્ચે દલાલ સ્ટ્રીટમાં પ્રવાહી સ્થિતિના એંધાણ

મુંબઈ

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં ઉતારચઢાવની સ્થિતિ રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. વૈશ્વિક ટ્રેડ વોરની સ્થિતિ વચ્ચે કારોબારીઓ હાલ સાવધાન રહી શકે છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરિયન નેતા કિમ જોંગ વચ્ચે યોજાયેલી બેઠક અને આ બેઠકમાં નિશસ્ત્રીકરણ માટે કરવામાં આવેલી સમજૂતિ બાદ છેલ્લા સપ્તાહમાં તેજી રહી હતી. બીજી બાજુ અમેરિકાએ ચીન ઉપર જંગી ટેરિફ લાગૂ કરવાની જાહેરાત કરી છે. આના કારણે કારબારીઓમાં નિરાશા રહી શકે છે. દલાલ સ્ટ્રીટમાં યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજદર વધારવાના નિર્ણયની કોઈ અસર દેખાઈ નથી. છેલ્લા સપ્તાહમાં એનએસઈ ઈન્ડેક્સ ૦.૪૨ ટકા સુધરીને બીએસઈમાં સાપ્તાહિકરીતે ૦.૫૦ ટકાનો ઉછાળો રહ્યો હતો. ટ્રેડવોરની સ્થિતિ, ઈસીબીની બેંક, બેંક ઓફ ઈંગ્લેન્ડની બેઠક, નવા આઈપીઓ જેવા પરિબળોની બજાર ઉપર અસર રહી શકે છે. ચીની આયાત ઉપર ટ્રમ્પે ગયા સપ્તાહમાં જ પ્રતિબંધ લાદ્યો હતો. જેથી ટ્રેડવોર બે સૌથી મોટી આર્થિક સત્તા વચ્ચે શરૂ થયો છે. ભારત સરકારે પણ અમેરિકાના પગલાના જવાબમાં ૩૦ વસ્તુઓ ઉપર આયાત ટેરિફમાં વધારો કરી દીધો હતો. માર્ચ મહિનામાં એલ્યુમિનિયમ અને સ્ટીલની આયાત ઉપર અમેરિકાએ વધારાના ટેરિફ લાગૂ કરવાના નિર્ણય બાદ ભારત સરકારે આ કાર્યવાહી કરી હતી.

દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદથી માહોલ ગુલાબી

વરસાદથી નવી આશા જાગી : અમદાવાદમાં પારો હજુ પણ ૪૦.૭

અમદાવાદ

દક્ષિણ ગુજરાતમાં આજે અનેક ભાગોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો જેથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. લોકોને રાહત મળી હતી. વહેલી સવારથી જ વલસાડ જિલ્લામાં ભારે વરસાદ થયો હતો. રાજ્યના જે વિસ્તારમાં આજે ધોધમાર વરસાદ થયો હતો તેમાં સાપુતારા, વાપી, નવસારી, સુરત, ભરુચનો સમાવેશ થાય છે. સૌથી વધુ વલસાડ જિલ્લામાં વરસાદ થયો હોવાના અહેવાલ મળી રહ્યા છે. સુરત શહેરમાં પણ હળવા વરસાદી ઝાપટા પડી રહ્યા છે. વરસાદના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી રહી છે. છેલ્લા ઘણા દિવસથી વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ હવામાનમાં પલટો આવ્યો હતો અને વરસાદી ઝાપટાની શરૂઆત થઈ હતી. નવસારી જિલ્લામાં પૂળની ડમરીઓ સાથે વાતાવરણમાં પલટો આવ્યા બાદ વરસાદ શરૂ થયો હતો. હવામાન વિભાગ તરફથી આગામી પાંચ દિવસ દરમિયાન હળવાથી મધ્યમ ઝાપટા જારી રહેવાની આગાહી કરવામાં આવી છે.

મોનસુનને લઈને ચિંતા પ્રવર્તી રહી હોવા છતાં મોનસુનની વિધિવત એન્ટ્રી થઈ રહી નથી. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, હળવા વરસાદી ઝાપટા સાથે આંશિક વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી રહેવાની શક્યતા છે. રાજ્યભરમાં સૌથી વધુ ગરમીનો અનુભવ આજે પણ અમદાવાદમાં જ થયો હતો જ્યાં પારો ૪૦.૭ ડિગ્રી રહ્યો હતો.

નીતીશકુમાર ભાજપનો સાથ છોડે તો મહાગઠબંધનમાં સામેલ કરવા પર વિચાર : કોંગ્રેસ

પટણા

નીતીશકુમારને લઈ કોંગ્રેસના વલણમાં ખુબ નરમી જોવા મળી રહી છે.કોંગ્રેસે કહ્યું છે કે જો બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર ભાજપનો સાથ છોડવાનો નિર્ણય કરે છે તો તેમને મહાગઠબંધનમાં પાછા લાવવા માટે તે સાથી પક્ષોની સાથે વિચાર કરશે. કોંગ્રેસનું આ નિવેદન તે સમયે આવ્યું છે જ્યારે તાજેતરના દિવસોમાં આગામી લોકસભા ચુંટણીમાં બેઠકોની તાલમેલના સંદર્ભમાં જદયુ અને ભાજપ વચ્ચે કેટલોક વિરોધાભાષી નિવેદન આવ્યું છે જેને કારણે એ અટકળો લગાવવામાં આવી રહી છે કે બંન્ને પક્ષો વચ્ચે બધુ બરાબર નથી. કોંગ્રેસના બિહારના પ્રભારી શક્તિસિંહ ગોહિલે રામવિલાસ પાસવાન અને ઉપેન્દ્ર કુશવાહાનો ઉલ્લેખ કરતાં એ દાવો પણ કર્યો કે બિહારમાં આ સામાન્ય ધારણ બની ચુકી છે કે નરેન્દ્ર મોદી સરકાર પછાત અને અતિપછાત વર્ગોની વિરૂધ્ધ છે. આવામાં પછાત અને અતિપછાતની રાજનીતિ કરનારાઓની પાસે ભાજપનો સાથ છોડવા સિવાય કોઈ બીજો વિકલ્પ નથી તેમણે એ પણ કહ્યું કે ભાજપની વિરૂધ્ધ રાષ્ટ્રીય સ્તર પર બનનાર ગઠબંધનનું નેતૃત્વ સ્વાભાવિક રીતે કોંગ્રેસની પાસે હશે અને આગામી લોકસભા ચુંટણીમાં દેશની જનતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં નરેન્દ્ર મોદીને હરાવશે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા ગોહિલે કહ્યું કે હજુ નીતીશકુમાર ફાસીવાદી ભાજપની સાથે છે. અમને ખબર નથી કે તેમની શું મજબુરી છે કે તેમની સાથે ચાલ્યા ગયાં બંન્નેનો સાથ મેમેલ છે.

સૂર્યોદય - પ.૫૫ સૂર્યાસ્ત - ૭.૨૭

તિથિદર્શન

જેઠ સુદ-૫ સોમવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ : પાંચમ સોમવાર નક્ષત્ર:મઘા રાત્રે ૨.૪૮ પછી પૂર્વફાલ્ગુની યોગ :હર્ષ કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું યાત્રોકત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

મંત્રો યોધ ઈવાધીરઃ
સર્વાગે! સંવૃતેરપિ
ચિરં ન સહતે સ્થાતું
પરેભ્યો ભેદશંકયા

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણ 'રાજનીતિ'માંથી લેવામાં આવ્યો છે. એમાં સંદેશ છે કે રાજ-કારણમાં સત્તાધીશને વિરોધપક્ષની કોઈ પણ 'ગુપ્ત' વાત સદાય ગુપ્ત રહેતી નથી, ફૂટી જ જાય.

જેમ બધાં અંગો પર સારી રીતનું મજબૂત ઢંકાયેલું લોખંડી બખ્તર હોય, શત્રુજનો પોતાને મારી નાખશે, એ શંકાથી નબળા સ્વભાવનો અધીર યોદ્ધો રણભૂમિ પર લાંબો વખત રહેતો નથી અને ગમે તે બહાને રણભુમિમાંથી છટકી જાય છે, એવી જ રીતે, બધા પ્રકારના અંગે- સ્તરોથી સારી રીતે (સમજવટ પાક- ધમકીથી) ગુપ્ત વાત, રહસ્યો ઢાંકી રાખવાની યોજના, સૂચન આપવામાં આવી હોય લાંબો વખત સુધી "ગુપ્ત" રહેતી નથી, અર્થાત્ ફૂટી જ જાય, ઉઘાડી પડી જ જાય છે.. નેહરુ અને લંડનની મહારાણી, ગાંધીજીના બ્રહ્મચર્યના પ્રયોગો, તિવારી જેવા રાજકારણીઓની લીલા એના આ યુગના દષ્ટાંત- સત્ય તો પ્રજા સમજે જ છે, પછી કોર્ટ- તપાસો ભલે 'ક્લીન ચિટ' આપી દે... આજે પણ ગોધરાકાંડ થયો અને એના પછી જેકંઈ થયું તેના ઈરાદા અને અમલીકરણ, એન્કાઉન્ટરો- ખૂન- ખરાબા- સોપારીઓ માટે મંત્રીઓ- પોલીસ અધિકારી બધા જ એ રહસ્યને ઢાંકી રાખનારા 'લોખંડી બખ્તર' જેવા મજબૂત સંરક્ષકો હોવા છતાંય હરેન પંડ્યા અને તુલસી, અને પેલી બાનુની હત્યાઓના સાચા ગુનેગાર મળે ન મળે છતાં તેના પાછળ ઈરાદા અને રહસ્યો પ્રજા સુધી પહોંચી જાય છે અને અંદરોઅંદરથી 'ગુપ્ત' વાત ફૂટે છે, પછી ભલે ને કર્તા નિર્દોષ- 'ક્લીન ચિટ' મેળવી લે, અંતે તે વાત- રહસ્ય- મંત્ર ઉઘાડી પડી જ જાય છે.

મંજુરી વગર દવા વેચનાર ઉપર કાર્યવાહીની તૈયારી

મુંબઈ

માર્કેટમાં હાલના દિવસોમાં મોટી સંખ્યામાં મંજુરી વગરની દવાઓ વેચવામાં આવી રહી છે. હવે કેન્દ્ર મોટી ફાર્મા કંપનીઓ દ્વારા મંજુરી વગર વેચવામાં આવી રહેલી દવાઓ ઉપર ટ્રેક સમયમાં જ કાર્યવાહી કરવાની તૈયારીમાં છે. કેન્દ્ર સરકાર એવી કંપનીઓ ઉપર સકંજો મજબૂત બનાવશે જે ક્લિનિકલ ટ્રાયલ વગર અને મંજુરી વગર દવાઓ વેચે છે. ઈમરજન્સી કોન્ટ્રાસેપ્ટીવ, એન્ટી ઓબેસીટ અને ફર્ટીલીટી ફોર્મ્યુલેશન જેવી દવાઓનું વેચાણ કરી રહી છે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટમાં આ સુધારો લાવવામાં આવશે જેના લીધે કંપનીઓ દ્વારા દવાઓની ગુણવત્તાની ખાતરી કરવામાં આવશે. સાથે સાથે મોટી ફાર્મા કંપનીઓના લેબલ સાથે વેચવામાં આવશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય

અનુસંધાન પાના નં.૬

આજનો દિન મહાન

- યશવંત કડીકર

અંગ્રેજ લશ્કરની ઊંઘ હરામ કરી દેનાર અને સર હ્યુરોઝ જેવા અંગ્રેજ સેનાપતિના નાકે દમ લાવી દેનાર ઝાંસીની મહારાણી વરાંગના લક્ષ્મીબાઈની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૧૯-૧૧-૧૮૩૫ ના રોજ કાશીમાં થયો હતો. તેમણે ૧૮૫૭ના સંગ્રામની આગેવાની લીધી. તેઓ નાનાસાહેબ પેશ્વા અને તાત્યાટોપેને મળ્યા. રોઝને પરાજિત કરી આલિયરનો મોરાર કિલ્લો જીતી લીધો. અહીં પણ અંગ્રેજ સેનાથી ઘેરાઈ ગયેલા રાણી પીઠ પર કુંવરને બાંધી બે હાથમાં તલવાર અને મોંમા ઘોડાની લગામ રાખી બહાદૂરપૂર્વક લડયા. પરંતુ આખરે ઝખમી થઈને સદાને માટે ઢળી પડયા. આ બાવીસવર્ષની યુવાન રાણીનું તા. ૧૮-૬-૧૮૫૮ના રોજ વીરાંગનાનો છાજે એવું મૃત્યું થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રમેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેધ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થની કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

આપનું અઠવાડિયું કેવું જશે ?

મેષ

આ સપ્તાહ દરમિયાન હિમ્મત આવે, દ્રઢતા અને મક્કમતા કેળવવી. સ્વાસ્થય બાબતે કાળજી રાખવી હિતાવહ. માનસિક સ્વાસ્થય જાળવી રાખશો તો પરિસ્થિતિ સાનુકૂળ રહેશે. નાણાંકીય મુંઝવણ અનુભવાય. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાત વર્ગને લાભ મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. તક ઝડપી લેવી હિતાવહ. કૌટુંબિક પ્રશ્નોને કારણે મન અશાંત રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે. તેનો સહકાર પ્રાપ્ત થાય.

વૃષભ

આ સપ્તાહ દરમિયાન માનસિક બેચેની, ઉત્પાત, અજંપો વર્તાય. આત્મવિશ્વાસ કેળવવો તેમજ તમારા વિચાર અને સિધ્ધાંતોને વળગી રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી હાથવશ ન મળતા ઉઢેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વકનું સહનશીલતા સભર વર્તન રાખવું હિતાવહ. સંતાનોથી સારૂં રહે. ઋતુગત બિમારીઓ સાવધ રહેવું. તેમજ ખાવા-પીવામાં કાળજી રાખવી હિતાવહ.

મિથુન

આ સમય દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એકબાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે તેથી નાણાંભીડ અનુભવાય. નોકરીક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકાય નહીં. વિરોધીઓના કારણે વિઘ્ન આવે. વેપાર-ધંધા ક્ષેત્રે સંઘર્ષમય સ્થિતિ રહે. દાંપત્ય જીવનમાં સાનુકૂળ અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે.

કર્ક

આ સપ્તાહ દરમિયાન આકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે, મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવો. નાણાંકીય જવાબદારીઓ વધે, આવક કરતા ખર્ચ વધી જાય. આ સમય દરમિયાન નાણાંનું રોકાણ કરવું નહીં કે મોટા સાહસિક કાર્યમાં ન પડવું. નોકરીયાત માટે આ સમય સારો ગણાવી શકાય. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો અને સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે, જીવનસાથીનો સહકાર મળે.

સિંહ

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અને બેચેની અનુભવાય. મનને પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું. ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ, ઉપરી અધિકારીથી ચકમક ઝરે, મિલ્કતો અંગેના પ્રશ્નો યથાવત રહે, ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય, આરોગ્ય એકંદરે સારૂં છતાં પણ બેચેની રહે.

કન્યા

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકો. તેમાં સફળતા મળે જેથી મનમાં આનંદ ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય મુંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય, વિરોધીઓના હાથ હેઠા પડે, નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થી જીવનમાં સંવાદિતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને.

તુલા

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે, નવિન તકો મળે તે વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડીક ગૂંચવાય, ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારું કાર્ય અટકે નહીં. નોકરી-ધંધાક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું હિતાવહ.

વૃશ્ચિક

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો, આત્મવિશ્વાસમાં વધારો થાય. ધંધા-વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટેનું આયોજન થાય. નોકરીયાત માટે સારૂં રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. વદ્ધતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓને કારણે વિઘ્ન આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુઈ વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય. તબિયત જાળવવી હિતાવહ.

ધન

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે, અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિં તો ગૃહજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાદારી કાર્યો પાર પડે. ખર્ચ વધે. નોકરીયાત વર્ગ માટે સમય સાનુકૂળ છે. ઉપરી અધિકારીવર્ગનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીના પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાંડુની મદદ મળે, જીવનસાથી સાથે સમજદારી ભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. આરોગ્ય એકંદરે સારૂં રહે.

મકર

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી અનુભવાતી બેચેની, અશાંતિ દૂર થાય. આર્થિકક્ષેત્રે સમય સાનુકૂળતાસભર છે. વધારાની આવક ઊભી કરી શકાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલી અંગેના પ્રશ્નો હલ થાય. દાંપત્યજીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે. અલબત્ત ઋતુગત બિમારીઓથી સંભાળવું હિતાવહ.

કુંભ

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચામાં થોડો વધારો થતા નાણાંકીય મુંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત વર્ગ માટે શુભ સમય. સમાધાનકારી વલણ અપનાવું. દાંપત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકારભર્યું વાતાવરણ રહે. આરોગ્ય સારૂં રહે.

મીન

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય. મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂર્ષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત માટે મિશ્ર સમય, વાણી સંયમ રાખવો અથવા ન બોલવામાં નવ ગુણ જેવી પરિસ્થિતિ રહે. ગૃહસ્થીજીવનમાં મતભેદ ન સર્જાય તે જોવું. આરોગ્ય જાળવવું હિતાવહ. ખાવા-પીવામાં કાળજી, નિયમિતતા રાખવી જરૂરી.

- કનકચંદ્ર સી. વ્યાસ

મહંતશ્રી કે.ડી.આદર્શ હાઈસ્કુલ-રામપુરામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

તા:૧૪/૬/૨૦૧૮ ના રોજ મહંતશ્રી કે.ડી.આદર્શ હાઈસ્કુલ રામપુરામાં ગામની તમામ પ્રાથમિક શાળાઓ, આંગણવાડી તથા માધ્યમિક શાળાનો પ્રવેશોત્સવ યોજાયો હતો.

પ્રવેશોત્સવનું અધ્યક્ષ સ્થાન રામપુરા મઠના મહંતશ્રી તથા સંસ્કાર મંડળ રામપુરાના પ્રમુખ પૂ.રૂપપુરીજી મહારાજે શોભાવ્યું હતું. આ કાર્યક્રમમાં ભા.જ.પ. અગ્રણી નરેશભાઈ ટાંક (જિ.પં.સદસ્ય), અમૃતભાઈ માળી, ફુલાજી માળી, તાલુકા પંચાયત સદસ્ય કપુરજી ખદાવ સંસ્કાર મંડળ રામપુરાના કારોબારી સદસ્ય જગમાલભાઈ દેસાઈ, અણદાજી નેણા, થાનાજી હરીયાળ, સી.આર.સી. અશોકભાઈ પંચાલ, દિનેશભાઈ જાબડીયા, રામપુરાના સરપંચ કેશાજી નેણા, લાલુભાઈ દેસાઈ, પ્રા.શાળાના આચાર્યો, શિક્ષકો તથા મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નૂતન પ્રવેશ પામનાર બાળકોનું મહેમાનોના વરદ હસ્તે કુમકુમ અક્ષતથી સ્વાગત કરવામાં આવ્યું હતું. રામપુરા હાઈસ્કુલ તથા પ્રાથમિક શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા.

પૂ.રૂપપુરીજી મહારાજ, હાઈસ્કુલના આચાર્ય જે.એચ. દવે તથા અન્ય મહાનુભાવોએ બાળકોને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ આપી હતી. કાર્યક્રમના અંતે શાળા પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંગીતાબેન ત્રિવેદીએ તથા આભારવિધિ એમ.વી.ગુર્જર કરી હતી.

બાપલા હાઈસ્કૂલમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ યોજાયો

રમેશ.બી.તીરગર.

પ્રતિનિધિ બાપલા

ધાનેરાતાલુકાના બાપલા ખાતે આવેલ શ્રી મહર્ષિ કણ્વ અભિનવ વિદ્યાલય માં આજરોજ કન્યા કેળવણી અને શાળાના બાળકોને પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો .જે પ્રસંગે ધાનેરાના માજી ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ ,રેસાભાઈ પટેલ ,આર .એફ.ઓ. સુપ્રિડેંટ,બાપલા હાઈસ્કુલના આચાર્ય શંકરભાઈ પટેલ , પ્રાથમિક શાળા ના આચર્ય અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા .અને સ્કૂલમાં નવીન પ્રવેશ લેનાર બાળકોને પ્રોસાહિત કર્યા હતા. બાપલા પ્રાથમિક શાળા ની બાલિકાઓ ધ્વારા સ્વાગત ગીત ગાઈ મહેમાને આવકર્યા હતા અને હાઈસ્કૂલની બાલિકાઓ દ્વારા બેટી ભણાવો બેટી બચાવો ,સ્વછતા અભિયાન અને વૃક્ષોનું જતન કરતુ નાટક યોજવામાં આવ્યું હતું .તેમજ ધાનેરબૂના માજી પરાસભ્ય ધ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

શાળા પ્રવેશોત્સવનું સફળ સંચાલન હાઈસ્કૂલના આચાર્ય શંકરભાઈ પટેલ ધ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રવિણભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી.

નવાવાડજ ધાર્મિક અને કેળવણી ટ્રસ્ટ તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

વિનોદ ભાંડીવાલા

ડીસા

શ્રી નવાવાડજ ધાર્મિક અને કેળવણી ટ્રસ્ટ, અમદાવાદમાં ધોરણ:૧૦ માર્ચ ૨૦૧૮ માં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું ગુજરાત સરકારના મંત્રી કીશિકભાઈ પટેલના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જે પૈકી નવા વાડજમાં રહેતા કાનુડાવાલા આર્ય હેમંતભાઈનું પણ એસ.એસ.સી. ૨૦૧૮ ની પરીક્ષામાં ૯૪ ટકા માર્કસ મેળવવા બદલ મંત્રીના હસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કર્યા હતા. ડીસા મોટી સમાજનું ગૌરવ વધારેલ છે. આર્યકુમાર જેઓ ડીસાના વતની હેમંતકુમાર રસિકલાલ કાનુડાવાલા સુપુત્ર છે.

ડ્યુટીમાં એક રૂપિયાના કાપથી ૧૩૦૦૦ કરોડનું નુકસાન થશે

નવી દિલ્હી

રેટિંગ એજન્સી મૂડીએ ચેતવણી આપતા કહ્યું છે કે, પેટ્રોલ અને ડીઝલ ઉપર એક્સાઇઝ ડ્યુટીમાં કોઈપણ ઘટાડો ફિસ્કલ રેકિસિટમા આંકડા ઉપર ખુબ માઠી અસર કરી શકે છે. આના પરિણામ સ્વરુપે સરકાર સામે અનેક નવા પડકારો ઉભા થઈ જશે. રેટિંગ એજન્સીનું કહેવું છે કે, પેટ્રોલ અને ડીઝલ ઉપર એક્સાઇઝ ડ્યુટીમાં દરેક એક રૂપિયાના ઘટાડાથી ૧૩૦૦૦ કરોડ રૂપિયાનું મહેસુલી નુકસાન સરકારને પડશે. આવી સ્થિતિમાં આ સીથી મોટો પડકાર રહેશે. મૂડીના કહેવા મુજબ ભારત સામે સૌથી મોટો પડકાર તેની ફિસ્કલ મજબૂતી સાથે જોડાયેલો છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, પેટ્રોલ અને ડીઝલ ઉપર એક્સાઇઝ ડ્યુટીમાં કાપ મારફતે રેવેન્યુમાં કોઈપણ પ્રકારનો ઘટાડો મોટી સમસ્યા સર્જી શકે છે. ફિસ્કલ કન્સોલીડેશનને હાસલ કરવાના હેતુસર ખર્ચમાં કોઈપણ પ્રકારનો ઘટાડો સમસ્યા સર્જી શકે છે. મૂડીએ ગયા વર્ષે રેટિંગને લઈને ભારત માટે ખુબ સારી વાત કરી હતી. સ્ટેબલ આઉટલુક સાથે ગ્રેડ આપ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

કુંભારખા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

કુંભારખા પ્રાથમિક શાળામાં એચ.ડબલ્યુ.ચરીતન ઔદ્યોગિક અને ખાણ ખનીજ વિભાગના અધ્યક્ષ સ્થાને યોજાયો. કુંભારખા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો જેમાં બાલમંદિરમાં ૧૮ બાળકોને પ્રવેશ અપાયો અને પ્રાથમિકમાં ૨૪ બાળકોને અને માધ્યમિક સ્કૂલમાં ૧૫ બાળકોને પ્રવેશ અપાયો કુંભારખા પ્રાથમિક શાળાના મહેમાનો પુસ્તક આપીને સ્વાગત કરાયું હતું દિપ પ્રાગ્વટ્વા કરી બાળકો પ્રવેશ અપાયો હતો શાળાની બાળાઓ દ્વારા મહેમાનોને સ્વાગત ગીત દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું યોગા સેન કરવામાં આવ્યા હતા વૃક્ષારોપણ કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક શાળાઅનેમાધ્યમિક સ્કૂલ માં પહેલો નંબર લાવનાર બાળકો ઈનામ અપાયો હતો ધોરણ૧ પ્રવેશ લેનાર બાળકોની એસએમસી દ્વારા સ્કુલબેગ સ્લેટ પેન બોલપેન પેંસિલ વગેરે આપવામાં આવ્યો હતો આ પ્રસંગે હાજર રહેલ અધિકારીઓ એચ.ડબલ્યુ.ચરીતન ઔદ્યોગિક અને ખાણ ખનીજ ના સેક્રેટરી હરપાલસિંહ ઝાલા સી.આર.સી રડકા હંસાબેન પંડ્યા સિદ્રીપીએ સુઈગામ શાળાના આચાર્ય અને સ્ટાફ દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું મોટી સંખ્યામાં ગામ લોકો અને બાળકો હાજર રહ્યા હતા.

લુદરા પે.કેન્દ્ર શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો

પ્રતિનિધિ લુદરા

દિયોદર તાલુકાની લુદરા પે. કેન્દ્ર શાળામાં તા. ૧૫/૬/૨૦૧૮ ના રોજ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન દિયોદર તાલુકા વિકાસ અધિકારી, તાલુકા ઉપપ્રમુખ બળવંતજી ઠાકોર, સરપંચ પીરાજી ઠાકોર, પૂર્વ ડેલગેટ દેહળાજી ઠાકોર, વિસ્તરણ અધિકારી હીરાભાઈ, સીઆરસી સોમાભાઈ ઉપાધ્યાય ની ઉપસ્થિતિમાં આંગણવાડી તથા પો.૧ ના બાળકોને શાળામાં પ્રવેશ અપાયો હતો. શાળાના આચાર્ય અજીતભાઈ પરમારે સૌને આવકાર્યા હતા.

લોકનિકેતન વિનય મંદિર પાડણમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી

વિષ્ણુ પરમાર

તા પ્રતિ. વાવ

તા.૧૪/૦૬/૨૦૧૮ ના રોજ સુઈગામ તાલુકાના પાડણ મુકામે લોકનિકેતન વિનય મંદિર સંસ્થામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે જિલ્લા ખેતી વિસ્તરણ અધિકારી બી.એન પટેલ તેમજ સી.આર.સી જેલાણા, પાડણ ગ્રામ પંચાયત સરપંચ ભરતસિંહજી ગોહિલ, પૂર્વ તા.પં.પ્રમુખ પીરાભાઈ ગામોટ જિલ્લા સદસ્ય રાંમજીભાઈ રાજપૂત (પૂર્વ તા.પં. સદસ્ય)ની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય અશ્વિનભાઈ દ્વારા શાબ્દિક પ્રવચન કરી સૌને આવકારવામાં આવ્યા હતા.

શાળામાં નવીન પ્રવેશ લીધેલ બાળકોને આવકારવામાં આવ્યા તેમજ પુસ્તક-સેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળામાં વાલીગણે, પ્રા.શાળાના આચર્ય રામજીભાઈ રબારી, સરકારી ઉ.મા.શાળાના આચાર્ય વર્ષભિન તેમજ સમગ્ર સ્ટાફે વિશેષ હાજરી આપી હતી. કાર્યક્રમના અંતમાં તમામ બાળકોને પાડલ ગ્રામ પંચાયત સરપંચ ભરતસિંહજી ગોહિલ તરફથી નાસ્તો આપવામાં આવ્યો હતો.

વટવામાં અસામાજિક તત્વોનો તોડફોડ કરી રીતસરનો આંતક

અમદાવાદ

શહેરના વટવા વિસ્તારમાં ગુનેગારો બેફામ બન્યા છે. અસામાજિક તત્વોએ વટવાના સદભાવના આવાસમાં શનિવારે સાંજે બાઈક ધીમી ચાલવવાનું પાડોશીએ કહેતા ૧૦ જેટલા અસામાજિક તત્વોએ લાકડીઓ વડે આવાસ યોજનામાં તોડફોડ કરી જોરદાર આંતક મચાવ્યો હતો. જેને પગલે વિસ્તારમાં તોડફોડ અને મારામારીના યુપી બિહાર જેવા દ્રશ્યો સર્જાયા હતા. શાંત કહેવાતા ગુજરાતની આર્થિક રાજધાનીના મારામારીના દ્રશ્યોના વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી ગઈ હતી. સમગ્ર મામલા અંગે વટવા પોલીસે રાયોટિંગનો ગુનો દાખલ કરી છ અસામાજિક તત્વોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના વટવા વિસ્તારમાં આવેલા ગરીબ આવાસ યોજનામાં રહેતા સલમાબેનની પુત્રી અને તેમનો દિયર નીચે રમી રહ્યા હતા. તે સમય દરમિયાન પાડોશમાંજ રહેતા છોકરાઓ પુરઝડપે બાઈક ચાલવીને આવ્યા હતા. ત્યારે સલમાબેને આ શખ્સોને બાઈક ધીમે ચલાવવાનું કહ્યું હતું અને આવી રીતે આટલુ સ્પીડમાં બાઈક ચલાવો તો કોઈ ગંભીર અકસ્માત સર્જાય અને કોઈ જાનહાનિ થાય તેવી શીખ આપી હતી, જેને પગલે બાઈકચાલક શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને થોડીવાર બાદ દસ જેટલા માથાભારે અસામાજિક તત્વો ત્યાં આવી ગયા હતા અને શીખ આપનાર મહિલા સહિતના સ્થાનિક રહીશોમાં ધાક બેસાડવાના આશયથી ગરીબ આવાસ યોજનામાં લાકડીઓ વડે તોડફોડ કરી હતી અને પથ્થરમારો ચલાવ્યો હતો. અસામાજિક તત્વોએ આડેધડ અને બેફામ રીતે કરેલી તોડફોડ અને હુમલામાં સલમાબેનને ઈજાઓ પહોંચી હતી. અસામાજિક તત્વોના આંતકના પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી, ખાસ કરીને સ્થાનિક રહીશોમાં ડર અને ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી.

અનુસંધાન પાના નં.૬

અન્ન ના. પુરવઠા ડાયરેક્ટરના વરદ હસ્તે

વાવની રીલૂચી દુધ મંડળીના નવીન મકાનનુ લોકાર્પણ

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવથી બુકણા રોડ ઉપર ૬ કિ.મી.ના અંતરે આવેલા આશાપુરાધામ રીલૂચી ગામે બનાસડેરી પાલનપુર સંચાલીત લાખો રૂપિયાના ખર્ચે દુધ મંડળીનું નવીન મકાન બનાવવામાં આવ્યું છે. જે મકાનનું લોકાર્પણ ગતરોજ તા. ૧૭/૬/૧૮ ને રવિવારના સવારે ૧૦:૦૦ કલાકના શુભમુહુર્તમાં વાવ રાણા સાહેબ ગજેન્દ્રસિંહજી ચૌહાણ (ડાયરેક્ટરશ્રી અન્ન અને નાગરિક પુરવઠા ગુ.સરકાર) ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી અને રીબીન કાપી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાવ રાણા

વિષ્ણુ પરમાર

ગજેન્દ્રસિંહજી ચૌહાણે જણાવ્યું હતું કે ગતરોજ દુધ મંડળીના નવીન મકાનના લોકાર્પણ પ્રસંગે બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહેનાર હતા. પરંતુ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ સાથેની મીટીંગમાં કાર્યરત હોઈ તેવો આવી શક્યા નથી.

આ પ્રસંગે ખોડાજી હમીરજી કાપડી, રૂડાજી ભાણાજી કાપડી, વિહાજી ગાંગજી કાપડી, ભુરાજી રૂપસીજી કાપડી, માધાજી હેમાજી કાપડી તેમજ આજુબાજુ વિસ્તારના ગ્રામજનો દુધ મંડળીના મંત્રી - ચેરમેનો ઉપસ્થિત રહ્યા હતા.

જૈન જાગૃતિ સેન્ટર, ડીસાના નવા હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ યોજાયો

ડીસા

ડીસાની અગ્રણી સેવાભાવી સંસ્થા, જૈન જાગૃતિ સેન્ટર-ડીસાના નવીન હોદ્દેદારોની પદગ્રહણ વિધિ તા. ૧૭/૬/૧૮, રવિવારના રોજ જૈન જાગૃતિ સેન્ટર- સેન્ટ્રલ બોર્ડ- ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈના ચેરમેન જિતેન્દ્રભાઈ કોઠારીની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી.

ઉમ્બાસભર સમારોહની શરૂઆત નવકારમંત્ર અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. બાદમાં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. સંસ્થાના પ્રમુખ કેતનભાઈ ઝાલમોરાએ મહેમાનોને સત્કાર્યા હતા અને મંત્રી સતિષભાઈ શાહે ગત બે વર્ષની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો. ત્યારબાદ જિતેન્દ્રભાઈ કોઠારીએ નવીન પ્રમુખ હિરેભાઈ કાંકરેચાને ચાર્ટર એનાયત કરી સમગ્ર કારોબારી કમિટીને શપથ લેવડાવી પદ પ્રસ્થાપિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં અતિથી પદે જે.જે.સી. સેન્ટ્રલ બોર્ડના વાઈસ ચેરમેન પ્રફુલભાઈ કામદાર, ડેવ. સેક્રેટરી રાજીવભાઈ શાહ, ગુ-જરાત કોંગ્રેસના મંત્રી વિપુલભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જે.જે.સી. પાટલ, જે.જે.સી. ભાભર, જે.જે.સી. દિથોદરના પ્રમુખ અને હોદ્દેદારો ઉપરાંત ડીસા જૈન સંઘના પ્રમુખ, ટ્રસ્ટીઓ સાથે વિવિધ સંસ્થાના પદાધિકારી અને અગ્રણીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમના અંતે આભારવિધિ નવીન મંત્રી ડો.તુષારભાઈ શાહએ કરી હતી. જ્યારે કાર્યક્રમનું સંચાલન પૂર્વ પ્રમુખ ભરતભાઈ મોરખીયા, ડો.જયેશભાઈ શાહ અને ડો.રાજનભાઈ મહેતાએ કર્યું હતું.

જમડાના ગ્રામજનોએ રંગ રાખ્યો : મહોત્સવમાં આખા ગામની દિકરીઓ તેડાવી

ભગવાનશ્રી રામના ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો રંગેચંગે પુર્ણાહુતી

પ્રતિનિધિ થરાદ

થરાદના સમસ્ત જમડા ગામના ગ્રામજનો દ્વારા ગામને ચોરે ભગવાન શ્રીરામ, લક્ષ્મણ ,જાનકી અને હનુમાનજીનું મંદિર બનાવી તેમાં ગત ગુરુવારથી મૂર્તિઓ પધરાવી ત્રણ દિવસના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.જે ગામના શાસ્ત્રી વૈકુંઠલાલ મોહનલાલના આચાર્યપદે હિંમતનગર સ્થિત શાસ્ત્રી ગિરીશ દવે (જમડા),નિતીશ જોષી, જીગર વ્યાસ,ભરત ત્રિવેદી, પ્રકાશ દવે, જીગર દવે સહિત ભુદેવોના પ્રતિષ્ઠા મંત્રોચ્ચાર વચ્ચે સંપન્ન થયો હતો.

ગ્રામજનોએ આ પ્રસંગમાં સહભાગી બનવા ગામની દરેક સમાજની તમામ દિકરીઓને પણ આમંત્રિત કરવામાં આવી હતી.આથી ઉપસ્થિત ૧૦૫૧ કુંવારીઓને સરસ ભેટ આપી સંતોષિત કરી હતી. શનિવારે વિજય મુહર્તે ભગવાનની

વિષ્ણુ દવે

પ્રાણપ્રતિષ્ઠા બાદ પ્રાણપતિષ્ઠાની બોલીઓ (ચડાવા) બોલનારા દાતાઓએ પ્રથમ આરતી અને દર્શનનો પણ લ્હાવો લઈને જીવન ધન્ય બનાવ્યું હતું.આ મહોત્સવમાં વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર,રાજપુત સમાજ પ્રગતિ મંડળના પ્રમુખ ડીડીરાજપુત, થરાદ નગરપાલિકાના પુર્વ પ્રમુખ પશુભાઈ રાજપુત સહિત અનેક અગ્રણીઓ પણ મહોત્સવનાં દર્શન કરવા ઉપસ્થિત રહ્યા હતા.ગુરૂવારની રાત્રે સંતવાણીનું પણ આયોજન કરાતાં ગ્રામજનો ઉદારમનથી કલાકારો પર વરસ્યા હતા.

પ્રતિષ્ઠાચાર્ય વૈકુંઠલાલ મોહનલાલ શાસ્ત્રીએ મહોત્સવમાં આવેલું અંદાજીત એક કિલો ચાંદી અને એક તોલા સોનું તથા ૨૮૫૦૦ રોકડનું દાન ભગવાનના ચરણોમાં અર્પણ કર્યું હતું.સમગ્ર મહોત્સવમાં મુખ્ય યજમાનનો (૧૨૧૦૦૦) ચડાવો ભુરાજી ખેંગારજી રાજપુત, ભગવાન રામચંદ્રજીની મુર્તીનો (૧૫૧૦૦૦) ચડાવો ગણેશજી કુંભાજી રાજપુત, દેવી લક્ષ્મણજીની મુર્તીનો (૧૦૧૦૦૦) ચડાવો ઈશ્વરભાઈ મહાદેવજી રબારી રાજપુત,દેવી સીતાજીની મુર્તીનો(૧૩૧૦૦૦) ચડાવો હઠાભાઈ ધેંગાજી રાજપુત, હનુમાનજીની મૂર્તિનો (૧૧૧૦૦૦)ચડાવો

અનુસંધાન પાના નં.૬

પાલનપુરમાં ઠંડી છાસ અને સુખડીનું વિતરણ

પાલનપુર

જિલ્લા મથક પાલનપુર ખાતે કાર્યરત જીણીતી સેવાભાવી સંસ્થા ગુરુકૃપા સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી શહેરના કોઠી વિસ્તારમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં આસપાસના ગામડાઓમાંથી આવતા અને શહેરના લોકોને ગરમીથી રાહત મળી રહે તે હેતુથી ઠંડા મિનરલ પાણી ની પરબ કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ સંસ્થા દ્વારા છેલ્લા ચાર માસથી ચાલતી પાણીની પરબના સમાપન પ્રસંગે આજે ધરતી પરનું અમૃત ગણાતી ઠંડી છાસ અને સુખડીનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ગુરુકૃપા સેવાટ્રસ્ટના ચેરમેન જશવંતસિંહ વાઘેલા, ભાજપના આગેવાનો સહિત વિવિધ સંસ્થાના કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પણ સેવાનો લાભ લીધો હતો.

વડગામમાં દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય કેમ્પ યોજાયો

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

અંધજન મંડળ, અમદાવાદ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવા માટે તાલુકા આરોગ્ય કચેરી, વડગામ ખાતે કેમ્પ રાખવામાં આવ્યો હતો.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય ભારત સરકારની એડીઆઈપી યોજના અંતર્ગત આ કેમ્પનું આયોજન કરાયુ છે. જેમાં ટ્રાયસિકલ, વ્હીલચેર, કૃત્રિમ હાથ- પગ, કાને સાંભળવાનું મશીન, બગલ ઘોડી વગેરે જેવા સાધનો આપવામાં આવશે.

આ કેમ્પમાં અંધજન મંડળ અમદાવાદથી શ્રી જગન્નાથ મલિક, ઓર્થો- પ્રોસ્થો એન્જિ. ઉપાભેન જોષી, જયોતિભાઈ ચૌધરી તેમજ સ્થાનિક કક્ષાએ તાલુકા આરોગ્ય કચેરીમાંથી ડો.ગઢવી, પાલનપુર અંધજન મંડળથી વનરાજસિંહ ચાવડા તેમજ એસવીજે કાર્યક્રમના સ્ટાફમિત્રોએ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

દાંતીવાડામાં બીએસએફ જવાનો દ્વારા શરબતનું વિતરણ

ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

ગુરૂ અરજણદેવજીને મુઘલોએ ગરમ રેતી ભરેલી કડાઈમાં બેસાડી ત્રાસ વર્તાવ્યો હતો. જેમાં ગુરૂજીએ ગરમ રેતી પણ શીતળ લાગી રહી છે. તેમ કહી હસતા હસતા શહાદત વ્હોરી હતી. જે શહાદતની યાદમાં દાંતીવાડા કોલોની ખાતે બીએસએફની ૩૭ બટાલીયનના જવાનો દ્વારા ગતરોજ આવતા જતા રાહદારી - મુસાફરોને ઠંડા શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

રથયાત્રાને લઇને ઉત્સુકતા વચ્ચે તૈયારીઓ શરૂ કરાઇ

અમદાવાદ

ભગવાન જગન્નાથની રથયાત્રાને લઈને તમામ તૈયારીઓ શરૂ કરવામાં આવી ચુકી છે. શ્રદ્ધાળુઓ પણ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. અમદાવાદ શહેરમાં રથયાત્રાના માર્ગ ઉપર આવતી જુદી જુદી પોળ દ્વારા પણ ભગવાનના સ્વાગત માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. સરસપુરમાં પણ તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. સરસપુરને ભગવાનના મોસાળ તરીકે ગણવામાં આવે છે. નોંધનીય છે કે, અષાઢીબીજના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળવાની છે. પરંતુ તે પૂર્વે જેઠ સુદ પૂનમ એટલે કે ૨૮ જુનના રોજ જગન્નાથજી નીકળશે જલયાત્રા. આ યાત્રા પણ ૧૫૧ ધ્વજા પતાકા, બેન્ડવાજા અને હાથી સાથે નીકળતી હોવાથી યાત્રાને કહેવાય છે નાની રથયાત્રા. જલયાત્રા વાજતે ગાજતે સોમનાથ ભુદરના આરે જશે. ત્યાંથી ૧૦૮ ઘડામાં જળ ભળી મંદિરે લાવી ભગવાન જગન્નાથજીનો જળાભિષેક કરવામાં આવશે. રથયાત્રા પૂર્વેની જલયાત્રાનું પણ વિશેષ મહત્વ છે. જેઠ સુદ પુનમના દિવસે ૧૦૮ કળશમાં જળ ભરીને લાવવામાં આવે છે અને ભગવાનનો જલાભિષેક કરાય છે. જેને ભગવાનનો જેષ્ઠાભિષેક પણ કહેવાય છે. તો બીજી તરફ જળયાત્રા બાદ ભગવાન મામાના ઘરે જવાના હોઈ મોસાળ વાસીઓમાં પણ જગન્નાથમય બન્યા છે. આ વર્ષે પણ ભગવાન ભક્તોને દર્શન આપવા નગરયાત્રાએ નીકળવાના છે ત્યારે ભગવાનને આવકારવા ભક્તો અધીરા બન્યા છે. ત્યારે જગન્નાથજી મંદિર પ્રશાસન પણ રથયાત્રા પૂર્વેની જલયાત્રાને લઈને તૈયારીમાં લાગી ગયું છે. રથયાત્રા આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વહીવટીતંત્ર દ્વારા પણ પગલા લેવામાં આવી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન પડે તે હેતુસર વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે.

આપ અને એલજી વિવાદ મોદી પાસે પહોંચ્યો

મડાગાંઠને ઉકેલવા માટે ચાર મુખ્યમંત્રીઓ દ્વારા રજૂઆત

નવીદિલ્હી

દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને એલજી વચ્ચે ચાલી રહેલી ખેંચતાણનો મામલો હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે પહોંચી ગયો છે. એક દિવસ પહેલા જ કેજરીવાલના ઘરણાના સમર્થનમાં આગળ આવનાર ચાર બીન ભાજપ મુખ્યમંત્રીઓએ આજે નીતિ આયોગની બેઠકના ભાગરુપે મોદી સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સહિત ચાર મુખ્યમંત્રીઓએ આ વિવાદને ઉકેલવા વડાપ્રધાનને આજે અપીલ કરી હતી. મમતા બેનર્જી, ચંદ્રાબાબુ નાયડુ, કુમારસ્વામી અને પી વિજયન જેવા ચાર રાજયોના મુખ્યમંત્રીઓએ કેજરીવાલના સમર્થનમાં આવીને વિવાદનો ઉકેલ લાવવાની અપીલ કરી છે. અલબત્ત તેમને મોદીને મળવાની આજે મંજુરી મળી ન હતી. ગઇકાલે મંજુરી નહીં મળ્યા બાદ મમતા બેનર્જીએ મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા હતા અને બંધારણીય સંકટ જેવી સ્થિતિ હોવાની વાત કરી હતી. મમતા બેનર્જીએ શનિવારના દિવસે જાહેરાત કરી હતી કે, તેઓ અન્ય મુખ્યમંત્રીની સાથે નીતિ આયોગની બેઠકમાં મોદી સમક્ષ આ મુદ્દો ઉઠાવશે. નીતિ આયોગની બેઠક આજે શરૂ થઇ ત્યારે આ ચારેય મુખ્યમંત્રીઓએ અલગ રીતે મોદીને મળીને રજૂઆત કરી હતી. આ મામલાને તરત ઉકેલવાની પણ વાત કરી હતી. શનિવાર સાંજે રાજકીય ગરમી એ વખતે વધી ગઈ હતી જ્યારે ચાર રાજયોના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સમર્થનમાં દિલ્હી પહોંચ્યા હતા. પહેલા આ લોકોએ આંધ્ર ભવનમાં બેઠક યોજી હતી. ત્યારબાદ ચારેય મુખ્યમંત્રીએ સંયુક્તરીતે એલજીને પત્ર લખીને મળવા માટે સમય માંગ્યો હતો. મળવા માટે સમય ન મળતા ચારેયે સંયુક્તરીતે પ્રેસ કોન્ફરન્સ કરીને દિલ્હીની વર્તમાન સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. મમતા બેનર્જીએ કહ્યું હતું કે, દિલ્હીમાં જે સ્થિતિ છે જે બંધારણીય સંકટ તરીકે છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા શીલા દિક્ષીતે કેજરીવાલ ઉપર પ્રહાર કર્યા છે. શિલા દીક્ષિતે કહ્યું હતું કે, તેઓએ આટલા દિવસ સુધી કામ કર્યું હતું પરંતુ આવી ક્યારેય કોઈ સ્થિતિ આવી ન હતી. શીલાએ કહ્યું હતું કે, કોઈપણ સરકાર કોઈ કાયદાથી ચાલે છે. ઈચ્છાથી ચાલતી નથી.

આમ આદમી પાર્ટીના કાર્યકરોને વડાપ્રધાન નિવાસ હાઉસ જતા રોકવામાં આવ્યા

નવીદિલ્હી

દિલ્હી સરકાર અને એલજીની વચ્ચે ચાલી રહેલ ગતિરોધ વચ્ચે આમ આદમી પાર્ટીના નેતા મંડી હાઉસથી વડાપ્રધાન નિવાસ(લોક કલ્યાણ માર્ગ) સુધી ઘેરાવ કરવા માટે મંડી હાઉસથી સંસદ માર્ગ પહોંચ્યા હતાં પરંતુ અહીંથી દિલ્હી પોલીસે આપ નેતાઓ અને કાર્યકતાઓને અહીંથી આગળ જતાં રોકી દેવામાં આવ્યા હતાં. જેથી આપના કાર્યકરો અને સમર્થકો નારાજ થઇ ગયા હતાં અને કેન્દ્ર સરકાર અને એલજીની વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરવા લાગ્યા હતાં. જ્યારે દિલ્હી પોલીસનું કહેવું છે કે માર્ચની મંજુરી લેવામાં આવી ન હતી આથી માર્ચને આગળ જતી રોકવામાં આવી હતી.

જો કે પ્રદર્શનને જોતા આ માર્ગ પર આવનાર પાંચ મેટ્રો સ્ટેશનો ઉદ્યોગ ભવન,લોક કલ્યાણ માર્ગ, પટેલ માર્ગ,કેન્દ્રીય સચિવાલય અને જનપથને બંધ કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં આઈએએસ અધિકારીઓની હડતાળ ખત્મ કરવાને લઇ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં એલજી હાઉસમાં આપ નેતાઓના ધરણાનો આજે રવિવારે સાતમો દિવસ છે. આપ કાર્યકતાઓ આજે એકત્રિત થયા હતાં અને જણાવ્યું હતું કે જ્યારે જ્યારે ભાજપ ડરી જાય છે પોલીસને આગળ કરી દે છે.આપ નેતાઓ અને કાર્યકરોને દિલ્હી પોલીસે સંસદ માર્ગથી આગળ જતા રોકી દીધી હતા ત્યારબાદ કહેવાય છે કે આપે પોતાનું માર્ચ આજના માટે ખત્મ કરી હતી અને આપ નેતા અને કાર્યકર્તા સંસદ માર્ગથી પાછા ફરી રહ્યાં હતાં. પીએમ હાઉસ તરફ આગળ વધી રહેલા કાર્યકર્તાઓએ તાનાશાહી નહીં ચલેગી,એલજી શાહી નહીં ચલેગી જેવા સુત્રોચ્ચાર કર્યા હતાં.દિલ્હીના મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ ટ્વીટ કર્યું હતું કે મોદી સરકારની લાખ પ્રયાસો છતાં બસો રોકવામાં આવી ધારાસભ્યોની કચેરી પર પહેરો લગાવવામાં આવ્યો આમ છતાં દિલ્હી નિકળી પડી માર્ગ પર .૨૦૧૧ આંદોલન જેવું વાતાવરણ છે એજ ઉત્સાહ અને તેજ હિંમત મંડી હાઉસમાં કાર્યકતાઓની ભીડને કારણે મંડી હાઉસમાં ટ્રાફિક જામ થઇ ગયો હતો. જ્યાં ત્યાં ગાડીઓ ઉભી રહી ગઇ હતી રાહગીર પેરેશાન થઇ હતાં.

દિલ્હીના ડીસીપી મધુર વર્મએ કહ્યું કે આપ પાર્ટી તરફથી પ્રોટિસ્ટ માર્ચ માટે કોઈ મંજુરી લેવામાં આવતી નથી જો કે પ્રદર્શનને જોતા ચાર મેટ્રો સ્ટેશનના દરવાજા બંધ કરવામાં આવ્યા હતાં. જ્યારે પીએમ નિવાસની આસપાસ ૧૪૪ લાગી દીધી હતી આ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રીએ ટ્વીટ કરી મોદીને તાનાશાહ બતાવ્યા હતાં. અરવિંદ કેજરીવાલે ટ્વીટ કર્યું અમે આવી ગયા છે આજે માર્ગ પર લોકતંત્રની તલાશમાં જ્યારે બેઠી છે તાનાશાહી દિલ્હીમાં આમ આદમી પાર્ટી આપ અને એલજીની વચ્ચે જંગ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સામે પહોંચી ગયો છે.એક દિવસ પહેલા જ કેજરીવાલના ઘરણાને સમર્થન આપનાર ચાર બિન ભાજપી મુખ્યમંત્રીઓએ આજે નીતી પંચની બેઠકની બહાર આ મુદ્દાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સામે ઉઠાવ્યો હતો.

આરએસએસ અને ભાજપની બેઠકમાં ૨૦૧૯ માટે ૩૦૦ બેઠકોનું લક્ષ્ય

ફરીદાબાદ

સુરજકુંડમાં ભાજપ અને આરએસએસની બેઠકમાં ૨૦૧૯ની ચુંટણીમાં ૩૦૦થી વધુ બેઠકો જીતવાનો લક્ષ્ય નક્કી કર્યો છે.બે દિવસ સુધી ચાલનારી બેઠકમાં આરએસએસના કેટલાક અધિકારીઓ ઉપરાંત સંઘથી ભાજપમાં મોકલવામાં આવેલ લગભગ ૧૦ સંગઠન મંત્રીઓને બોલાવવામાં આવ્યા હતાં.

આ બેઠકમાં સંઘના બીજા નંબરના નેતા માનવામાં આવનાર સરકાર્યવાહ સુરેશ રાવ જોશી ભૈયાજી જોશીની સાથે સહ સરકાર્યવાહક દત્તાત્રેય હોસબોલે અને સહ સરકાર્યવાહક ડો.કૃષ્ણ ગોપાલે પણ ભાગ લીધો હતો. આ બેઠકના સમાપનમાં ભાજપ અધ્યક્ષ અમિત શાહે પણ ભાગ લીધો હતો. કહેવાય છે કે આ બેઠકમાં પૂર્વોત્તર રાજ્યો પર વધુ ભાર મુકવાની વાત કહેવામાં આવી છે.

સાંસદોનો રિપોર્ટ સકારાત્મક રહેશે નહીં તો ટિકિટ કપાશે : અમિત શાહ

ફરીદાબાદ

ભાજપના લોકસભા સભ્યોનું તમામ પ્રદેશોના સંગઠન મંત્રી રિપોર્ટ કાર્ડ બનાવશે. જો આ રિપોર્ટ સકારાત્મક રહી તો જ ટિકિટ મળશે.પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રીઓની ત્રણ દિવસીય પ્રચારક વર્ગમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સાડા સાત કલાકની બેઠક કરી હતી.

શાહે સંગઠન મહામંત્રીઓને ૨૦૧૯ ચુંટણીમાં ફરીથી વિજય હાંસલ કરવા ટિપ્સ તો આપી જ હોમવર્ક પણ આપી દીધુ સાંસદોનું રિપોર્ટ કાર્ડ બનાવવું પણ આજ હોમવર્કનો હિસ્સો છે.શાહ વર્ગમાં સામેલ થવા માટે શનિવારે સવારે સુરજકુંડ પહોંચ્યા હતાં અને તમમએ તમામ છ સત્રોમાં ભાગ લીધો હતો. ત્રણ દિવસીય આ વર્ગને મિશન ૨૦૧૯ માટે રણનીતિ બનાવવાના ક્રમમાં મહત્વપૂર્ણ મનાવામાં આવી રહ્યું છે.વર્ગમાં થયેલ મંથનના આધાર પર સંઘના વરિષ્ઠ પદાધિકારીઓથી ચર્ચા બાદ રાષ્ટ્રીય અધ્યક્ષે પ્રદેશ સંગઠન મહામંત્રીઓથી પોતાના સ્તર પર સંગઠનની તમામ કમીઓ દુર કરવાનો નિર્દેશ આપ્યો છે.

સુત્રોના જણાવ્યા અનુસાર પ્રચારક વર્ગમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પ્રદેશ સંગઠન મંત્રીઓને નિર્દેશ આપ્યો છે કે તે બ્લોક,જીલ્લા અને પ્રદેશ સ્તર પર પાર્ટી નેતાઓની જુથબંધી દુર કરવાની લઇ નારાજ કાર્યકર્તાઓને મનાવવાનું અભિયાન ચલાવે.તેના માટે પ્રદેશ અધ્યક્ષની સાથે બેસી એક વિસ્તૃત યોજના તૈયાર કરવામાં આવે જે રાજયોમાં ભાજપની સરકારો છે ત્યાં સરકારમાં બેઠેલ મુખ્ય નેતાઓને પણ આ અભિયાનમાં જોડવામાં આવે. શિબિર પરિસરથી હોર્ડિંગ અને ઝંડા હટાવવામાં આવ્યા હતાં સુરજકુંડમાં હોટલ રાજહંસ પરિસરને વર્ગ દરમિયાન સ્થાનિક કાર્યકર્તાઓએ ભાજપના ઝંડા અને સંઘ જનસંઘ અને ભાજપના નેતાઓના હોર્ડિંગથી સજાવવામાં આવ્યું હતું. જ્યારે રાષ્ટ્રીય અધ્યક્ષ શાહના સ્વાગત માટે હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ અહીં પહોંચ્યા તો તેમના વર્ગ પરિસરથી હોર્ડિંગ અને ઝંડા હટાવવાનો આદેશ આપ્યો હતો.

કાશ્મીરી લોકોએ ભારત માતા કી જયના તીવ્ર નારા લગાવ્યા

નવીદિલ્હી

જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાન અને અલગતાવાદીઓના પરિણામ સ્વરુપે દિન પ્રતિદિન સ્થિતિ વણસી રહી છે પરંતુ આના કારણે હવે સ્થાનિક લોકો પણ પરેશાન દેખાઈ રહ્યા છે. સ્વતંત્રતાની માંગ કરનાર લોકોની વિરુદ્ધમાં જમ્મુ કાશ્મીરના લોકો હવે આવી ગયા છે. ભારત માતા કી જયના નારા હવે કાશ્મીરમાં લાગી રહ્યા છે. સ્થાનિક લોકો પણ હિંસાને લઈને પરેશાન છે. જેને લઈને નારાજગી તાજેતરમાં જ એક વિડિયોમાં જોવા મળી છે. વિડિયોમાં દર્શાવવામાં આવ્યું છે કે, કાશ્મીરી સ્વતંત્રતાની માંગ કરનાર કેટલાક સ્થાનિક લોકોને સ્પષ્ટ જવાબ સ્થાનિક લોકો આપી રહ્યા છે અને ભારત માતા કી જયના નારા વિડિયોમાં દેખાઈ રહ્યા છે. આ લોકોની સાથે સુરક્ષા દળોના જવાન પણ નજરે પડે છે. એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, અમને સ્વતંત્રતા જોઈએના નારાના વિરોધમાં કેટલાક લોકો એકમત થઈને ભારત માતા કી જયના નારા લગાવી રહ્યા છે. સ્વતંત્રતા માંગનાર લોકોની સામે ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે. આ વિડિયો ક્યારનો છે તે સંદર્ભમાં માહિતી મળી શકી નથી પરંતુ કાશ્મીરમાં વારંવાર સ્વતંત્રતાના નારા લાગે છે.

ખોટા પાસપોર્ટો બદલ નિરવ મોદીની મુશ્કેલી વધે તેવી વકી

નવીદિલ્હી

બે અબજ ડોલરથી વધુના પીએનબી છેતરપિંડી કૌભાંડમાં તપાસ કરી રહેલી સંસ્થાઓએ ઘટસ્ફોટ કર્યો છે કે, ફરાર થયેલો ડાયમંડ કારોબારી નિરવ મોદી અનેક ભારતીય પાસપોર્ટનો ઉપયોગ કરી રહ્યો છે. નિરવ મોદી સામે નવેસરની એફઆઈઆર દાખલ કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મલ્ટીપલ ઇન્ડિયન પાસપોર્ટનો ઉપયોગ કરવા બદલ તેની સામે એફઆઈઆર કરવાની તૈયારી કરવામાં આવી છે. અધિકારીઓએ આજે કહ્યું હતું કે, નિરવ મોદી હાલમાં બેલ્જિયમમાં હોવાના સંકેત મળી રહ્યા છે. વારંવાર એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે તે જુદા જુદા પાસપોર્ટનો ઉપયોગ કરે છે. પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો હોવા છતાં તેની પાસે અન્ય પાસપોર્ટ પણ રહેલા છે. છ પાસપોર્ટ તેની પાસે રહેલા હોવાનું જાણવા મળી રહ્યું છે. છ પૈકીના ચાર પાસપોર્ટ સક્રિય દેખાઈ રહ્યા નથી. બે પાસપોર્ટ જે સક્રિય રહેલા છે તે પૈકી એક નિરવના સંપૂર્ણ નામ પર છે જ્યારે અન્ય પાસપોર્ટ તેના પ્રથમ નામ ઉપર છે. પાસપોર્ટના મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી ચુકી છે. નિરવ મોદી સામે નવેસરથી ક્રિમિનલ એફઆઈઆર દાખલ કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સુરક્ષા સંસ્થાઓ સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, આંતરિક તપાસ પૂર્ણ થયા બાદ નિરવ મોદી સામે નવી કાર્યવાહી કરવામાં આવી શકે છે.

અનુસંધાન પાના નં.૬

તંત્રી સ્થાનેથી ...

દુઃખની રાત પૂરી થયા પછી સુખનો સૂરજ ઉગે જ છે.

-તો કાશ્મીર ભારતના હાથમાંથી સરકી જશેઃ કડક પગલાં જરૂરી

કાશ્મીર સહિત ભારતમાં અસ્થિરતા પેદા કરવા પાકિસ્તાનની ગુપ્તચર શાખા આઈએસઆઈ દ્વારા જે પ્રયાસો કરવામાં આવી રહ્યા તે એક ગંભીર બાબત છે. ત્યારે તાજેતરમાં જમ્મુ- કાશ્મીરના પુલવામાં જિલ્લામાં એક સેનાના જવાન ઔરંગજેબનું અપહરણ કર્યા બાદ તેની નિર્મમ હત્યા તેમજ કાશ્મીરમાં એક અખબારના ઓડિટર (પત્રકાર) સુજાત બુખારીની ગોળી મારીને થયેલી હત્યા બાદ કાશ્મીર સરકાર તરફથી કોઈ જલદ કાર્યવાહી કરવામાં આવી નથી. વડાપ્રધાન મોદી પણ આ બાબતે માત્ર અફસોસ બતાવીને શાંત પડી ગયા છે. આશ્ચર્યની વાત એ છે કે કાશ્મીરમાં ઈદનો તહેવાર પતિ ગયા બાદ આઈએસઆઈ દ્વારા કાશ્મીરમાં પાકિસ્તાનના ધ્વજ લહેરાવીને હિંસાખોરી આચરી હતી.

ભારતીય જવાન ઔરંગજેબની હત્યા અને પત્રકારની હત્યામાં આઈએસઆઈનો સીધો હાથ હોવાનું પણ મનાય છે. પાક.ના આતંકી સંગઠનોએ ભારતીય સત્તાવાળાઓને એવો સંદેશો પાઠવવાનો પ્રયાસ કર્યો છે કે અમે કાશ્મીરમાં ભારતીય સેના દ્વારા ચલાવાતાં આતંકવાદ વિરોધી ઓપરેશનોથી ગભરાતા નથી. કાશ્મીરી યુવાનો ભારતીય સેના અને અર્ધલશ્કરી દળોમાં ન જોડાય તે માટે આઈએસઆઈ સમર્થિત આતંકીઓએ ઔરંગજેબની હત્યા કરી નાંખી હોવાનું કાશ્મીરી ત્રાસવાદી સંગઠનો ખુલ્લેઆમ જણાવતા હોવાથી હવે ભારતે શાંત રહેવાની જરૂર નથી. કેમ કે પત્રકાર સુજાત બુખારીની હત્યામાં આતંકી સંગઠન લશ્કર- એ- તોયબાનો હાથ છે અને આ સંગઠન આઈએસઆઈના ઈશારે નાચે છે તે પણ હકીકત છે.

વર્ષ ૧૯૯૯ માં આઈ.એસ.આઈ.ના ઈશારે ભારતનું પ્રવાસી વિમાન આઈ.સી.૮૧૪ ને કાઠમંડુથી હાઈજેક કરાયું હતું. આ કાવત્રુ નેપાળમાં ઘડાયું હતું. આ ઘટના બાદ નેપાળ આઈએસઆઈની ભારત વિરોધી પ્રવૃત્તિનું કેન્દ્ર રહ્યું છે કે જેના પર કાબૂ મેળવવા ભારત તરફથી પ્રયાસો જારી રહ્યા છે.

પાકિસ્તાન ભલે નેપાળમાં પોતાનો પગદંડો જમાવે પરંતુ નેપાળ અને ભારત વચ્ચે જે સંબંધો છે તે બાબતની જાણકારી આઈ.એસ.આઈ.ને નહી. જેથી આઈએસઆઈ ધાર્યું નિશાન તાકી શકશે નહિં. પરંતુ આઈ.એસ.આઈ. દ્વારા કાશ્મીરમાં મોદી સરકારે કાશ્મીરમાં વધુ જવાનો રવાના કરીને આતંકીઓ અને પાક. સૈનિકોને દેખો ત્યાં ઠાર કરવાનો આદેશ આપવો જોઈએ. હવે વાતો- ચર્ચાઓ- ભાષણો ચાલશે નહિં. મોદી સરકાર સાર વર્ષમાં જમ્મુ- કાશ્મીરમાં કંઈ ઉકાળી શકી નથી. પરંતુ હવે આભાસ એવો થાય છે કાશ્મીર ભારતના હાથમાંથી સરકી જશે અને આઈએસઆઈ તથા પાક. સ્થિત આતંકી સંગઠનો કાશ્મીર સરકારનો તાજો પલટી નાંખશે.

ભારતના અર્થતંત્રને છિન્નભિન્ન કરવા આઈએસઆઈ ભારતમાં જાલી નોટોનો કારોબાર મોટાપાયે ચલાવે છે અને આ તમામ પ્લાનો નેપાળમાં ઘડાય છે. તેથી ભારતે નેપાળના રાજદારીઓ સાથે આ અંગે બેઠક યોજવી જોઈએ. રમજાન માસના કારણે મોદી સરકારે દયા દાખવી કાશ્મીરમાં આતંકવાદ સામેના અભિયાનને તત્પુરતું થંભાવી દીધું, ત્યારે બીજી તરફ આતંકીઓએ સરકારની આ ભલમનસાઈનો ગેરલાભ ઉઠાવી જવાનો પર હુમલા કરવામાં કશું બાકી રાખ્યું નથી. અમરનાથ યાત્રા દરમ્યાન જો હિંસાના બનાવો બને તો તેની આકરી રાજકીય કિંમત કેન્દ્ર સરકારે ચૂકવવી પડશે તેવી દહેશત જણાય છે.

આ દુર્ઘટનાઓ કોણ અટકાવશે?

કોણ જાણે કેમ, ગુજરાતમા માર્ગ અકસ્માતોથી દરરોજ કચડાઈ મરતા એકંદરે ૧ ડઝન લોકોના મોતના બનાવોની ક્યાંય ગંભીરતાથી નોંધ લેવાતી નથી. પતંગની ઘાતક દોરી ગળે વીંટાવાથી બનતા મૃત્યુના કમોતના બનાવો બાબતમાં પણ કાંઈક આવું જ બન્યું છે. વર્ષો વર્ષ આ બનાવોમાં વૃદ્ધિ થઈ રહી છે. સુરત અને અમદાવાદમાં ૫ વર્ષની ફૂલ શી કોમળ બાળકી સુરત અને મહેસાણામાં બે બાઈક સવાર, વડોદરામાં ઘાબેથી પટકાવાથી થયેલ કિશોરના કમોત ઉપરાંત, આ વર્ષે પતંગ સંબંધિત મોતના બે વિચિત્ર બનાવો પણ યાચા. પાલનપુરમાં પતંગ ચગાવવાની તકરારમાં યુવાનની હત્યા થઈ. અમદાવાદ રિવર ફ્રંટ પર દોરીથી બચવા સ્કૂટર સવાર પતિએ જોરથી બ્રેક મારતાં પાછળ બેઠેલ પત્ની ઉછળી રસ્તા પર ફેંકાઈ ગઈ અને પાછળથી ધસમતી આવી રહેલ કાર કચડી નાખી મોત નિપજાવવાની ઘટના બની. પતંગ ઉડાડવાની ક્રિયા કલા અને આનંદનો વિષય છે. ઉપરાંત તેની સાથે અનેક લોકોની રોજગારી વર્ષભરની સંકળાયેલ હોવાથી તેનો વિરોધ નથી.

કમોતની આ તમામ ઘટનાઓ કરુણ હોવા ઉપરાંત કમકમાટીપૂર્ણ અને હૃદયદ્રાવક પણ કહી શકાય. જો અગાઉથી અગમચેતીનાં પગલાં લેવાયાં હોત, તો આ આકસ્મિક દુર્ઘટનાઓ ટાળી શકાઈ હોત. અખબારો અને ટી.વી. માધ્યમોમાં સરકારી જાહેરખબરો ભરાર-નવાર પ્રગટ થયા કરતી હતી. પરંતુ સરકારી તંત્ર તેના અમલ માટે અસરકારક કાર્યવાહી કરવામાં હંમેશની જેમ ઉણું ઉતર્યું અને જાહેરખબર સિવાય તેની કોઈ અસરકારકતા રહી ન હતી. તેની પાછળનું કારણ એમ લાગે છે કે ન તો રાજ્યને કે ન તો સમાજને માનવીના જીવનની કોઈ કિંમત જણાતી નથી. આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ જે તે કુટુંબ પૂરતી મર્યાદિત રહી જાય છે. રાજ્યના તંત્ર વાહકો કે સમાજના અન્ય મોભીઓ સુધી સંવેદનાનું વિસ્તરણ થતું નથી. આવું કેમ થાય છે તે સમાજશાસ્ત્રીઓનાં સંશોધનનો વિષય છે. ભારતનાં બંધારણ અનુચ્છેદ ૨૧ ની દરેક વ્યક્તિને પ્રદાન થયેલ જીવન અને અંગત સ્વાતંત્ર્ય અધિકાર કાયદાવિદો અને ન્યાય પાલિકા પુરતા સીમીત રહ્યા છે. રાજાશાહી સમયમાં પ્રજાના જાનમાલનું રક્ષણ, રાજ્યનું સહું સહું એક માત્ર કામ હતું. વર્તમાન સમયમાં રાજ્ય કલ્યાણ રાજ્યે છે, પરંતુ આજે પણ જીવન રક્ષણ તેની પ્રથમ અને પ્રાથમિક ફરજ છે. ચૂંટણી બાદ સત્તા ગ્રહણ કરતા આપણા રાજકીય પક્ષોનો એકમાત્ર આશ્રય, બ્રિટીશરોની જેમ, સત્તાના માધ્યમથી, પોતાના અને મળતિયાના ખિસ્સા તરબતર કરવાનો રહ્યો છે અને તેથી કાયદા મુજબનું શાસન ચલાવવામાં કાં તો તેઓ બેદરકાર છે અગવા તે તેમની નાસમજ પ્રગટ કરે છે. કોઈપણ એક આકસ્મિક દુર્ઘટનાથી એકપણ વ્યક્તિ જીવ ગુમાવે, તો ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે રાજ્યે તમામ શક્ય કવાયત યોજવી ઘટે. ''પ્રાણી માત્ર તરફ દયા'' ભારતીય સંસ્કૃતિનો મંત્ર હોવા છતાં, દર વર્ષે આટલી દુર્ઘટનાઓ બને અને તે ઉપરાંત સેંકડો પક્ષીઓ પણ મોતને ઘાટ ઉતરે, તો આપણા સૌની ચિંતાનો વિષય ન બનવો જોઈએ? અસ્તુ! **પ્રો.અશ્વિનકુમાર ડી. કારીગા પાલનપુર**

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યક્તિગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

ન સમ્માનની ભૂખ.. ન સંપત્તિની ભૂખ એવા અલગારી પુરૂષ સદારામ બાપુને લોકો કેટલાય વરસો સુધી યાદ રાખશે..

અરે, આ બાપાનો પરિવાર કેટલો મોટો છે..? કે, બધા બાપુ,બાપુ કહેતા કહેતા સમાચાર લેવા આવી રહ્યા છે. આંખના મોતીયાનું ઓપરેશન કરનાર ડક્ટર ત્યાં ઉપસ્થિત લોકોને કહી રહ્યા હતા. ત્યારે ત્યાં ઉભેલા બાપા એક ભક્તને જવાબ આપ્યો કે બે હજાર હશે.. ડક્ટર ચોડાક ગુસ્સામાં બોલ્યા કે..''શું મશ્કરી કરો છો..? હું સર્જન ડક્ટર છું, તમે મને ઓખખતા નથી. કોઈ એક બાપાને વળી બે હજાર માણસોનો પરિવાર હોતો હશે..! ભક્તો વાત આગળ વધરાવા કહ્યું કે, ''હા હું સાચું કહું છું. હું તો બે હજાર કહું છું પણ તેમના ગામે આ બાપાના દર્શન કરવા માટે પચીસથી ત્રીસ હજાર લોકો આવે છે. બધા જ આ બાપાને 'બાપું' એવા હુલામણા નામથી બોલાવે છે. જે જરોતો લોકોની આસ્થા જેમાં મંડાઈ છે તેવા આ બાપાને મળવા અઢારેય જાતી આવે છે. ન કોઈ ભેદભાવ..ન કોઈ ઉચ, નીચ. ગરીબ, તવંગર બધા જ બાપાને મળવા દૂર દૂરથી આવે છે. ભક્તો બાપા વિશે ઘણું બધું કહ્યું. સર્જન ડક્ટરે આ વાત જાણી તેઓ પણ ઘડીકપળ ગલગલા થઈ ગયા. ને પછી તો બાપુના આંખના મોતીયાના એવી તો દવા કરી કે ન પૂછો વાત..! પછી એ 'બાપું' દરીકે એમણે બોલવવા લાગ્યા. અને જ્યારે પણ બાપાના રૂમમાં દવા કરવા જવાનું થાય ત્યારે પ્રથમ બુટ બહાર કાઢે, નમસ્કાર કરે અને પછી જ તપાસ કરીને જે દવા કરવાની હોય તે કરે. વળી મનમાં જાણે કહેતો હોય કે, ''બાપા તમને મેં ન ઓખખ્યા. મને માફ કરશો. તમારા પગલાંરી મારૂ દવાખાનું પણ પાવન થઈ ગયું. મારા અહોભાગ્ય કે તમે મારા દવાખાને પધાર્યા. મિત્રો આ બાપા એટલે જેને આબાલવૃધ્ધ સૌ કોઈ ઓખખે છે તેવા ટોટાણા ગામના સંત શ્રી સદારાબાપુ..

માત્ર ગુજરાતમાં જ નહીં પણ છેક મુંબઈ અને કલકત્તા સુધી જેની ભક્તિનો ડંકો વાગી ગયો છે તેવા અને ''હે જીવ દાવા દાવા બધા છોડી દેજો'', ''હે જીવ આલ્યાપાછી કોઈની કરશો નહીં'', ''હે જીવ આડું અવળું કોઈનું કરશો નહીં'' જેવા જીવને ઉદ્દેશીને કલયુગના માણસને મીઠી ટકોર કરનાર અને અલગારી પુરૂષ એવા સંત શ્રી સદારામ બાપાને કોણ ન ઓખખે..!

જેમને કોઈક ઓલીયા કહે છે.. કોઈક મહાપુરૂષ. કોઈક દેવ, કોઈક દીવો, કોઈક અલગારી પુરૂષ તો વળી કોઈક જલારામ બાપાનો બીજો અવતાર પણ કહે છે. જે હોય તે પણ સંત સદારામ બાપુ સાક્ષાત બ્રહ્મ પુરૂષ જ છે તેવી પ્રતીતિ આ ખમીરવંતી ધરાને ચોક્કસ થઈ છે. ન કોઈ માન સમ્માન.. હરપખે જેમને ભજનનો જ આહાર તેવા નિજાનંદી પુરૂષ સદારામબાપાને અત્યારે સોસી પણ વધું વર્ષ થઈ ગયા છે તો પણ હજારો લોકો ખુબ જ શ્રધ્ધાલી, લાગણીશી જોવે છે.

પોતે કાયમના માટે જીવનમાં એવો નિયમ કરેલ કે કોઈની પાસે માગવું નહીં. તો પણ લોકો કંઈ પણ આપે તે ભાવથી લઈને બીજા જ હાથે સદાદ્રતમાં, અન્નક્ષેત્રમાં, ભેટપૂજા વગરેમાં આપી દેવાની જાણે ટેક હોય તેવા સંત સદારામબાપાનું દિવ્ય તે જ જોઈને પણ ઘડીકપણ આપણને થઈ જાય કે આ પુરૂષમાં આટલું બધું તેજ શાનું છે..? નથી કંઈ ડોળ..દેખાવ કે ભપકો તો પણ નાના મોટા, ઘરસાં, ગરીબ, શ્રીમંત, શેઠ, ઓફિસર, પંડીત.. વગેરે બાપુ બાપુ કહીને માથું કેમ ટેકવે છે..? બાપુના જ મોઢે સાંભળેલું કે ''ભજન કરે તે જીતે ભાઈ, જીવનમાં ભજન સિવાય બીજુ કશું કરવા જેવું નથી. બધી જ સંપત્તિ, માન, મોભો, સમ્માન, બધું જ ભજનથી નીચે છે. ભજનથી જીવનમાં દિવ્ય પ્રકાશ આવે છે.'' એટલે સંત શ્રી સદારામબાપુમાં પણ ભજનનું જ તેજ છે.. તે ચોક્કસ છે.

કહેવાય છે કે, મનુષ્યને પોતાના કર્મ પ્રમાણે અવતાર ધારણ કરવો પડે છે. પણ સંતને તો ખુદ ઈશ્વર જ આ પૃથ્વી ઉપર ભેજે છે કે જેમના થકી જ ભક્તિ, સેવા, માનવતા, સમાજ, સંસ્કૃતિનું રક્ષણ થઈ શકે એટલે સંત માટે કહેવાયું છે કે,

''આગ લગી આકાશમાં,
જર જર જાય અંગાર
જો સંત ન સંસારમાં તો,
જલ જાત બ્રહાંડ..''

ભગવાને કદાચ દેવદૂત સમાન સંતને કહ્યું હશે કે,''તમારે ખેતી, વેપાર, નોકરી, ધંધો, મજૂરી,

સંવેદના

પ્રવીણ એમ. નાઈ

રાજકરણ કે બીજું કંઈ પણ પ્રવૃત્તિ કરવી નહી. તમારે તો ગામડે ગામડે ફરીને માનવ સમાજને સદમાર્ગે દોરવાના છે. કલીયુગમાં લોકો દારૂ, અફીલ, ભાંગ, ગાંજો, જુગાર, વ્યભિચાર જેવાં વ્યસનોમાં ફસાશે. આ માનવ સમાજને અવળા માર્ગે જતો અટકાવવાનો છે.'' આ દેવદૂત સમાન સંતોએ ઈશ્વરે કહેલું બીડું ઝડપી લીધું. અને ગામડે ગામડે ફરીને જીવણો માણસોને સદમાર્ગે વાળી રહ્યા છે. વ્યસનો, વ્યભિચાર અને ફેશનોમાં વાળતા જતા લોકોને સાચા રસ્તે વાળી રહ્યા છે. સંત શ્રી સદારામબાપુ પણ ટાઢ, તડકો કે વરસાદ ધ્યાનમાં રાખ્યા વગર તકલીફ વેઠીને પણ જ્યાં વાયક (આમંત્રણ) મળ્યું ત્યાં જઈને સમાજ સુધારવાનું કામ કરી રહ્યા છે.. ધન્ય છે આવા વિરલ પુરૂષને..

''ભાઈઓ શિકાર કરવો હવે છોડી દેજો'' ભાઈઓ યા પીનારા યાને છોડી દેજો'',''ડોશી છીંકણી તાણવી હવે છોડી દેજો...'' વગેરે માર્મિક ભજનો સદારામબાપુએ પોતાના સ્વમુખે ગાઈને સમાજને સુધારવાનું અકલ્પનીય કામ કર્યું છે. જેની નોંધ જીવનપર્યંત રખાશે. બોલે ચોડું પણ જે બોલે તેમાં કંઈક સમાજ સુધારવાનું જ રહસ્ય છુપાયેલું હોય તેવા હજારો ભજનો બાપુએ ગાયેલા છે..

સદારામબાપુ તો સર્વત્ર ઈશ્વરનો જ વાસ છે તે રીતે બધાને જોવે છે. ગીતામાં પણ શ્રી કૃષ્ણ કહે છે કે,''સોયની અણી મુકીયે એટલો ભાગ પણ મારા વગર ખાલી નથી.'' એટલે જ તો સદારામબાપુને નિર્જીવ વસ્તુમાં પણ પરમેશ્વર દેખાય છે. એમનું ભજન છે કે

'આજે દૂધીમાં દીવો બળે છે રે,
કારેલામાં દુખ્યને જોયા મારા વાલા..''

આ રીતે પાપડી, બટાકા, તુરીયા, ચોળી, શક્કરીયાં, ગાજર, ભાજી, કોબીજ, કાંદા, વટાણા, રીંગણ, ભીંડા, ગવાર, લસણ, આદુ, સરગવો, રવૈયા, પપૈયા... વગેરેની ઉપમા આપીને દરેકમા ઈશ્વરનો વાસ છે, તેનું વર્ણન કરતું સુંદર ભજન આપણને તેમના મોઢે વારંવાર સાંભળવા મળે છે.

કાંકરેજના ટોટાણા ગામે પૂનમના દિવસે હજારો માણસો બાપુના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. અને, ગુરૂપૂનમના દિવસે તો ટોટાણા ગામમાં પગ મુકવાની પણ જગ્યા જોવા ન મળે એટલો માનવ મહેરામણ ઉભરાય છે. દરેકની આસ્થા બાપુમાં અદભુત છે.

ટોટાણા ગામે પણ બાપુની કૃપાથી અન્નક્ષેત્ર મોટા પ્રમાણમાં ચાલે છે. જેમાં હજારો માણસો પ્રસાદ લઈ કૃતાર્થ થાય છે.

કલિયુગમાં પણ માનવ સમાજનો સાચો રાહ બતાવી રહેલા સદારામબાપુ જલારામ બાપાનો અવતાર કહેવાય છે. તેમની દેહરચના, ઝોળી ડંડો..

બધું જ જલારામ બાપાને મળતું આવે છે. જલારામ બાપા પણ અન્નદાનમાં ખુબ જ માનતા હતા. તેવી જ રીતે સદારામ બાપુ પણ ભજન અને ભોજન ઉપર વધુ આગ્રહ રાખે છે.

જલારામબાપા ૬૬કર સમાજમાં હતા, સદારામબાપુ ઠાકોર સમાજમાં છે. ૬૬કર અને ઠાકોર અટકનો પ્રાસ પણ મળતો આવે છે. એટલે જ ૬૬કર સમાજ પણ સદારામબાપુને વધુ માને છે.

સંતનો મહીમા અવર્ણનીય છે. જે લખવામાં પણ આવી શકે તેમ નથી. જેટલું લખીએ એટલું ઓછું જ કહેવાય.

"સંત બડા પરમાર્થી શીતલ જેસે અંગ,
તપન બુઝાવે ઔરન કી દે દે અપના રંગ."

એવા સંત શ્રી સદારામબાપુ વિશે આજે આટલું જ..વધુ ફરી ક્યારેક..

અને અંતમાં,

સાચા સંતને કોઈ દાઢી, જટા, ટીલા ટપકા કરવાની જરૂર રહેતી નથી.

એ તો એમના વર્તન, રહેણી કરણી, રીતભાત અને ભજન સત્સંગ ઉપરથી ઓખખાઈ જાય છે.

પ્રવીણ એમ.-નાઈ
રતનગઢ (તા.કાંકરેજ)

નાફેડ અને ગુજરાત સરકાર મગફળી કૌભાંડ અંગે એક બીજાને 'ખો' શા માટે આપે છે ? પ્રજા સત્ય જાણવા હક્કદાર છે !

ગુજરાત સરકારે વિધાન સભાની ચૂંટણી પૂર્વે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે માટે અને ખેડૂતોના ભારે દબાણ હેઠળ રૂ. ૯૦૦ પ્રતિ મણના ભાવે ૮ લાખ મે. ટન મગફળી ખરીદી. ભારત સરકારની સુચનાથી નોડલ એજન્સી, 'નાફેડ' દ્વારા આ કામ પાર પાડવામાં આવ્યું. મગફળીનો સંગ્રહ કરી જુદા જુદા ગોડાઉન તથા વેરહાઉસીસ માં ગુજરાત સરકારે તેને મૂકી. આટલો બધો સંગ્રહ થવા પછી તેની જાળવણી મોટો પ્રશ્ન હતો. ભેળસેળ વાળી, રેતી, પૂળ, ઢેફાં, મગફળીના દાણા કાઢ્યા પછીના ફોફાં સાથેના વજન વાળી ખરીદી ગુજરાત સરકારે કરી હતી તેવી વાત ટી.વી. ના માધ્યમ દ્વારા પ્રજાને જાણવા મળી. અહીંયાથી મગફળી પ્રકરણ ની શરૂઆત થઈ. ટેકાના ભાવે રાખેલી મગફળીના ગોડાઉનમાં સમયાંતરે શંકાસ્પદ પરિસ્થીતીમાં આગની ચાર ઘટના બની. શાપર, ગોંડલ અને વેરાવળ ના ગોડાઉનમાં આગના બનાવો બાદ જે સેમ્પલ લેવામાં આવ્યા તેમાં માટીની ભેળસેળ નો રિપોર્ટ આવ્યો. માલ સંગ્રહ કરવા માટે અને તેની ખરીદી માટે કોઈ નેટવર્ક કે અનુભવ ન હોવાથી ભારે રાખેલા ગોડાઉનોમાં નિયમ મુજબની વ્યવસ્થા હતી નહી. તદ્પરાંત મગફળી ખરીદવાની અને ગોડાઉનો ભાડે રાખવા માટેની જવાબદારી ગુજરાત સરકારે કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ ને આપી હતી. આખીય પ્રક્રીયામાં કોઈ નીતિ નિયમોનું પાલન કરવામાં આવ્યું નહોતું. ૧૪ ગોડાઉન સંપૂર્ણપણે ખુલ્લા હતા. બંધ ગોડાઉનમાં જરૂરી હવા ઉજાસ હતો નહી. સિક્યુરિટી કે સી.સી.ટી.વી. પ્રકારના નિયમોનું પાલન કરવામાં આવ્યું નહોતું. મોટા ભાગની મગફળી માટે 'ગુજકોટ' અને 'ગુજરાત વેરહાઉસિંગ કોર્પોરેશને' ગોડાઉનો ભાડે રાખ્યા હતા.

હવે 'નોડલ' એજન્સી 'નાફેડ' અને ગુજરાત સરકારનું કૃષિ વિભાગ ખાતું આક્ષેપોનો મારો ચલાવી સામ-સામે આવી ગયા છે. ગુજરાત સરકારના કૃષિ મંત્રી પણ મેદાને પડ્યા છે. 'નાફેડ'ના ચેરમેન, કોંગ્રેસનાં છે પણ સાથોસાથ વાઈસ ચેરમેન ભાજપ ગુજરાતના પૂર્વ કૃષિ મંત્રી અને પૂર્વ સંસદ સભ્ય છે તે જાણવું જરૂરી છે. આક્ષેપોમાં સામ-સામે આવું કહેવાયું કે સહકારી સંસ્થાઓ અને સરકારી અધીકારીઓની સીધી સંડોવણી જણાઈ આવેછે. મગફળી કૌભાંડ અત્યારે તો એવું લાગે છે કે બન્ને પક્ષકારોના સહયોગ થી થયું હોય, એટલે આમાં સચ્ચાઈ જાણવા સી.આઈ.ડી. કાર્ઢમ ની તપાસ પૂરતી કે સક્ષમ નથી. આગ લાગવાની ઘટના અને ખરીદીના કારણોમાં તેના મૂળ સુધી જવાની જરૂરત છે. નિષ્પક્ષ તપાસમાં મીડીયા ગૃહના પ્રતિનિધીઓ ઉપરાંત આ અંગે અનુભવી અને મગફળી અંગે વિશિષ્ટ માહિતી ધરાવનાર, નિષ્પક્ષ નાગરીકોનો પણ સમાવેશ કરવો જરૂરી છે. 'નાફેડ'ના ચેરમેન તો ત્યાં સુધી કહેતા નજરે ચડ્યા છે કે મારા આટલા વર્ષના જીવનમાં આવું મગફળીનું કૌભાંડ મેં ક્યાંય જોયું નથી. જો નિયમ મુજબ જ ખરીદી કરવામાં આવી છે તો શા માટે બંને પક્ષકારો તટસ્થ તપાસ માટે સંમત થતાં નથી તે એક પ્રશ્ન છે. તપાસ સમિતિ સમક્ષ ગુજવત્તા વગરની મગફળીની ખરીદી, સરકારની બેદરકારી અને આગ લાગવાના બનાવની તપાસ કરાવવી જરૂરી છે. સાથો સાથ, આ આખાય કૌભાંડમાં સત્ય જાણવા ગુજરાતની પ્રજા હક્કદાર છે. આ આખાય પ્રકરણમાં રાજ્ય સરકાર છટકી શકે નહી. જો પ્રમાણીકતા, તટસ્થતા, અને કોઈની પણ શેહ-શરમમાં આવ્યા વગર નિષ્પક્ષ તપાસ થાય તો દૂધનું દૂધ અને પાણી નું પાણી સાબિત થઈ શકે તેમ છે.

આજે પરિસ્થિતી એવી ઊભી થઈ છે કે સૌરાષ્ટ્ર ઓઈલ મિલ્સ ઓનર્સ એસોસિએશન એમ કહે છે કે ગોડાઉનમાં પડી રહેલી મગફળીની ગુણવત્તા નકકી કરી આપો પછી અમે ખરીદી કરીએ. આશરે રૂ. ૯૦૦ પ્રતિ મણના ભાવે ખરીદેલી મગફળી ઉપર બીજો અન્ય ખર્ચ જેવો કે મજૂરી, સેસ, ભારદાન, પરિવહન વગેરેને ઉમેરીએતો તે રૂ. ૧૨૦૦ થી ૧૩૦૦ સુધી પહોંચેછે એટલે આટલી મોંઘી મગફળી શું મીલર્સ ખરીદશે ખરા?

અને ખરીદશે તો સીંગતલના ભાવ આગામી સીઝનમાં આસમાને પહોંચશે તેવું લાગી રહ્યું છે. અત્યારે તો મગફળી પ્રકરણમાં સામ-સામે આક્ષેપોની વણઝારમાં કૌભાંડ દબાઈ તો નહી જાયને!

લેખક : ગૌતમ ઠાકર)(હિં.સ.)

વડોદરાની મ.સ.યુની.ના પ્રોફેસરના સસરાની

જિંદગીનો સૂરજ ઉગતા સૂર્યના પ્રદેશ અરુણાચલમાં આથમી ગયો !

તવાંગનું સરકારી તંત્ર અને ગ્રામજનોએ સતત સાથે રહી હુંફ આપી : શહેરના વહીવટી તંત્રએ શીખવું રહ્યુ



વડોદરાની મ. સ. યુનિવર્સિટીના પ્રોફેસરો તેમના પરિવાર સાથે ઉનાળુ વેકેશનમાં આસામ , મેઘાલય અને અરૂણાચલ પ્રદેશ ગયા હતા. આનંદમય આ પ્રવાસ દરમિયાન અરૂણાચલના તવાંગ ગામે પહોંચતા એક પ્રોફેસરના સસરાને હૃદયરોગનો હુમલો થતા તેમનું શરીર શાંત થઈ ગયુ. અને અજાણ્યા આ ગામમાં શું કરીશું ? એ પ્રશ્ન દુઃખદાયક જાણે છે.'

આ અકળ વાકય બીજા દિવસે જંગલ ભ્રમણ વખતે સાચુ પડવા લાગ્યુ.

રમેશભાઈ પટેલને છાતીમાં દુઃખાવો ઉપડ્યો. તરત તવાંગ લઈ જવાની તજવીજ દીકરી-જમાઈ અને મિત્રોએ હાથ ધરી. પણ ગામમાં ખાનગી દવાખાના નહીં હોવાથી નજીકની સરકારી હોસ્પિટલમાં રમેશભાઈને લઈ જવાયા. ત્યારે રાત્રિના ૧૦ વાગ્યા હતા. જો કે ત્યાં સુધીમાં તેમની ખુબસુરત જિંદગીની સફર કાયમ માટે અટકી ગઈ. આ મુસીબતની ક્ષણમાં ગુજરાતી પ્રવાસીઓને હોસ્પિટલના સ્ટાફ અને ગ્રામજનોએ કહ્યું કે :

'તમે કોઈ જ ચિંતા કરશો નહી, બધું જ અમે સંભાળી લઈશું.''તેથી પડી ભાંગેલા નિવ્યાબેન અને ભરતભાઈને ધરપત થઈ.

બીજા દિવસે સવારે ૭ કલાકે નિયમ મુજબ રમેશભાઈની એફઆરઆઈ નોંધાઈ. સવારે ૧૦ વાગ્યા સુધીમાં તો પોસ્ટમોર્ટમ થઈ ગયું. બીજી તરફ ગુજરાતી પ્રવાસીઓ જે હોટેલમાં રોકાણ કર્યું હતું, એ હોટેલના માલિકે પણ વોટ્સએપની મદદની તમામ હોટેલના માલિકોને જાણ કરી દીધી. એટલે રમેશભાઈ પટેલની અંતિમયાત્રામાં ૪૦થી વધુ સ્થાનિક લોકો સામેલ થયાં. તવાંગના બૌદ્ધ ધર્મમાં આસ્થા ધરાવતા ગામ લોકોએ સ્મશાનમાં ચિતા ગોઠવી દીધી. દીકરી નિવ્યા પટેલે પોતાનાં પિતાના પાર્થિવ શરીરને અગ્નિદાહ આપ્યો અને પછી હાથ જોડીને સ્થાનિક લોકોને કહ્યું કે, ''હવે તમે જઈ શકો છો ! ''જોકે ઉપસ્થિત લોકોએ પ્રત્યુત્તરમાં કહ્યું કે,

''જ્યાં સુધી તમે અસ્થિ નહીં લ્યો ત્યાં સુધી અમે નહી જઈએ.'' બપોરે એક વાગે સ્મશાનવિધિ પૂર્ણ થઈ. પછી સ્થાનિક લોકો છૂટાં પડ્યાં. અને રમેશભાઈના અસ્થિનું વિસર્જન બ્રહપુત્રા નદીમાં કર્યુ એ વાત યાદ કરીને કહેતા ભરતભાઈ ગળગળા થઈ કહે છે.'જાણે પોતાના પરિવારમાં ઘટના બની હોય એ રીતે તવાંગવાસીઓએ કાળજી લીધી. કદાચ વડોદરામાં આવી ઘટના બની હોય તો આપણે આટલી દોડધામ કદાચ ન કરી હોત..'' હજી આગળ શું બોલવું એ નહી સમજાતા મૌન રહે છે.

આ ઘટના માનવતાનો અનોખો સંદેશો આપી જાય છે. આ હૃદયદ્રાવક ઘટના વિષે આપનો અભિપ્રાય મને ' મેઘ - વર્ષા' ૧૪, સમગિરિ સોસાયટી નં 3, સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી કોરિંગ , માંજલપુર, વડોદરા. ૩૯૦ ૦૧૧ અથવા.મો.૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવશો તો ગમશે.

સંવેદના :યોગી નહી પણ ઉપયોગી બનવું જરૂરી
મનિષ જોષી,'મીન' વડોદરા

સંવેદનાના ફૂલ

- મનીષ જોષી

બાળકો અને યુવાઓમાં વધતો ડાયાબિટીસનો ખતરો

તાજેતરમાં જ થયેલા નવા અભ્યાસ અનુસાર દેશમાં ડાયાબિટીસ અત્યંત ઝડપથી વધી રહેલી બીમારી બની ગઈ છે. ખરાબ ખાણી-પીણી, સ્ટ્રેસ અને શારીરિક વ્યાયામના અભાવને તેનું સૌથી મોટું કારણ માનવામાં આવ્યું છે. છેલ્લા બે દાયકામાં ડાયાબિટીસ બાળકો અને યુવાઓમાં સૌથી ઝડપથી વધી રહેલી બીમારી બની છે.

ડાયાબિટીસ કઈ રીતે થાય છે આપણા શરીરમાં લોહી દ્વારા પોષક અને જીવનદાયક તત્વો પહોંચે છે જેમાંથી એક છે શુગર 'ગ્લૂકોસ'. જો લોહીમાં શુગરની માત્રા અસામાન્ય રીતે વધી જાય છે તેને ડાયાબિટીસ કહે છે. આપણા શરીરમાં શુગર લોહીમાં બે રીતે પહોચે છે. પહેલા ભોજન થકી અને પછી લિવર થકી. આપણા ભોજનનો એક મોટો હિસ્સો કાર્બોહાઈડ્રેટમાંથી બનેછે જે શુગરનું સંયુક્ત રૂપ છે. આ કાર્બોહાઈડ્રેટ ભોજન પચાવવાની ક્રિયા દરમ્યાન શુગરમાં પરિવર્તિત થઈ જાય છે. ટાઈપ-૧ ડાયાબિટીસ ટાઈપ-૧ ડાયાબિટીસ પૈંક્રિયાસની બીટા કોશિકાઓ દ્વારા ઈન્સ્યુલિન ન બની શકવાને કારણે ઉત્પન્ન થાય છે. લોહીમાં શુગરની માત્રા વધારે થવાથી પણ આ કોશિકાઓમાં પ્રવેશ કરી શકતાં નથી જેના કારણે લોહીમાં શુગરનું પ્રાણ ઘણું વધી જાય છે. ટાઈપ-૧ ડાયાબિટીસમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ પૈંક્રિયાસની બીટા કોશિકાઓને નષ્ટ કરવા લાગે છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

કેન્સરને આવકારનારા કેટલાક મહત્ત્વના કારણો વિશે જાણો

આરોગ્ય સંહીતા

કેન્સર એ દરદીઓમાં જોવા મળતા કોમન પ્રોબ્લેમ્સને અલગ તારવીને જ્યારે જોવામાં આવ્યા તો ખબર પડી કે કબજિયાત, એસિડિટી, અપૂરતી ઊંઘ અને ખરાબ ઈમોશનલ હેલ્થ એ ચાર બાબતો એવી છે જે ૯૭ ટકા દરદીઓમાં સામાન્ય રીતે જોવા મળી હતી. કઈ રીતે આ ચાર બાબતો કેન્સરને તાણી લાવે છે એ સમજીએ અને એનાથી દૂર રહીને કેન્સરથી બચવાનો પ્રયાસ કરીએ

કેન્સર નામની મહામારી સામે લડવા માટે આપણી પાસે અદ્યતન ઈલાજ ઉપલબ્ધ છે. દુનિયાભરમાં વધુ ને વધુ લોકો કેન્સરનો ભોગ બની રહ્યા છે ત્યારે તેમના માટે સારી કલ્યાણકારી ઈલાજ ઉપલબ્ધ થાય એ ખૂબ સારી વાત છે, પરંતુ કદાચ એથી પણ વધુ મહત્વની વાત છે કે આપણે કેન્સરને રોકી શકીએ. કોઈ પણ રોગમાં પ્રિવેન્શન એ ક્યૉર કરતાં વધુ સારું માનવામાં આવે છે, પરંતુ કેન્સર જેવા રોગને થતો અટકાવી શકાય ખરો? કોઈ પણ રોગને અટકાવવા માટે પહેલાં એનાં કારણો ખબર હોવાં જરૂરી છે. કેન્સર થવા પાછળ તમાકુ, હવામાંનું પ્રદૂષણ, રેડિયેશન, ખોટી લાઈફ-સ્ટાઈલ, ઓબેસિટી જેવાં કેટલાંક કારણો જાણીતાં છે; પરંતુ આ કારણો સિવાય પણ અમુક વસ્તુઓ છે જે કેન્સરને રોકવા માટે જાણવી જરૂરી છે. આજે આપણે જે દુનિયામાં રહીએ છીએ એ દુનિયા આખી દૂષિત થઈ ગયેલી છે. આપણે જે હવાને શ્વાસમાં લઈએ છીએ ત્યાંથી લઈને આપણું પાણી, ખોરાક, સમગ્ર વાતાવરણ દૂષિત થયેલું છે. આ કારણો છે જેને લીધે આપણે કેન્સર જેવા વધુ ને વધુ રોગોનો શિકાર બની રહ્યા છીએ. આ સિવાય અમુક આંતરિક કારણો પણ છે જેને લીધે કેન્સર આટલું વ્યાપક બની રહ્યું છે. જેટલું આપણે બહારી પરિબળોને જોઈએ છીએ એટલું જ આંતરિક પરિબળને જોવું પણ મહત્વનું છે. લાંબા ગાળાની કબજિયાત કબજિયાત એ કોઈ તકલીફ નથી પરંતુ રોગ છે. જ્યારે તમને લાંબા ગાળાથી કબજિયાતની તકલીફ હોય ત્યારે તમારી સિસ્ટમમાં જે શરીરની બહાર ફેંકી દેવો ખૂબ જ જરૂરી છે એ ટૉક્સિક વેસ્ટ તમે વર્ષો સુધી શરીરમાં ભેગો કરતા રહો છો. ખાસ કરીને સ્ત્રીઓમાં કોલોનની જગ્યાએ આ કચરો ભરાઈ જાય ત્યારે કચરાની સાથે-સાથે એસ્ટ્રોજન નામનું સ્ત્રીઓમાં રહેલું હૉર્મોન જે શરીરની બહાર ન જઈ શકવાને કારણે શરીરમાં ભરાતું જાય છે અને કેન્સરકારક બની જતું હોય છે. એસ્ટ્રોજનને કારણે થતા કેન્સરમાં સ્ત્રીજન્ય કેન્સર બધાં જ આવી જાય છે. ટૉક્સિક વેસ્ટને કારણે રોગપ્રતિકારક શક્તિ પણ ઓછી થઈ જાય છે અને એની સાથે-સાથે જીન્સને મ્યુટેટ થવા માટેનું વાતાવરણ પણ એને કારણે સર્જાય છે. જો જીન્સ મ્યુટેટ થઈ ગયા હોય તો એને વધવા માટે પણ આ વાતાવરણ અનુકૂળ આવે છે. ઍસિડિટી ઍસિડિટી એક એવી તકલીફ છે કે બધા હેલ્થ-ઈશ્યુ અહીંથી જ ચાલુ થાય છે. કેન્સરના કોષો ઍસિડિક વાતાવરણમાં ઊછરે છે. જેનું શરીર ઍસિડિક છે તેના શરીરમાં ગાંઠ થવાની અને વધવાની શકવતા ઘણી વધુ રહે છે. આ પ્રકારનાં શરીર પાઈરસ, બૅક્ટેરિયા અને બીજ કીટાણુ માટે આકર્ષણનું કેન્દ્ર બને છે જ્યાં આ કીટાણુ ફૂલેફાલે છે. જોકે એનો અર્થ એ પણ નથી કે શરીરને આલ્કલાઈન બનાવવા માટે આલ્કલાઈનયુક્ત ખોરાકનો મારો ચલાવવામાં આવે એ પણ ખોટું છે. ઍસિડ અને આલ્કલી બન્નેનું યોગ્ય બૅલન્સ જરૂરી છે. ખરાબ ઈમોશનલ હેલ્થ દરદીની જોડે વાત કરો તો ખબર પડે છે કે કોઈ ખાસ બનાવ આ દરદીઓના જીવનમાં બન્યો હોય છે. ખાસ કરીને કેન્સરના નિદાનના છ કે બાર મહિના પહેલાં કે એનાથી પણ જૂનો કોઈ બનાવ હોય શકે છે જે બનાવને કારણે તેમની ઈમોશનલ હેલ્થ જોખમાઈ હોય. જેટલા પણ દરદી હતા એમાંથી ૯૭ ટકા દરદીઓ એવા હતા જેઓ એક્સ્ટ્રીમ ઈમોશનલ સ્ટ્રેસમાંથી પસાર થયા હતા. આ એ સ્ટ્રેસ નથી જે આપણે રોજિંદા જીવનમાં મેળવીએ છીએ. આ ક્રોનિક સ્ટ્રેસ છે જે મહિનાઓ અને વર્ષો સુધી દરદીને હેરાન કરી રહ્યું હોય છે. જેમ કે ડિવૉર્સ, કોઈ પોતાની ખાસ વ્યક્તિનું મૃત્યુ, ફિઝિકલ ટ્રૉમા, આર્થિક રીતે પડી ભાંગવું વગેરે. આ એ પ્રકારનાં દુખ છે જેમાં માણસ અંદરથી ખવાતો જાય છે. એ વધુ હાનિકારક ત્યારે બને છે જ્યારે આ ઈમોશન આપણી અંદર જ ઘરબાઈ રહે છે અને બહાર આવતું જ નથી. જે રીતે ફિઝિકલ ટૉક્સિક વેસ્ટને શરીરની બહાર ફેંકવો જરૂરી છે અનુસંધાન પાના નં.૬ ઉપર

વરસાદના મૌસમમાં બહારના ભોજન થઈ શકે છે ખતરનાક

આમ તો હમેશા જ બહારની વસ્તુઓ થી દૂર રહેવું જોઈએ પણ વરસાતના મૌસમમાં બહારની વસ્તુઓ ખાવામાં વધા સાવધાની રાખો. કારણ કે ઘણી વાર રોગ પ્રતિરોધક ક્ષમતા ઓછી થવાથી બેકટીરિયાના હુમલા જલ્દી થાય છે. ફાઈડ ફૂડ્ન ખાવો.

કારણ કે પાચન ક્રિયા આ મૌસમમાં ધીમી થઈ જાય છે જેથી એસિડીટીની સમસ્યા થઈ શકે છે. માંસાહારના પ્રયોગથી બચવું જોઈએ.

વરસાતના મૌસમમાં તુલસી , આદું , ફુદીના હળદર હીંગ , જીરા અને લીમડાના વધારે સેવન કરો કાર્ન કે આ પાચનતંત્રને મજબૂત બનાવે છે અને પેટ સંબંધી રોગોથી દૂર રાખે છે.

એમાં એસીડીટી ,કબ્જિયાત અપચ જેવી સમસ્યાઓ નહી થાય છે.

વરસાતના મૌસમમાં પેટના સાફ-સફાઈ માટે થોડી માત્રામાં મધના સેવન કરવા લાભકારી હોય છે.

મધ આંતરડાને સાફ કરે છે .

દાણા મેથી , હળદર અને કરેલા તમને સંકમણ થી બચાવે છે.

આ સિવાય રોગ પ્રતિરોધકતા વધારવા માટે ખાટા અને વિટામિન સી થી ભરપૂર ફળ જેવા સંતરા વગેરેના સેવન કરો.

ત્રિફળા રસાયણ

આયુર્વેદનું અમૃત — **વૈદ્ય મહેશ અખાણી**

આજનો યુવાન જલ્દી ઘરડો થયો છે. અકાળે સફેદ વાળ થઈ જાય.... તે તો જલ્દી આજના રાસાયણિક આહારને ભેળસેળિયા જમાનાના કારણે હશે, પરંતુ ઋષિની કલ્પના મુજબ ..... કારણ વિના અભ્યાસની વૃતિ જ જલ્દી ચાલી ગઈ છે. આજે ભારતીય સંસ્કૃતિ રડતી રહેલી છે. આજે મંદિર, મૂર્તિપૂજા, યજ્ઞ, એકાદશી જેવા સંસ્કૃતિના સાધનોમાંથી તેનું સત્વન તત્વ ચાલ્યું ગયું છે..... તેને હું ઉભું કરીશ.... આવું વિચારનાર ને ૧૦૦ સૂર્ય નમસ્કાર કરનાર કોઈ યુવાન છે ખરો ? આજે આપણા પ્રધાન મંત્રી, ક્રિકેટર વિરાટ કોહલીને કેન્દ્રીય મંત્રી ...શરીર, મનની તંદુરસ્તી માટે યોગ-આસનનના પોતાના વીડીઓ બહાર પાડી ને સૌને કેક અંશે યુવાન બંનાવવાની પ્રેરણા આપી રહ્યાછે. આયુર્વેદમાં આવી સમજણને જીવન માટે આચાર રસાયણ કહ્યું છે. તથા ઔષધ રસાયણ એટલે..... ત્રિફળા જેવા અનેક પ્રયોગો આપ્યા છે.

હરડે, બહેડા અને આમળાના મિશ્રણને આયુર્વેદે ત્રિફળા કહ્યા છે. જેનાથી સૌ કોઈ પરિચિત છે. આયુર્વેદનું આ ઔષધ સામાન્ય રીતે કબજિયાત, હાર્ટ બી.પી, હરસ-મસા, વાઢીયા, આંખના, વાળના રોગો માટે લોકો ઉપયોગ કરેછે. પરંતુ તેના અનેક ઉપયોગો છે, તેને જુદી જુદી પદ્ધતિ એ લઈ શકાય છે તેમ તેની આડઅસર પણ છે.... તેથી રખે એમ માનતા કે આયુર્વેદના ઔષધોની આડઅસર નથી.

આ ત્રિફળા એક રસાયણ પણ છે. રસાયણ એટલે યુવાન જેવી સ્ફૂર્તિ, ચણતાને ઉત્સાહ, યાદશક્તિમાં વધારો, ઘડપણના રોગોમાંથી મુક્તિ, સાતેય ધાતુઓમાં વધારો,આ બધું જ વિધિવત સંપૂર્ણ પંચકર્મ કરાવીને, બ્રહ્મચર્ય પાલન કરતાં નિષ્ણાત વૈદ્યના માર્ગદર્શન થી ત્રિફળા લેવામાં આવેતો તે રસાયણ નું કુળ આપે છે.

- **હરડે :** ખોરાકના છ રસ છે. છ એ રસ જેમાં હોય તે ઉત્તમ આહાર કે ઔષધ કહેવાય. તમામ દ્રવ્યોમાં માત્ર ત્રણ જ ઔષધો એવા છે કે જેમાં પાંચ રસ છે. હરડે, આમળાં અને લસણ.

(હરડે અને આમળાંમાં લવણ – નમક નથી. અને લસણમાં ખટાશ નથી.) ...હરડે એ શરીરના દોષો ને પચાવી ને હળવે- હળવે મળ માર્ગથી બહાર કાઢે છે. અપાન વાયુનું અનુલોમન- નીચે ઉતારે છે. ભૂખ લગાડે, પાચન સુધારે છે. આયુષ્ય માટે હિતકારી છે. ઉમરને સ્થિર રાખેછે. બુદ્ધિ, ઈન્દ્રિયોને બળ આપે છે.

..... દૂબળા, સગર્ભા, ભૂખ, તરસ, ગરમીથી પીડાતા માણસે હરડે લેવી નહિ.

હરડે સામટીના રોગોને, ગેસ- વાયુને ગોળાના દર્દને દૂર કરેછે. લોહી ઓછું હોય, મસા, મરડો, મલેરિયા, હૃદયરોગ, માનસિક રોગ, અપચા થી થતા ઝાડા હરડે થી મટેછે. ખોરાક ખાવા પ્રતિ રૂચિ ઉત્પન્ન થાયછે. પ્રમેહ-મધુમેહમાં લાભદાયી છે. ઉધરસ, આકરો, પેટના રોગો- બરોળ કે લીવર વધી જવું, કમળો, સોજા, કૃમિ, શ્વાસરોગ, વારંવાર ઉલટી થવી, કફને શરદીના રોગો હરડેથી દૂર થાય છે. નપુંસકતા દૂર થાય છે. બુદ્ધિને યાદશક્તિમાં વધારો થાય છે.

- **બહેડાં :** બહેડા પચવામાં તીખા છે, હલકા છે, સ્વાદમાં તીખા, કડવાને તૂરાં છે. ગુણ માં ગરમ છે. પચ્યા પછી મીઠા છે, કફ- વાયુનો નાશ કરેછે. વાળ વધારમાં બહેડા ઉત્તમ છે. આંખોનું તેજ વધારેછે. શરદી, ખાંસી, શ્વાસ મટાડે છે. કૃમિ દૂર કરે છે. સ્વરને સુધારે છે. શરીર ની ધાતુઓ રસ, રક્ત, માંસ, મેદના દોષોને દૂર કરે છે.

- **આમળાં :** હરડે ને આમળાંમાં વિશેષ તફાવત નથી. હરડે ગરમ છે ને આમળાં ઠંડા છે. આમળાં સ્વાદમાં તૂરાં, ખાટાને મીઠા છે તથા પચવામાં હલકા છે. તેનાથી બળતરા, પિત્ત, ગરમીના રોગો, ઉલટી, પ્રમેહ દૂર થાય છે. આમળાં કફને શ્વાસરોગ મટાડે છે, તેનાથી ખોરાક પ્રતિ રૂચિ ઉત્પન્ન થાયછે. કબજિયાત મટાડે, ચક્કર દૂર કરે, આકરોને શરીરને અક્કડ કરનારા દોષો ને દૂર કરેછે.

- **ત્રિફળા રસાયણ :** રસાયણની કળા પ્રાપ્તિ માટે પંચકર્મ કરાવવું આવશ્યક છે. ઇતાંપણ આજના ઝડપી જમાનાના યુગમાં ઘરેલું પદ્ધતિથી ઉપયોગ કરી શકાય. જો કે આ પ્રયોગ આજના અલ્પ બળને અલ્પ સત્વ વાળા લોકો એ તેના પ્રમાણ માપમાં ફેરફાર કરવો જોઈએ કે તેનું માપ ઘટાડવું જોઈએ.

શાસ્ત્રમાં લખ્યા મુજબ .... ખાધેલો ખોરાક પચ્યા પછી એક હરડે ચાવવી કે ચૂસવી, ભોજન પહેલા બે બહેડાનો પ્રયોગ કરવો અને ભોજન પછી તરતજ ચાર આમળાંનું ચૂર્ણ મધ તથા ઘીની સાથે ચાટવું. આ રીતે એક વર્ષ સુધી ત્રિફળારસાયણનો પ્રયોગ કરવો. બળને પાચનને અનુરૂપ માત્રામાં ફેરફાર કરવો.

ઉપરાંતમાં આયુર્વેદ માટે હરડે ના રસાયણ પ્રયોગ માટે જે ઉલ્લેખ કર્યો છે તે જ પ્રયોગ ત્રિફળાના પ્રયોગ થી કરી શકાય છે તેવું કેટલાક અનુભવી નું કહેવું છે. જેમકે.... વર્ષાઋતુમાં સિંધવ સાથે, શરદ ઋતુમાં સાકર સાથે, હેમંત ઋતુમાં સુંઠ સાથે, શિશિરઋતુમાં લીંડી પીપર સાથે, વસંત ઋતુમાં મધની સાથે અને ગ્રીષ્મઋતુમાં ગોળ ની સાથે હરડે ખાવી/ ત્રિફળા લેવી. અહી ત્રિફળા ના મિશ્રણ માં ઉપર બતાવ્યા મુજબ ૧+ ૨+ ૪ રાખવું. જો કે આ પ્રયોગો કેમીલી વૈદ્ય ના માર્ગદર્શન થી જ કરવા જોઈએ.

વૈદ્ય મહેશ અખાણી
વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર) મો.૯૪૨૩૯૯૧૨૫

અહંકાર, આનંદ અને ઉત્સવ

માનસ — **ડૉ. પ્રવીણ પટેલ**

ગતાંકથી ચાલુ

સદીઓની, સત્યપૂર્ણ ધર્મ અને તેના ઉપદેશકોને ધર્મવિક્રેતાઓ અને સત્તાનશીન ધર્મડી રાજકારણીઓ મૃત્યુતુલ્ય પીડા અને ? કયાકેક તો દેહાંતદંડ પણ અપાતા આવ્યા છે.કારણ સ્પષ્ટ જ છે. 'વસુધૈવ કુટુંબકમ્' ભાવનાને વરેલા એ આત્મજ્ઞાનીઓના મુખેથી જ્યારે સમાનતા, સુખશાંતિ, આત્મ સ્વાતંત્ર્ય, નીરંતર આનંદ વર્ષાની પ્રાપ્તિની ઓજસપુર્ણ વાણીમાં સત્ય પ્રગટે છે. ત્યારે શાસકોના અત્યાચાર, અનાચાર સામે ચેતનાયુકત થયેલા જાગૃત લોકો બંડ પોકારે છે. તેમનાં આધિપત્ય, આખુંદશાહી, શોષણ અને અહંકારનો ખાત્મો બોલાવી દે છે અને આવી પરીસ્થિતિ સર્જાય તેવું કોઈપણ સત્તાધારી નેતા કદાપિ નહીં જ ઈચ્છે.

મદાંધ કંસને જ્યારે ખબર પડી કે તેની બહેનની કુક્ષીથી જન્મનાર તેનો જ ભાણેજ તેનો સંહાર કરશે. ત્યારે કંસે દેવકી વાસુદેવ બહેન બનેવીને કારાગૃહમાં ધકેલી દીધાં. સીધા સાદા સરળ લોકો, સ્નેહીજનો પર અત્યાચાર ગુજારનાર અહંકારી કંસને છેવટે તેના દુષ્કૃત્ય બદલ શ્રીકૃષ્ણના હાથે મરવું જ પડયું. યાજ્ઞકચનું અપમાન કરનાર ઘમંડી ધનાનંદ રાજાનું નિકંદન નીકળી ગયું. સતી જરસમા ઓડણ પર ગર્વની આધિપત્ય જમાવવા જતાં રાજા સિદ્ધરાજ જયસિંહનું નખ્ખોદ ગયું અને આજે પણ પાટણના સહસ્ત્રલીંગ તળાવમાં પાણી રહેતું નથી.

ગુજરાતના મૂર્ધન્ય કવિ સ્વ.શ્રી ઉમાશંકરભાઈ જોષીની કાવ્યપંક્તિ છે.

'ભુખ્યા જનનો જઠરાગ્નિ જાગશે,
ત્યારે ભસ્મની કણી નવ લાધશે'

૧૮ મી સદીમાં ફ્રાંસમાં બુર્બોવંશના લુઈ રાજાઓ શાસક તરીકે ભારે આપખુદ, ઉડાઉ, વિલાસી અને સ્વચ્છંદી બની ગયા હતા. વહીવટી તંત્ર, ન્યાયતંત્રના બુરા હાલ હતા, ઉમરાવો અને ધર્મગુરૂઓ ઉચ્ચ સ્થાને બેસી વિશેષાધિકાર ભોગવતા હતા. લોકો ભુખે મરવા લાગ્યા ત્યારે મોનોસ્ક, વોલ્તર, રૂસો જેવા વિચારકોએ પ્રજાને માનસિક રીતે તૈયાર કરી. લોકોએ જોરદાર ક્રાંતિ કરી, લોકશાહી સ્થાપી, આપખુદ રાજા લુઈ ૧૬ મો દેશ છોડી ભાગવા લાગ્યો, લોકોએ તેને ફ્રાંસી આપી દીધી. અહંકાર કદાપિ આનંદ નહીં, હંમેશાં અવસાદ જ સર્જે છે.. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

લાઈપોડિસ્ટ્રફી

હિમોથેરાપી

આ બીમારીથી શરીરમાં ફેટ બનવાનું બંધ થઈ જાય છે આ એક વારસાગત બીમારી હોય છે જેમાં શરીરમાં ફેટ બનવાનું બંધ થઈ જાય છે. એચઆઈવી ઈન્ફેક્શનના કારણે પણ લાઈપોડિસ્ટ્રફી થઈ શકે છે. આ બીમારીમાં ફેટનું રિડિસ્ટ્રિબ્યૂશન યોગ્ય રીતે થઈ શકતું નથી. એચઆઈવી પોઝિટિવ લોકોમાંથી ત્રીજા ભાગના દરદીઓને આ બીમારી થઈ જાય છે ઈનહેરિટેડ લાઈપોડિસ્ટ્રફી વાસ્તવમાં આ બીમારીઓનો એક સમૂહ છે જેમાં સૌથી સામાન્ય બાબત છે કન્જેનિટલ જનરલાઈજ્ડ લાઈપોડિસ્ટ્રફી (સીજીએલ) તથા ફેમિલિયલ પાર્શિયલ લાઈપોડિસ્ટ્રફી (એફપીએલ). આ બન્ને પ્રકારના સબટાઈપ્સ પણ હોઈ શકે છે જેમના પોતાના લક્ષણો અને ગંભીરતાના ભિન્ન સ્તર હોઈ શકે છે. જેમ કે સીજીએલમાં બેબીજની નાભિનું અત્યંત મોટું હોવું કે હાર્નિયા હોવું, તેમનું અત્યંત ઝડપથી વધવુ અને તેમને તીવ્ર ભૂખ લાગવી, ગરદન અને આંખો જેવી જગ્યા પર તેમની ત્વચાનો રંગ ઘાઢો હોવો અને ત્વચા જાડી કે મખમલી હોવી વગેરે. બાળકોમાં લિવરનું વધવુ કે તેમનામાં બ્લડ શુગર કે ટ્રાઈગ્લિસરાઈડ સ્તરમાં અસંતુલન હોવું. ત્યાં મોટા લોકોમાં સીજીએ?લના કારણે હાથ-પગનું વધારે મોટુ હોવું, જડબાનું હાડકું પહોળુ હોવું, યૌન અંગોનો આકાર સામાન્ય ન હોવો, મહિલાઓમાં માસિક ચક્રની અનિયમિતતા કે માસિક ન આવવું કે પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ જેવી સમસ્યાઓ થવી અને અપર લિપ, હડપચી પર વાળ ઉગવા વગેરે સમસ્યાઓ હોઈ શકે છે. એફપીએલને ઓળખવાનું વધારે સરળ હોય છે કાણ કે તેના કારણે મોટાભાગે તેમના શરીર પર વાળ વધારે પ્રમાણમાં ઉગવા લાગે છે, તેમની માંસપેશીઓ બોડી બિલ્ડર જેવી દેખાય શકે છે અને પીરિયડ્સમાં પણ અસંતુલન હોઈ શકે છે. આ મહિલાઓમાં આગળ જતાં ડાયાબિટીસ, હાઈ ટ્રાઈગ્લિસરાઈડ તથા હૃદય રોગ થવાની આશંકા પણ વધારે હોઈ શકે છે. આ સમસ્યા બે પ્રકારની હોય છે. એક ફેટ લોસ તથા બીજી ફેટ બિલ્ડઅપ. તેમાં મોટાભાગે જોવા મળ્યું છે કે પુરૂષો ફેટ લોસ કરે છે જ્યારે કે મહિલાઓ ફેટ બિલ્ડઅપ જેવી સમસ્યાનો શિકાર બની જાય છે. પુરૂષોમાં ફેટ જમા થાય છે બાજુઓ અને પગમાં. તેમના શરીરની નસો ફૂલેલી દેખાવા લાગે છે. ચિબુકની માંસ હટી જાય છે અને ચહેરો સંકોચાઈ જાય છે. મહિલાઓમાં પેઢા અને કટિ પ્રદેશમાં, સ્તનમાં, ગરદનના હાડકાંની પાછળ, ખભા પર ફેટ જમા થઈ જાય છે. ફેટ સ્ટોરેજમાં સમસ્યા લાઈપોડિસ્ટ્રફી એક એવી સમસ્યા છે જેના કારણે શરીરને ફેટ સ્ટોરેજ અને પ્રયોગમાં સમસ્યા સર્જાય છે. ઈનહેરિટેડ લાઈપોડિસ્ટ્રફીનો અર્થ છે એવી સમસ્યા જેને પીડિત જન્મતાની સાથે લઈને આવે છે. આ પીડિતને તેના માતા-પિતામાંથી કોઈ એક કે બન્ને દ્વારા પ્રદાન કરાયેલા જીન્સમાંથી મળે છે. આ કારણે ત્વચાની અંદર વસામાં માત્રા ઘટી જાય છે જેના કારણે પીડિત વિચિત્ર દેખાઈ શકે છે કે તેના શરીરમાં અન્ય ફેરફાર પણ થઈ શકે છે. હૉર્મોનનું અસંતુલન શસીરમાં રહેલા ફેટ ટિશ્યૂ લેપ્ટિન નામક હૉર્મોન બનાવે છે. ઈનહેરિટેડ લાઈપોડિસ્ટ્રફીથી ગ્રસિત વ્યક્તિમાં આ કેમિકલની માત્રા ઘટી શકે છે. લેપ્ટિન શરીરને જણાવે છે કે પૂરતુ ભોજન લઈ લેવામાં આવી ચૂકયું છે અને ઈન્સ્યુલિન બનાવવાનું શરૂ કરવામાં આવે. ઈનહેરિટેડ લાઈપોડિસ્ટ્રફીના દરદીઓમાં આવું થતું નથી. સાથે આ લોકોમાં ફેટ એવી જગ્યાએ એકત્રિત થવાનું શરૂ થઈ જાય છે જ્યાં તે હોવો ન જોઈએ. જેમ કે લિવર, કિડની, હૃદય, રક્ત અને પેન્ક્રિયાસ વગેરે. આ સ્થિતિને કારણે ડાયાબિટીસ, હાઈ કોલેસ્ટ્રોલ, ટ્રાઈગ્લિસરાઈડ તથા ફેટી લિવર જેવી સમસ્યાઓ પણ થઈ શકે છે.

કાબૂમાં આવી શકે છે વૈજ્ઞાનિકો આ વિષય પર વર્ષોથી સંશોધન કરી રહ્યાં છે અને એ નિષ્કર્ષ પર પહોંચ્યા

રવિયા છે કે જો ડોક્ટરના માર્ગદર્શન હેઠળ યોગ્ય ઈલાજ કરવામાં આવે, લો ફેટ ડાઈટ લેવામાં આવે અને યોગ્ય પ્રકારની એકસરસાઈઝ કરવામાં આવે તો આ બીમારી સાથે પણ સામાન્ય જીવન જીવી શકાય છે. ડોક્ટર લક્ષણોના આધારે વિભિન્ન તપાસની સલાહ આપે છે જેથી કરીને શરીર પર બીમારીની અસરને સમજી શકાય. જેનેટિક ટેસ્ટિંગ પણ આ સંદર્ભમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. એક સ્વસ્થ જીવનશૈલી આ બીમારીમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. લો ફેટ ડાઈટ, નિયમિત કસરત અને શારીરિક ગતિવિધિઓ આ બીમારીની અસરને નિયંત્રિત કરવામાં અત્યંત કારગર સાબિત થઈ શકે છે. તેથી ડોક્ટરની સલાહથી દવાઓ ઉપરાંત નિયમિત જીવશૈલી અપનાવો.

વરસાદના પાણીથી ત્વચા રોગો અને કેન્સરમાં લાભદાયક ફાયદો

મન બિલોરી કાચ

મુંબઈમાં અને ગુજરાતમાં અનેક ઠેકાણે વરસાદે દેખા દઈ દીધી છે અને ભલું થશે તો ૧૧મીથી એટલે કે આવતીકાલથી મેઘરાજા સત્તાવાર રીતે પગરણ માંડી દેશે. પહેલા વરસાદમાં નહાવું કોને ન ગમે? પરસેવાથી લથબથ બે મહિના કાઢ્યા હોય ત્યારે પહેલો વરસાદ આવે ને ભીની માટીની સોડમ હવા લઈ આવે, ઠંડો પવન પણ મંદ મંદ વાતો હોય ત્યારે ખુશનુમા વાતાવરણ સર્જાઈ જાય છે.આ સ્નાન માત્ર મજા માટે જ નથી લેવાનું, આરોગ્યના ફાયદા માટે પણ લેવાનું છે. શું તમને ખબર છે કે તેનાથી તમારું સૌંદર્ય ઓર ખીલી ઊઠે છે?

જી હા, સાચી વાત છે. વરસાદનું પાણી તમારા ચહેરાની ત્વચા માટે ટૉનિકનું કાર્ય કરે છે. તમારા મુખમંડળની આભા ખીલી ઊઠશે. તમે આ પાણીને ગાળીને બોટલમાં ભરી લો અને પ્રતિ દિન આ જળથી મોઢું ધોશો તો તમારા ચહેરાની ત્વચા ઘણી નરમ રહેશે.

આખા શરીરની ત્વચાની સુરક્ષા માટે સરસવના દાણાને ધીમા તાપે શેકીને કાચા દૂધમાં વાટીને ઉબટન માટે ઘોળ તૈયાર કરી લો. આ ઉબટન સમગ્ર શરીર પર લગાવો. તેનાથી તમારું સૌંદર્ય ચાંદનીની માફક ખીલી ઊઠશે.

મુલતાની માટીને વરસાદના પાણીમાં આખી રાત પલાળીને સવારે દસ-પંદર મિનિટ સુધી લગાવો. તેનાથી ખીલમાંથી મુક્તિ મળશે. વરસાદના પાણીથી સવારે ઊઠીને ચહેરો ધોવો. પછી જોજો, તમારો ચહેરો ચમકી ઊઠશે.આ તો થઈ ચહેરાની ચમકની વાત. હવે જાણીએ વરસાદના પાણીને પીવાની યતા ફાયદા. વરસાદનું પાણી શુદ્ધ હોય છે. આજી તેની પીએચ નિચ્યંદિત (ડિસ્ટિલ્ડ) જળ અને આર.ઓ.ના પાણી જેટલી જ હોય છે. આલ્કલાઈન પાણી આરોગ્ય માટે ફાયદાકારક હોય છે જેમ કે શરીર શુદ્ધ થાય છે. પાચન તંત્ર સારું કામ કરે છે.

વરસાદનું પાણી પણ આલ્કલાઈન પાણીની જેમ આપણા શરીરમાં રક્તની પીએચને તટસ્થ કરે છે. રક્તના પીએચમાં ઝેરી તત્ત્વો ઘટશે. જોકે થોડું એસિડિક પણ બનશે. આમ, વરસાદ કે આલ્કલાઈન પાણી પીવાથી પીએચ તટસ્થ થશે જે આપણા શરીરને વધુ કાર્યક્ષમ બનાવે છે.વરસાદના પાણીના અન્ય ફાયદા પણ છે. સામાન્ય રીતે નખના પાણીમાં રહેલા જંતુઓને મારવા માટે લોકો ક્લોરિનનો ઉપયોગ કરતા હોય છે. જમીનમાંથી નીકળતા પાણીમાં ફ્લોરાઈડ હોય છે. કેટલાક દેશો, ખાસ કરીને વિકાસશીલ દેશો ક્લોરિનનો ઉપયોગ એન્ટિસેપ્ટિક તરીકે નગરપાલિકાના પાણીમાં કરે છે કારણકે તે સસ્તું છે, પરંતુ કર્મચારીઓ ઘણી વાર પાણીમાં વધુ પડતું ક્લોરિન નાખી દે છે. આથી આપણને પીવાના પાણીમાં ક્લોરિનની વાસ આવે છે. વધુ પડતા ક્લોરિન અને ફ્લોરાઈડવાળું પાણી પીવાથી આરોગ્યને લગતી અનેક સમસ્યાઓ થઈ શકે છે જેમ કે ગેસ્ટરાઈટિસ, માથાનો દુઃખાવો, ક્લોરિનની અસરના કારણે શરીરનાં અંગોને નુકસાન પહોંચાડે છે.

વરસાદના પાણીમાં આલ્કલાઈન પીએચની કેન્સરના કોષોનો પ્રસાર થતો અટકે છે કારણકે તે અગાઉ કહ્યું તેમ, આપણા રક્ત અને શરીરના અન્ય કોષોમાં પીએચને તટસ્થ કરે છે. આ રીતે વરસાદનું પાણી એન્ટીઓક્સિડન્ટ તરીકે વર્તે છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

એસિડિટીનો ઈલાજ ગોળીઓથી ના કરો

આરોગ્ય

દવાઓ ખાધા કરવાથી એસિડિટીની સમસ્યા દૂર થતી નથી. સૌપ્રથમ એ જાણવું જરૂરી છે કે એસિડિટી કયા કારણોસર થઈ છે અને એ કારણોને પહેલા દૂર કરવાની જરૂર રહે છે. આ જ એનું કાયમી સોલ્યુશન છે

આજકાલ લાઈફ-સ્ટાઈલ ડિસીઝનો ખૂબ મારો ચાલે છે. આપણી બદલાયેલી લાઈફ-સ્ટાઈલે આપણને ખૂબ પાંગળા બનાવી દીધા છે અને આપણા શરીરને ખૂબ કમજોર, જેને કારણે શરીરનું આખું ચક્ર જ અવ્યવસ્થિત બની જાય છે. દરેક સિસ્ટમ બગડી જાય છે. લાઈફ-સ્ટાઈલ ડિસીઝ બોલો તો લોકોને ડાયાબિટીઝ અને હાર્ટ-ડ

આરોગ્ય સંહીતા

અનુસંધાન પ નુ ચાલુ..

એ જ રીતે ઈમોશનલ ટૉક્સિનને પણ શરીરની બહાર ફેંકવાં જરૂરી છે. ફક્ત એને બહાર કાઢો એટલું જ પાછું મહત્વનું નથી, એ ઘાને રુઝાવવા પણ જરૂરી છે. આ સ્ટ્રેસને વ્યવસ્થિત હૅન્ડલ કરવાથી એ માનસિક ઘા પર રૂઝ આવે છે. એને યોગ, પ્રાણાયામ, ધ્યાન, ઈમોશનની આપ-લે, હકારાત્મક વલણ અને ફ્રતજ્ઞતાની ભાવના વડે હૅન્ડલ કરવું જરૂરી રહે છે. ઓછી ઊંઘ કૅન્સરનો લગભગ દરેક દરદી પોતાની આખી જિંદગી ઓછી ઊંઘની સમસ્યા ધરાવતો જોવા મળ્યો છે. ઊંઘ આપણા શરીર માટે અત્યંત જરૂરી વસ્તુ છે. કુદરત દ્વારા જે નિયમો ઘડાયેલા છે એ નિયમોને આપણે અનુસરીએ નહીં તો હેલ્થ કૉમ્પ્લીકેશન્સ આવે જ છે. આપણે જ્યારે ચૂઠીએ છીએ ત્યારે આપણા શરીરમાં મેલૅટોનિન પેદા થાય છે. આ હૉર્મોન ઍન્ટિ-કૅન્સર હૉર્મોન તરીકે પણ ઓળખાય છે. જ્યારે આપણે ઊંઘીએ છીએ ત્યારે મેલૅટોનિન આપણી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે.

મન બિલોરી કાચ

અનુસંધાન પ નુ ચાલુ...

ભારતીય ઔષધિ નિષ્ણાતો સૂચવે છે કે કૅન્સરના દર્દીએ વરસાદનું પાણી વધુ પીવું જોઈએ. તેમાંય પહેલા વરસાદના પાણીનો વધુકાયદો રહે છે.વર્ષોની ચાલતી આવતી ભારતીય માન્યતા મુજબ, દરરોજ સવારે વરસાદનું પાણી બે-ત્રણ ચમચી ખાલી પેટે પીવું જોઈએ. આલ્કલાઈન પીએચ પેટના એસિડને તટસ્થ કરે છે અને આમ પેટમાં ગરમ સ્વેષ્મ (મ્યુકોઝા) શાંત પડે છે.

આમ, વરસાદના પાણીમાં નહાવાના અને તે પીવાના ફાયદાને તો ધ્યાનમાં રાખવા જ જોઈએ આ ઉપરાંત વર્તમાનમાં અને ભવિષ્યમાં પણ જળસંકટને ધ્યાનમાં રાખીને જો આપણી સોસાયટી કે ફ્લૅટમાં વરસાદના પાણીને જમીનમાં ઉતારવાની વ્યવસ્થા ન હોય તો કરવી જોઈએ જેનાથી આપણો બોરનો ખર્ચો બચી જશે.**(જી.એન.એસ)**

માનસ..

અનુસંધાન પ નુ ચાલુ...

પરમાત્માના પ્યારા અનગળ આનંદમાં મસ્ત રહી અન્ય સદભાગી લોકોમાં પરમ અસ્તિત્વનો મધુર પ્રસાદ વહેંચતા અભય વિદેહી સંતો, મહાત્માઓ, જ્ઞાનીઓ અને ભકતોને પાર્થિવ સંસારના મુઢ, ઈર્ષ્યાળુ અને અહંકારી લોકોએ તેમની હયાતીમાં મોટા ભાગે સતાવ્યા જ છે. આવા પશુબુધ્ધિ ધરાવતા લોકોમાં આત્મ જ્ઞાનીઓના પરિવારજનો, જ્ઞાતિજનો સમાજ તથા તત્કાલીન શાસકો, કર્મકાંડી કહેવાતા ધાર્મિક ગુરૂઓ અને તેમના શિષ્યોનો સમાવેશ થાય છે. સશસ્ત્ર સેનાધારી શાસકો કરતાં પણ પરમાત્માના પ્યારાઓ (આત્મજ્ઞાનીઓ) વધુ ખતરનાક હોય છે અને એટલે તેમને મીટાવી દેવા સંસારના માયાવી લોકો હંમેશા પ્રયત્નશીલ રહેતા હોય છે. આવા લોકો સંતોનું અપમાન કરે છે તેમની પરીક્ષા લે છે, તેમને કારાગૃહમાં નાખી દે છે, તેમને ઝેર આપી દે છે. અરે ! ફાંસીએ પણ લટકાવી દેતા તેઓ અચકાતા નથી. આવા અજ્ઞાનીજનોના જીવનમાં ન તો જીવનમુક્તિનું ગીત ગુંજે છે ન તો આત્માનંદની કોઈ લહેર ઉઠે છે..ઉલટાનું મહાત્માઓને અકારણ ત્રાસ આપવા બદલ અસ્તિત્વ જ તેમને સજા આપે છે. (ક્રમશઃ)**ડૉ. પ્રવિણ પટેલ**

આરોગ્ય

અનુસંધાન પ નુ ચાલુ...

વગેરે સ્વભાવગ્રસ્ત બાબતો જેને કારણે વ્યક્તિને એસિડિટી રહે છે. ઘણા લોકો માને છે કે આ શારીરિક બાબતો જ વધુ અસર કરે છે, પરંતુ આ બાબતમાં માનસિક બાબતો પણ એટલી જ મહત્વની છે જેના પર ધ્યાન આપવું જરૂરી છે. દવાઓનો અર્થ નથી એસિડિટી માટેની દવાઓ મેડિકલ સ્ટોરમાં ખુલ્લી વેચાતી મળે છે. જોઈએ એટલી ખરીદી શકાય છે અને ખાસ મોંઘી પણ મળતી નથી. આમ લોકોને એસિડિટી જેવું લાગે કે તરત જ આ દવાઓ લેવાનું ચાલુ કરી દે છે. હાલતાં-ચાલતાં આ દવાઓ લીધા કરો એનો ખરી રીતે જોઈએ તો કોઈ અર્થ નથી. એસિડિટી ૬-૮ મહિને એકાદ વાર થાય અને તમે એન્ટેસિડ લો તો વાંધો નહીં, પરંતુ આવી પરિસ્થિતિ ભાગ્યે જ જોવા મળે છે; કારણ કે જેમને એસિડિટી થાય છે તેમને આ સતત રહેતો પ્રૉબ્લેમ જ હોય છે. હવે આવામાં જો તમે એ પ્રૉબ્લેમનું કારણ સમજતા નથી અને ગોળીઓ ખાધા કરો છો તો તકલીફ તો યથવાની જ છે. રોગ જવાનો નથી અને ગોળીઓની સાઈડ-ઈફેક્ટ થાય એ જુદી. સાઈડ-ઈફેક્ટ એન્ટેસિડની ગોળીઓ, સિરપ, પાઉડર ઘણા જુદા-જુદા ફૉર્મમાં માર્કેટમાં મળે છે. આ સિવાય લોકો જે દવાઓ લે છે એમાં પ્રોટોન પમ્પ ભ્લોકર્સ નામની દવાઓ છે જે બહોળા પ્રમાણમાં વાપરવામાં આવે છે. આ ગોળીઓ લાંબા સમય સુધી લેતા રહો તો શું સાઈડ- ઈફેક્ટ થઈ શકે? આ પ્રકારની દવાઓને કારણે કિડની પર ખરાબ અસર થઈ શકે છે. ખાસ કરીને જેમને બ્લૉર્ટ-લાઈન કિડની ડિસીઝ હોય છે એ લોકોને આ વધુ ખરાબ રીતે અસર કરે છે. વિટામિન ૮૧૨ની ઊણપ આવી શકે છે. અમુક પ્રકારનાં કૅન્સર થવાનું રિસ્ક વધી જાય છે. જે ખુબ લાંબા સમયથી લઈ રહ્યા છે તેમને હાર્ટની દિષમ્યાં તકલીફ આવી શકે છે. આ બધી આડ-અસરોને જોતાં જ-ઙ્કઇછબ્બે ઘણા સમયથી પોતાની ગાઈડલાઈન્સમાં એ દર્શાવ્યું છે કે આ દવાઓનો ઉપયોગ લાંબા સમય સુધી ન કરવો.

માનસિક કારણો માટે શું કરશો? એસિડિટી થવા પાછળ આપણે જોયું કે માનસિક કારણો પણ ઘણાં જ મહત્વનાં છે. તો જો એસિડિટીની તકલીફને જડથી દૂર કરવી હોય તો આ બાબતે પણ કંઈ કરવું જરૂરી છે. આ બાબતે ડૉક્ટરે ખૂબ સભાન રહેવું જરૂરી છે. સાચો ડૉક્ટર એ જ જે આ કારણોને પણ મહત્વ આપે. માનસિક કારણોમાં સ્ટ્રેસ, ગુસ્સો, ચિંતા, ડિપ્રેશન આ બધું જ આવી જાય છે. આ બાબતો વ્યક્તિ માટે સ્વભાવગત હોય છે, જે બદલવી મુશ્કેલ છે; પરંતુ આ બાબતે પ્રયત્નો અનિવાર્ય છે. અમુક લોકો જે એવા હોય છે કે મગજ પર ઘણું ટેન્શન લઈને ફરતા હોય છે. લાઈફ-સ્ટાઈલની સાથે-સાથે સ્વભાવ- પરિવર્તન પણ એટલું જ જરૂરી છે. સ્ટ્રેસ તો રહેવાનું, પરંતુ એને કઈ રીતે ટેકલ કરવું એ શીખવું જ રહ્યું. સ્વભાવમાં પરિવર્તન લાવવું અશકય નથી. લાંબા ગાળાની ટેલ્થ માટે એ અનિવાર્ય બની જતું હોય છે. કરવું શું? એસિડિટી તમને રહેતી હોય તો તમારે શું કરવું જોઈએ? આ પ્રશ્નનો જવાબ જાણીએ ડૉ. રોય પાટણકર અને ડૉ. સુશીલ શાહ પાસેથી ૧. મહત્વનું એ છે કે જો એસિડિટી હોય તો તમે એને વધવા ન દો. હંમેશો એવું બનતું હોય છે કે ધીમે-ધીમે આ પ્રૉબ્લેમ એકઝૂટ બનતો જાય છે. પ્રૉબ્લેમ નાનો હોય ત્યારે જ એને સુધારો. ૨. જ્યારે તમને એસિડિટીની તકલીફ હોય ત્યારે એ જાણવું અત્યંત જરૂરી છે કે તમને આ પ્રૉબ્લેમ કેમ છે? એસિડિટીની ૯૯ ટકા તકલીફ લાઈફ-સ્ટાઈલ સંબંધિત જ હોય છે. ૧ ટકો બીજાં કારણો હોઈ શકે છે. આ બીજાં કારણોમાં એચ. પાયલોરી બૅક્ટેરિયા છે જે મહત્વનું કારણ સાબિત થઈ શકે છે. આમ પહેલાં તપાસો કે તમને એસિડિટીની તકલીફ શા માટે છે. ૩. જો એનું કારણ લાઈફ-સ્ટાઈલ સંબંધિત હોય તો ગમેતેટલી દવા ખાશો તોય કરક પડવાનો નથી, કારણ કે જ્યાં સુધી લાઈફ-સ્ટાઈલ સુધારશો નહીં ત્યાં સુધી તકલીફ જવાની નથી. આ બાબત સમજવી અત્યંત જરૂરી છે. ૪. જો તમે બહારનો ખોરાક ખૂબ ખાતા હો તો એ બંધ કરવો જરૂરી છે. એકદમ બંધ ન કરી શકો તો એને ધીમે-ધીમે ઘટાડો. ઘરનો સાદો ખોરાક શરૂ કરો. જો તમારા બે ખોરાક વચ્ચેનો સમય ખૂબ વધારે હોય એટલે કે સવારે બ્રેકફાસ્ટ કર્યો હોય અને સીધું ૪-૫ વાગ્યે બપોરનું જમો તો તકલીફ થવાની જ છે. આ બાબતે જાગૃત બનો. ખોરાક સમય પર લો. ૬. મુંબઈ જેવા શહેરમાં જ્યાં સવારે ઊઠતાંવેંત માણસ ભાગવા માંડે છે ત્યાં એસિડિટીની તકલીફ હોવાનું મુખ્ય કારણ એ પણ હોય છે કે લોકો સવારે નાસ્તો નથી કરતા. સવારે ઊઠીને એક કલાકની અંદર જ ખૂબ જરૂરી છે કે તમે નાસ્તો કરો. એ સ્કિપ ન કરો. ૭. લોકો તેમની ઊંઘીને પણ મહત્વ આપતા નથી હોતા. જે લોકો બરાબર ઊંઘી નથી શકતા એની તેમના પાચન પર ઘણી ગાઢ અસર પડે છે. એટલે એ જરૂરી છે કે દરેક વયસ્ક વ્યક્તિ ૭-૮ કલાકની સળંગ ઊંઘ લે. ૮. ઊંઘનો સમય પણ લોકો સમજતા નથી. ઘણા લોકો રાત્રે ૧-૨ વાગ્યે સૂવે છે અને પછી સવારે ૧૦ વાગ્યા સુધી સૂઈ રહે છે. તેઓ માને છે કે તે તેમની ઊંઘ તો પૂરી કરી જ લે છે, પરંતુ એને કારણે પાચનની આખી સાઈકલ ડિસ્ટર્બ થઈ જાય છે. આદર્શ રીતે રાત્રે ૧૦થી સવારની ૬ વાગ્યા સુધીની ઊંઘ મહત્વની છે. આ સમયે સૂઓ તો જ તમારા શરીરને યોગ્ય આરામ મળે છે. ૯. આજનું આપણું બેઠાડુ જીવન પણ આપણા પાચન પર અસર કરે છે. આપણા વડીલો એટલું કામ કરતા કે તેમને હેવી ખોરાક પણ સરળતાથી પચી જતો. આજે આપણી હાલત એવી છે કે એક દિવસ જો થાળી ભરીને ખાધું હોય તો બીજા દિવસે હાલત ખરાબ થઈ જાય છે. પ્રવૃત્તિ ખૂબ જ જરૂરી છે. દિવસભર સતત પ્રવૃત્તિમય જીવન રહે એ જરૂરી છે. ૧૦. જો તમે ઑફિસ-વર્ક કરતા હો અને સતત પ્રવૃત્તિ શક્ય ન હોય તો ઓટ લીસ્ટ દિવસમાં ૧ કલાક એક્સરસાઈઝ કરો. તમને ફાવે એ એક્સરસાઈઝ કરો, પરંતુ એ કરવી જરૂરી છે. ૧૧. એસિડિટી એક સામાન્ય વસ્તુ છે એમ અવગણીને ડૉક્ટરની સલાહ ન લો એવી ભુલ ન કરો. ડૉક્ટર તમારી સંપૂર્ણ લિસ્ટરી તપાસે છે કે નહીં એ બાબતે ધ્યાન આપો અને એસિડિટીની તકલીફ જડથી કાઢવાની કોશિશ કરો.

ડાયાબિટીસ

અનુસંધાન પ નુ ચાલુ..

જેના કારણે ઈન્સ્યુલિનનું ઉત્પાદન થઈ શકતું નથી જોકે આમ થવાના કારણો આજે પણ અસ્પષ્ટ છે. ટાઈપ-૨ ડાયાબિટીસ આ સ્થિતિમાં પૈંક્રિયાસની બીટા કોશિકાઓ ઈન્સ્યુલિન તો બનાવે છે પરંતુ આ મૂપરી માત્રામાં બનાવી શકતી નથી કે કોશિકાઓ પર તેનો પ્રભાવ ખતમ થઈ જાય છે. જેના કારણે લોહીમાં શુગરનું સ્તર અનિયમિત બની જાય છે. લક્ષણો ડૉક્ટરો અનુસાર મોટાભાગના ડાયાબિટીસના દરદી લક્ષણોને ઓળખી શકતા નથી અને અનેક મહિનાઓ સુધી જાણ્યા વિના ડાયાબિટીસની બીમારી સાથે રહે છે અને હંમેશા લક્ષણો ગંભીર બનતા ડૉક્ટરની મદદ લે છે.

કેટલાક સામાન્ય લક્ષણો - વધારે તરસ લાગવી - વારં વાર પેશાબ લાગવો - થાક અને નબળાઈનો અનુભવ - વજનમાં એકાએક ફેરફાર થવો - ઘા જલદી ન રૂઝાવો - પેઢામાં સોજો - અંગોમાં ઝણઝણાટી થવી - વાંરવાર પેશાબમાં ચેપ લાગવો વગેરે

કોને છે વધારે ખતરો જો લોહી સંબંધી જેમ કે માતા-પિતા, ભાઈ-બહેનને ડાયાબિટીસ હોય, જો માતા-પિતા બન્નેને આ રોગ હોય તો આવા લોકોને ડાયાબિટીસ થવાની વધારે આશંકા રહે છે. સ્થૂળ વ્યક્તિઓમાં ડાયાબિટીસની વધારે આશંકા રહે છે. વયાવ તણાવ ઘટાડો : તણાવને કારણે હૉર્મોન્સ રક્તશર્કરાના સ્તરમાં પરિવર્તન લાવે છે તેથી તણાવને સ્તરને ઘટાડવા માટે ધ્યાન-યોગ વગેરેનો અભ્યાસ કરો જે તમને તણાવમુક્ત અને ખુશ રાખશે. - રોજ ઓછામાં ઓછા ૪૫ મિનિટ વ્યાયામ કરો. વ્યાયામનો અર્થ છે ઝડપથી ચાલવું, સાયકલ ચલાવવી વગેરે. - પોતાના વજનને સામાન્ય રાખવાનો પ્રયાસ કરો. - વર્ષમાં એક વખત બ્લડની તપાસ અને જરૂરી ટેસ્ટ કરાવો. - ડાયાબિટિક રોગી પોતાની દવાઓ અને ઈન્સ્યૂલિન યોગ્ય સમયે લે. - દિવસમાં પાંચ વખત થોડુ-થોડુ જમો અને આહારમાં વધુને વધુ કાઈબર લો.

સાંધાના દુખાવાથી રહેવું છે દૂર, તો આજથી જ ખાવા શરૂ કરો આ એક વસ્તુ

ઉંમ્ર વધવાની સાથે સાંધાનો દુખાવાની સમસ્યા પણ ઘેરવા લાગે છે.

ઉનાળામાં રાત્રે સૂતા સમયે હળદરવાળું દૂધનો સેવન કરવું.

સાંધાની સમસ્યા થઈ જતા આખી લાઈફસ્ટાઈલ અસ્ત-વ્યસ્ત થઈ જાય છે.

ઉમરં વધવાની સાથે સાંધાના દુખાવાની સમસ્યા પણ ઘેરવા લાગે છે. પણ હવે ઉંમ્ર જ નહી પણ ઓછી ઉમરંના લોકોને પણ સાંધાના દુખાવાની સમસ્યા થવા લાગી છે. સારું હશે કે તમે શરૂઆતથી જ તેના પ્રત્યે સાવધાન થઈ જાઓ. સાંધાની સમસ્યા થતા આખી લાઈફસ્ટાઈલ બદલી જાય છે.

કોઈપણ વતમાંથી છુટકારો મેળવવા માટે કરો આ વ્યાયામ

તમે ઈચ્છો છો કે આ સમસ્યા તમને ન હોય તો તમારા ડાઈટ ચાર્ટમાં આજથી જ આ વસ્તુઓને શામેલ કરી લો.

ભોજનમાં દરરોક આદુંનો સેવન કરવું, શિયાળામાં આદુંની ચા પીવાથી સાંધામાં દુખાવામાં આરામ મળે છે.

સાંધાના દુખાવામાં લસણનો સેવન વધારે થી વધારે કરવું તેનાથી ખુબ આરામ મળે છે. નિષ્ણાત જણાવે છે કે કુંગળી અને લસણમાં એવા ઘણા તત્વ હોય છે જે ઉનાડામાં રાત્રે સૂતાં સમયે હળદરવાળું દૂધનો સેવન કરવું, દરરોજ તેનો સેવનથી સાંધાના દુખાવામાં આરામ મળે છે.

ભુલીને પણ ન ખાવું આ ફળ, તેજીથી ફેલાઈ રહ્યું છે નિપાહ વાયરસ

સાંધાના દુખાવામાં ફાયદાકારી હોય છે. તેના નિયમિત સેવનથી સાંધાના દુખાવાની શિકાયત થવાનો ખતરો ખૂબ ઓછું થઈ જાય છે.

એક ગ્લાસ પાણીમાં એપ્પલ સાઈડર વિનેગર મિક્સ કરી પીવાથી સાંધાના દુખાવામાં ખૂબ આરામ મળે છે. તે સિવાય બ્રોકલી ખાવાથી પણ ગઠિયામાં આરામ મળે છે. બ્રોકલીમાં ઘણા એવા તત્વ હોય છે જે સાંધાના આરોગ્ય લાંબા સમય સુધી જાળવી રાખે છે.

ઊનાળામાં રોજ તરબૂચ ખાવ અને હૃદયને સ્વસ્થ રાખો

જો તમારે તમારા હૃદયને સ્વસ્થ રાખવું હોય તો દરરોજ તરબુચ અચૂક ખાઓ. એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે તરબુચ તમારા શરીરમાં હાનિકારક કોલેસ્ટ્રોલ નથી બનવા દેતા અને વજન ઓછું કરવામાં પણ મદદ કરે છે. એક રિપોર્ટ અનુસાર સંશોધકોએ ચરબીની વધુ માત્રા લેનારા ઉંદરો પર આ અભ્યાસ કર્યો. તેમણે પોતાના અભ્યાસમાં જાણ્યું કે તરબુચ આપવાથી ઉંદરોમાં ખરાબ લિપોપ્રોટીન(એલડીએલ)ની માત્રા ઓછી થઇ ગઈ.

એલડીએલ એક પ્રકારનું કોલેસ્ટ્રોલ છે જે ધમનીઓને જમાવીને હૃદયના રોગોને પ્રોત્સાહન આપે છે. અમેરિકાની પરડ્યુ યુનિવર્સિટીના સંશોધકોએ જોયું કે નિયમિત રૂપે તરબુચ ખાવાથી વજનને નિયંત્રિત કરવામાં મદદ મળે છે અને તેના પરિણામસ્વરૂપે રક્તવાહિનિઓમાં ચરબીયુક્ત પદાર્થ ઓછા એકઠાં થાય છે.

તેમનું માનવું છે કે તરબુચના જયુસમાં રહેલ રસાયણ સિટ્રુલિનમાં આ સ્વાસ્થ્યવર્ધક ગુણ રહેલ છે. જોકે આ નવા સંશોધનમાં તરબુચ ખાવાનો બ્લડપ્રેશર પર કોઈ મહત્વનો પ્રભાવ જોવા ન મળ્ય પણ હૃદય સાથે જોડાયેલા અન્ય જોખમો પર તેની શકિતશાળી અસર જોવા મળી. બ્રિટનમાં દર વર્ષે ૨,૭૦,૦૦૦ લોકો હૃદયરોગના હુમલાના સકંજામાં આવે છે અને ત્રણમાંથી એકનું મોત તો હોસ્પિટલ પહોંચતા પહેલા જ નીપજી જાય છે.

સંદેશ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની ફુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ ફુપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

ફુપન સાથે જન્મ તારીખના ફાબલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :..... પતિ/પિતા :.....

માતા : .....જ.તા. .....ઉ.વ.

પરિચયઃ .....

સરનામુ : .....

મોકલનારની સહી : .....

ડ્યુટીમાં એક...

અનુસંધાન ૨ નુ ચાલુ..

સરકાર ફિક્સલ રેફ્રિસિટના આંકડાને નીચે લાવવાની યોજના ધરાવે છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ફુલ ખર્ચ અને કુલ આવક વચ્ચે અંતર જીડીપીના ૩.૩ ટકાની આસપાસ લાવવાની યોજના ધરાવે છે. છેલ્લા નાણાંકીય વર્ષમાં આ આંકડો ૩.૫૩ ટકા હતો. ચાર વર્ષના લાંબાગાળા બાદ આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો વધારો કરી દેવામાં આવ્યો છે. ફુગાવાની સ્થિતિને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવાયો હતો. ફ્રુ ઓઈલની કિંમત એપ્રિલ મહિનામાં બેરલદીઠ ૬૬ ડોલરથી વધીને હાલમાં ૭૪ સુધી પહોંચી ગઈ છે જ્યારે રિટેલ ફુગાવો મે મહિનામાં વધીને ૪.૮૭ ટકા સુધી પહોંચી ગયો છે જે તેની ચાર મહિનાની ઉંચી સપાટી છે. ફળફળાદી, શાકભાજીની કિંમતોમાં વધારો થયો છે.

વટવામાં અસામાજિક...

અનુસંધાન ૨ નુ ચાલુ..

બાદમાં આ ઘટના અંગે પોલીસને જાણ કરતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને ૧૦ અસામાજિક તત્વો તેમજ અજાણ્યા ઈસમો વિરુદ્ધ રાયોટિંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે તાત્કાલિક ધોરણે ૭ અસામાજિક તત્વોની ધરપકડ કરી લીધી હતી અને આ ગુનામાં સંડોવાયેલા અન્ય શખ્સોની શોધખોળ ચાલુ રાખી છે. પોલીસે આ બનાવ બાદ વિસ્તારમાં પેટ્રોલીંગ પણ વધારી દીધુ હતું.

મંજુરી વગર...

અનુસંધાન ૨ નુ ચાલુ..

અને ડ્રગ્સ કન્ટ્રોલ જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં અનેક કંપનીઓ દ્વારા નિયમોના ઉલ્લંઘનને લઈને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી ચુકી છે. ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને સિક્કિમ તથા દમણના નાના ડારોબારીઓ દ્વારા આ પ્રકારની દવાઓ બનાવવામાં આવી રહી છે. આ દવાઓને મોટી કંપનીઓ પોતાના લેબલની સાથે વેચી રહી છે. એફઆઈઆર પણ દાખલ થયાં રહી છે. ઘણી કંપનીઓને આવી દવાઓ બનાવવા અને તેમની માર્કેટિંગ કરવા બદલ કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી ચુકી છે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ હેઠળ દોષિત જાહેર થવાની સ્થિતિમાં ત્રણથી પાંચ વર્ષની સજા અને એક લાખ રૂપિયાનો દંડ કરવાની જોગવાઈ કરવામાં આવી ચુકી છે.

કેટલાક પાસપોર્ટો...

અનુસંધાન ૨ નુ ચાલુ..

નિરવ મોદી પ્રવાસ માટે અન્ય દેશો દ્વારા જારી કરવામાં આવેલા પાસપોર્ટનો ઉપયોગ કરી રહ્યો છે તેવા અહેવાલ આવશે તો નિરવ મોદીની મુશ્કેલી વધી શકે છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન અને ઈડી દ્વારા ઈન્ટરપોલને નિરવ મોદી સામે ધરપકડ વોરંટ જારી કરવા અપીલ કરવામાં આવી ચુકી છે. નિરવ અને અન્યો સામે સંબંધિત ચાર્જશીટના આધાર પર ધરપકડ વોરંટ જારી કરવા કહેવામાં આવ્યું છે. ઈન્ટરપોલ દ્વારા નોટિસ જારી કરાયા બાદ તકલીફ વધી શકે છે.

વ્યાધિ અને ઘરગથ્થુ ઉપચાર

હૃદયરોગ : પેટમાં, છાતીમાં અને હૃદયમાં દુઃખાવો થવો, ગભરામણ થવી, ઉલટીના લક્ષણો થવા, પરેસવો થવો, શ્વાસ લેવામાં તકલીફ થવી વગેરે લક્ષણો હોય ત્યારે તુરંત જ નજીકના ડૉક્ટર પાસે જઈ તપાસ કરાવી લેવી. આ હૃદય રોગના લક્ષણો છે. આહાર : ખાંડ, મીઠું, દૂધની મલાઈ આ ત્રણ મનુષ્યના સકેંદ દુશ્મનો છે. તેથી ખોરાકમાં તેનું પ્રમાણ ઘટાડવું તળેલા અને ચરબીવાળા બધા જ પદાર્થોં બંધ કરવા. બાફેલા અને હળવા ખોરાકથી દર્દીને ઘણો આરામ મળે છે. સારવાર : (૧) અર્જુન વૃક્ષની છાલનો પાઉડર લાવી ચારથી પાંચ ગ્રામના માપથી દૂધમાં ઉકાળીને અથવા મધ સાથે સવાર- સાંજ દર્દીને આપવાથી હૃદયરોગમાં ચમત્કારિક ફાયદો જોવા મળે છે. (૨) અર્જુન સાડનું ચૂર્ણ રથી ૩ ગ્રામ, રથી ૩ ગ્રામ ઘઉંનો લોટ, ગાયના ઘીમાં શેકી બકરીનું દૂધ નાખવું સાકર ઉમેરી અને શીરો બનાવવો, નિત્ય સવારે તેનું નિયમિત સેવન કરવાથી હૃદય રોગ મટે છે. (૩) વાવડિંગ ચૂર્ણ ૧ ગ્રામની માત્રામાં મધમાં નિત્ય સેવન કરવાથી ઘણો ફાયદો થાય છે.

હરસ - મસા : આ રોગમાં ત્વચા, માંસ અને મેદ તે સ્થાન પરના રક્તને દૂષિત કરી ગુદાસ્થાનમાં માંસના અંકુરો ઉત્પન્ન કરે છે તેને હરસ- મસા કે મુળવ્યાધિ કહેવામાં આવે છે. મસા બે પ્રકારના હોય છે. (૧) ગુદાદ્વારની બહારના, (૨) ગુદાદ્વારની અંદરના. જે મસામાંથી રક્તસ્ત્રાવ થયા કરતો હોય તેને રક્તસ્ત્રાવી મસા કે છૂંછા મસા પણ કહે છે. તેમાં બે-ચાર ટીપાથી માંડીને પુષ્કળ લોહી પડતું પણ જોવા મળે છે. આ મસા દુઃખતા નથી પણ માણસનું જીવન નાશ કરી શકે છે. જ્યારે બહારના મસામાં દુઃખાવો, બળતરા બહુ થાય છે. ખોરાક : વાલ, ચણા, મસુર, ચોળા, લસણ, છાશ, હિંગ, મરચું તળેલા વાસી ખોરાક વગેરેથી આ રોગ થતો હોવાથી આવા ખાન-પાન ત્યજવા જોઈએ. જ્યારે મગ, તુવેર, ચોખા, સુરણ, છાશ, ઘઉં, પરવળ, કારેલા, ટીંડોળા, મૂળા,ઘી વગેરે લેવા જોઈએ. સારવાર : (૧) હરસ સાથે અતિસાર હોય તો ૫- ૫ તોલો બીલી પાવર, સવાર- સાંજ પાણી સાથે લેવાથી ૩ દિવસમાં હરસ- મસા મટે છે. (૨) કાંસ્કીના પાંદડાનો રસ ૫૦ ગ્રામ, સાકર- ૧૫ ગ્રામ મેળવી સવારે નરણા કોઠે ૭ દિવસ પીવાથી હરસ- મસામાં ખૂબ લાભ થાય છે. (૩) ૨૫ ગ્રામ કાળા તલ, ૫૦ ગ્રામ માખણ સાથે રોજ નરણે કોઠે ૧ માસ સુધી ખાવાથી દુઃખતા લોહી પડતા મસા મટી જાય છે. (૪) નાગકેસર, માખણ અને સાકરમાં ખાવાથી દૂઝતા હરસમાં ચમત્કારિક લાભ થાય છે.

(૫) બોરિયા, કલારનું મૂળ પાણી સાથે ઘસી હરસ- મસા પર ચોપડવાથી તે મટે છે. (૬) મીઠી આવળના પાન અને કળી ચુનો પાણીમાં ૧ દિવસ સુધી ખૂબ ઘૂંટવા બીજે દિવસે તેને હરસ પર ચોપડવું. આ પ્રયોગથી હરસમાં ખૂબ જ લાભ થાય છે. (૭) હજારી ગોટાના ૩ ફૂલ ૫૦૦ મીલી પાણીમાં રાત્રે પલાળવા સવારના વાટી પાણીમાં ચોળી કપડાથી ગાળી તેમાં ૧૦ ગ્રામ સાકર મેળવવી. સવારે નરણે કોઠે આ પાણી પીવું. આ પ્રયોગ ૧૫ દિવસ કરવાથી હરસ- મસા મટે છે. બંધ પેશાબ પણ છૂટે છે. (૮) રસવંતી ૨ ગ્રામ પ્રમાણે પાણીમાં ઘસી સવારમાં લેવી તે જ પ્રમાણે બપોરે અને સાંજે પણ લેવી આ પ્રયોગથી હરસ- મસા મટે છે રસવંતી ગાંધીને ત્યાં પણ મળે છે. (૯) નગોડના લીલા પાંદડા ૫૦ ગ્રામ, ગોળ- ૨૫ ગ્રામ લઈ આ બંનેને વાટી થેપલી તૈયાર કરવી. આ થેપલી હરસ- મસા પર બાંધવાથી સાત દિવસમાં આ રોગમાં ખૂબ ફાયદો થાય છે. રોજ થેપલી નવી બનાવી મુકવી. શ્રથ રોગ : શ્રથ રોગમાં શરીરની સાતે ય ધાતુ શીણ થઈ માણસ શુષ્ક થાય છે. ત્યારે શ્રથ રોગ કે રાજયક્ષ્મા થઈ ગયો છે. તેમ કહેવાય છે. આ રોગમાં ખભામાં અને બંને પડગામાં દુઃખાવો થાય છે. હાથ- પગમાં બળતરા, અરુચિ જણાય છે. ઉપરસ આવે છે. અવાજ બેસી જાય છે, શ્વાસ ચડે છે. કફમાં ઘણીવાર લોહી પણ પડે છે. આવા લક્ષણો શ્રથ રોગમાં દેખાય છે. સારવાર : (૧) દળેલી ખાંડ ૫ ગ્રામ, ઝીણો વાટેલો સિંધવનાર ૫ ગ્રામ ઘઉં મધ ૧૦ ગ્રામ આ વસ્તુઓ ભેગી કરી સવાર- બપોર, સાંજ દિવસમાં ૩ વાર નિયમિત ૧ માસ સુધી લેવાથી મહાભયંકર શ્રથ રોગમાં બહુ લાભ થાય છે. આ રોગમાં પીપળાની છાલનું ચૂર્ણ ૧૦ ગ્રામ, ઘી ૧૦ ગ્રામ અને મધ ૨૦ મિ.ગ્રા. લઈ આ ત્રણેય મિક્સ કરી સવાર- સાંજ ચાટવાથી શ્રયની ઉપરસ મટે છે. આમ, આવા દુસાધ્ય રોગો ઉપર પણ આયુર્વેદના સરળ ઉપચારો રામબાણ સમાન પુરવાર થયા છે તે વાતમાં કોઈ શંકાને સ્થાન નથી.

જમડાના ગ્રામજનોએ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અભાજ નરસેંગાજી રાજપુત, ધ્વજા દંડનો ચડાવો(૩૧૦૦૦) ગોવદાજી જીવાજી રાજપૂત અને આરતી (૩૧૦૦૦)નો ચડાવો રમણીકલાલ નાથાજી દરજી પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો.ભગવાન અને માતાજીની કૃપાથી સમગ્ર મહોત્સવ ભારે આનંદ અને ઉલ્લાસભેર રંગેચંગે ઉજવાતાં ગામમાં પણ આનંદની લાગણી ફેલાવા પામી હતી.

ધાનેરામાં...

પાના નં ૮ ચાલુ

ફાયર ફાઈટરને જાણ કરાતાં પાલિકાની ફાયર ફાઈટર ટીમે તુરંત ઘટનાસ્થળે પહોચી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે આગ કાબુમા

સાંતલપુરમાં બે મીઠા ઉત્પાદકોને તોલમાપ વિભાગે દંડ ફટકાર્યો

પાટણ

પાટણ જિલ્લાના સાંતલપુરમાં ઔદ્યોગિક એકમોના મીઠા ઉત્પાદકોના એકમો પર પાટણ જિલ્લાના તોલમાપ અધિકારી અને તેમની ટીમે આકસ્મિક તપાસ ચલાવતા મીઠાના ઉત્પાદકો દ્વારા પેકીંગ, પ્રોડક્ટ અને વજન વિગેરેની તપાસ ચલાવી બે ઈન્ડસ્ટ્રીઝના ઉત્પાદકો પાસેથી રૂા. ૩.૧૮ લાખના દંડની વસુલાત કરી હતી.

સાંતલપુર ખાતે ઔદ્યોગિક એકમોમાં તોલમાપ અધિકારી એન.એસ.રાઠોડ, અને તેમની ટીમ દ્વારા મીઠાના ઉત્પાદક એકમોમાં તપાસ ચલાવી હતી. જેમાં પેકીંગ કરવામાં આવતા મીઠાના પેકેટો, તેમજ વપરાશમાં લેવાતા વજન કાંટામાં ખામીઓ જણાઈ હતી. તેમજ પેકેટ ઉપર રજીસ્ટ્રેશન નંબર ન હોવાનું જાણવા મળેલ. આ ગેરરીતિઓમાં લીગલ મેટ્રોલોજી એક્ટ મુજબ પેકેજ કોમોડીટીજની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવામાં આવતા ઉત્પાદકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ખાનગી ઑફિસમાં સરકારી ફાઈલો મળી આવતા મામલતદાર સહીત ૪ કર્મચારીને નોટિસ

(જી.એન.એસ) કલોલ

કલોલમાં જનતા રેડ દરમિયાન સરકારી ક્વેરીની ફાઈલો ખાનગી ઓફિસમાં મળવાના મામલે કલેકટરે નોટીસ ફટકારી છે. ગાંધીનગર જિલ્લા કલેકટર આ સમગ્ર મામલે કલોલ મામલતદાર ઉપરાંત ચાર કર્મચારીઓને શોકોઝ નોટીસ પાઠવવામાં આવી છે.અને એક સપ્તાહમાં જવાબ આપવા કહેવાયુ છે.

જો યોગ્ય જવાબ નહી અપાયો તો સસ્પેન્શન સુધીની કાર્યવાહી થઈ શકે છે.ઉલ્લેખનિય છે કે, કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલમાં વહીવટદારોની ઓફિસમાં જનતા રેડ કરી છે. કલોલ મામલતદારની ઓફિસમાં ભરત નાયક અને ભરત નાઈ મહેસુલ વિભાગ માટે કરતા હતા.તેઓ મોટી રકમ લઈને ફાઈલો ક્લિયર કરાવતા હતા. પ્રાંત ઓફિસર હર્ષ જાદવને સાથે રાખી ધારાસભ્યએ આ જનતા રેડ કરવામાં આવી હતી. જનતા રેડ દરમ્યાન ૧૫થી ૨૦ ફાઈલો જપ્ત કરવામાં આવી હતી.

પાટણમાં સરકારી પુસ્તકાલય પાછળ ખડકાતી ગંદકીથી રહીશો ત્રાહીમામ

પાટણ

પાટણમાં છીંડીયા દરવાજા બહાર શીતળા માતાના મંદિર નજીકના ચાર રસ્તા પર આવેલ સરકારી પુસ્તકાલય પાછળ એકત્ર થયેલ કચરાના ઢગલાનો નિકાલ ન થતાં બાજુના મંદિરમાં આવતા દર્શનાર્થીઓને કચરાના ઢગલામાંથી પસાર થવું પડે છે. છેલ્લા કેટલાય સમયથી સરકારી લાયબ્રેરી આસપાસ સફાઈ કામ થતું નથી. ક્યારેક વહેલી સવારે આવતા પાલિકાના કર્મચારીઓ એકત્ર કરેલા કચરાના ઢગલાને સળગાવીને જતા રહેતા ધુમાડાના ગોટે ગોટાથી આસપાસના રહીશો ત્રાસી ઉઠતા હોય છે. છેલ્લા કેટલાક દિવસોથી જે.જે. એપાર્ટમેન્ટ પાસેની ગટર પણ ઉભરાય છે. જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. આ બાબતે પાલિકા દ્વારા ગટરની સફાઈ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

સાદપુરા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો

પાટણ

સાદપુરા પ્રાથમિક શાળા માં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું તેમાં નાયબ નિયામક અ.જા પાટણ જાગૃતિબેન તથા સીઆરસી કો ઓ ભરતભાઈ તથા ગામ ના સરપંચ હરજીભાઈ એસ એમ સી અધ્યક્ષ ઈશ્વરભાઈ તેમજ અન્ય સભ્યો તથા ગામ લોકો ની બહોળી હાજરીમાં યોજવામાં આવ્યો.જેમાં સરપંચશ્રી તરફ થી ધોરણ૧ ના બાળકોને કીટ તથા શંકરભાઈ માજી આચાર્ય તરફથી દરેક ધોરણમાં પ્રથમ આવનારને ઇનામ તથા અધ્યક્ષ તરફથી શાળાને ૧૦ વોટર જગ ભેટમાં આપ્યા એવું શાળાના આચાર્ય સોલંકી પિયુષ એમ. દ્વારા જણાવવામાં આવ્યું. કાર્યક્રમ સફળ બનાવવા સમગ્ર સ્ટાફ અને હાજર તમામ ગ્રામજનોનો આભાર માન્યો.

રાધનપુર કોલેજના ઉત્કર્ષ પરીણામો

રાધનપુર

હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરના હેમ.ઉ.ગુજ.યુનિ.દ્વારા માર્ચ-જૂન ૨૦૧૮માં લેવાએલ બી.એ/બી.કોમ સેમ-૨/૪ અને ૬ અને એમ.એ/એમ કોમ સેમ-૨/૪ પરીક્ષાના પરીણામો ખૂબ જ ઉત્કર્ષ રહ્યા. ચાલુ વર્ષે પણ એમ.એ સેમ-૪ સંસ્કૃતમાં કોલેજની વિદ્યાર્થીની પંચાલ અંજુને ત્રણ ગોલ્ડ મેડલ અને દેસાઈ ખોડાભાઈએ બી.એ સંસ્કૃતમાં ગોલ્ડ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે.

આ ઉપરાંત બી.એ.સેમ-૪ માં ઠાકોર મુકેશભાઈ બલસંગભાઈએ ૯.૦૮ એસ.જી.પી.એ. બી.એ.સેમ-૬ માં ઠાકોર વિક્રમકુમાર પ્રતાપભાઈએ ૮.૧૫ સી.જી.પી.એ., એમ.એ.સેમ-૨ ના ચૌધરી સુરેશકુમાર ભગવાનભાઈએ ૮.૦૮ એસ.જી.પી.એ તેમજ એમ.એ સેમ-૪માં ગોસ્વામી પુજાબેન દલપતભાઈએ ૭.૯૦ સી.જી.પી.એ., સાથે કોલેજમાં પ્રથમ નંબર મેળવેલ છે.

જ્યારે કોમર્સ વિભાગમાં બી.કોમ.સેમ-૨ માં પ્રજાપતિ જાન્વીબેન મનોજકુમારે ૮.૭૯ એસ.જી.પી.એ., બી.કોમ.સેમ ૪ માં ઠક્કર વિધિ સુરેશકુમારે ૮.૬૩ એસ.જી.પી.એ., બી.કોમ.સેમ-૬ માં લોખંડવાલા ફાતેમા ખોજેમાએ ૮.૦૪ સી.જી.પી.એ., એમ.કોમ સેમ-૨ માં સીરીયા સાક્ષી અશ્વિનકુમારે ૮.૩૦ એસ.જી.પી.એ. તેમજ એમ.કોમ સેમ-૪ માં હાલાણી ફોરમબેન મહેશકુમારે ૮.૩૦ સી.જી.પી.એ. સાથે કોલેજમાં પ્રથમ નંબર મેળવેલ છે. આ વિશિષ્ટ સિધ્ધિ મેળવવા બદલ કોલેજના પ્રિ.ડૉ.સી. એમ.ઠક્કર, ટ્રસ્ટના પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, ડૉ. નવિનભાઈ ઠક્કર અને ધીરૂભાઈ ઠક્કરે વિદ્યાર્થીઓને ભિરદાવ્યા હતા.

મહિલા બાળ કલ્યાણ મંત્રીએ કોઠાસણા અને સતલાસણા ગામે શાળા પ્રવેશોત્સવમાં હાજરી આપી

મહેસાણા

શાળા પ્રવેશોત્સવના બીજા અને અંતિમ દિવસે જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી વિભાવરીબહેન દવેએ સતલા સણા તાલુકાના કોઠાસણા અને સતલાણા શહેરમાં ઉપસ્થિત રહી પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન કરાવ્યું હતું.

રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબહેન દવેએ જણાવ્યું હતું કે જીવન મા શિક્ષણનું મહત્વ ઓછું આંકી શકાય નહિ, એમાં આજના યુગમાં ફક્ત એકલુ શિક્ષણ મહત્વનું નથી. તેની સાથે આધુનિક શિક્ષણ, કોમ્પ્યુટર જેવા ઉપકર જોની જાણકારી હશે તો જ જીવનમાં આગળ વધી શકાશે.

મહિલા બાળ કલ્યાણમંત્રી વિભાવરીબહેન દવેએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર બાળકોને સારૂ શિક્ષણ મળે તે માટે હમેંશા કટીબ્ધ રહે છે, પરંતુ આ જવાબદારીમાં માતા પિતા અને સમાજ પણ પોતાનો સહયોગ આપે, અને બાળકોને સ્કુલ જવા માટે પ્રોત્સાહિત કરે તે પણ એટલું જ જરૂરી છે.

પ્રભારી મંત્રી વિભાવરીબહેન દવે દ્વારા વિધાર્થીઓને કુમકુમ તિલક કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો.જેમાં આંગણવાડી,ધોરણ ૦૧,ધોરણ ૦૬ અને ધોરણ ૦૯ માં પ્રવેશપાત્ર બાળકોને પ્રવશ અપાયો હતો. મહિલા બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબહેન દવેએ દાતાઓ તેમજ શાળાના તેજસ્વી બાળકોનું સન્માન કર્યું હતું. શાળા પ્રવેશોત્વના કાર્યક્રમમાં વિધાર્થીઓ દ્વારા યોગ નિદર્શન, સ્વાગત ગીત અને વિવિધ વિષય પર અમૃત વચન રજુ કરાયું હતું. આ ઉપરાંત વિધાર્થીનીઓને સરસ્વતી સાધના યોજના તળે સાયકલ આપવામાં આવી હતી. પ્રભારી મંત્રીએ વાલીઓ સાથે રૂબરૂ ચર્ચા કરી રાજ્ય સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં એસ.એસ. એન. એલના ડિરેકટર વી.એસ. રાવલ, પ્રાન્ત અધિકારી ખેરાલું પ્રાથમિક જિલ્લા શિક્ષણા ધિકારી સ્મિતાબહેન પટેલ, સરપંચ, ગ્રામજનો, અધિકારીઓ, પદાધિકારઓ, ભુલકાંઓ, ગામના આગેવાનો, યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કન્યા છાત્રાલયમાં દીકરી ભણશે તો આખા સમાજને તારશે : ગીતા રબારી

રાધનપુર

રાધનપુરમાં ગુજરાત શ્રત્રિય ઠાકોર સેના રાધનપુર-સાંતલપુર અને સમી તાલુકા દ્વારા આયોજિત ઠાકોર સમાજના કન્યા છાત્રાલયના લાભાર્થે શનિવારે રાતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સુપ્રસિદ્ધ ગાયિકા ગીતા રબારીએ મોડી રાત સુધી ગીતો અને ભજનોની રમઝટ જમાવી હતી,આ પ્રસંગે સ્ટેજ ઉપરથી ગીતા રબારીએ જણાવ્યું હતું કે ડાયરામાં જે કઈ પૈસા આવશે તે સમાજના ઉદ્ધાર માટે વપરાશે, દરેક સમાજમાં શિક્ષણ જરૂરી છે, અને કન્યા છાત્રાલયમાં દીકરી ભણશે તો આખા સમાજને તારશે.આપણા વડીલો જે તકલીફો વચ્ચે ભણ્યા છે તે આપણે જાણીએ છીએ. ભણીને આપણે સમાજ માટે સારા કામો કરીએ.

આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડા,પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર, ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, વાવના ધારાસભ્ય ગેનીબેન

ઠાકોર, દસાડાના ધારાસભ્ય નૌશાદ સોલંકી, બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, બેચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોર સહિતે ઉપસ્થિત રહીને સમાજને સંગઠિત બનીને શિક્ષણક્ષેત્રે આગળ વધવા અનુરોધ કર્યો હતો.ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે કન્યા છાત્રાલય માટે પાંચ લાખ રૂપિયાના દાનની જાહેરાત કરી હતી, જયારે પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોરે એક લાખ અને પાલિકાના પ્રમુખ કમુબેન ઠાકોરે એકાવન હજાર રૂપિયાના દાનની જાહેરાત કરી હતી. આ ઉપરાંત કન્યા છાત્રાલયના નિર્માણ માટે ડાયરાનું આયોજન થયું હોઈ સમાજના લોકોએ મન મુકીને ઘોળ કરી હતી.

આ પ્રસંગે ઠાકોર સમાજના સુપ્રસિદ્ધ અભિનેતા અને ગાયક કલાકાર જોગાજી ઠાકોર, ગાયક કલાકાર લખનજી ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા અને ગીતોની રમઝટ જમાવી હતી. સમાજના મોભીઓ અને યુવાનો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવવામાં આવી હતી.

રાધનપુરમાં ભાજપનો જનસંપર્ક કાર્યક્રમ યોજાયો

રાધનપુર

રાધનપુરમાં ભાજપ દ્વારા જનસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કંડલા પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી ભરતભાઈ રાજગોર, જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહા લક્ષ્મી, જિલ્લા ભાજપ ઉપપ્ર મુખ સુરજગીરી ગોસ્વામી, શહેર ભાજપ પ્રમુખ જશુભાઈ રાવલ, મીડિયા સેલના ભાનુભાઈ પંડ્યા સહિતે ભાજપના પાયાના કાર્યકરોને મળીને વિચારોની આપ-લે કરી

હતી, અને પાયાના કાર્યકરોના મનની વાત સાંભળી હતી. આ ઉપરાંત પાયાના કાર્યકરોનું તેમના તેમના નિવાસસ્થાને કે દુકાને જઈને સન્માન પણ કર્યું હતું.

એસટી બસ સ્ટોપ પર ઉભી ન રહેતા વિદ્યાર્થીઓ જીવના જોખમે રેતીના ડંપરમાં મુસાફરી કરવા મજબૂર બન્યા

(જી.એન.એસ) પાટણ

એક બાજુ ગુજરાત સરકાર શાળા પ્રવેશ ઉત્સવ ઉજવી રહી છે ત્યારે બીજી બાજુ વિદ્યાર્થીઓ શાળાએ જવા માટે જોખમી મુસાફરી કરી રહ્યાં છે. પાટણ વિસ્તારના સરસ્વતી તાલુકાનાં કાંસા ગામે વિદ્યાર્થીઓ શાળાએ જવા માટે કોઈપણ વાહનનો ઉપયોગ કરી રહ્યાં છે. વિદ્યાર્થીઓ પાસે એસટી બસના પાસ હોવા છતાં પણ એસટી બસો ઉભી ના રહેતા વિદ્યાર્થીઓને મજબૂરીમાં ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે.

પાટણ વિસ્તારમાં આવેલ કાંસા ગામના દરેક વિદ્યાર્થીને જીવના જોખમે દરરોજ શાળાએ જવું પડે છે. તંત્રની પ્રવેશ ઉત્સવની ઉજવણી દરમિયાન જ વિદ્યાર્થીઓને આ હાલાકીનો સામનો કરવો પડે છે. વિદ્યાર્થીઓ પાસે એસટી બસના પાસ હોવા છતા પણ એકય એસટી બસ સ્ટોપ પર ઉભી ના રખાતા વિદ્યાર્થીઓને જીવના જોખમે રેતીના ડંપરમાં મુસાફરી કરવા મજબૂર બનવું પડે છે. વિદ્યાર્થી સાથે રસ્તામાં જો કોઈ દુર્ઘટના બને તો તેના માટે કોણ જવાબદાર રહેશે તે લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

ડિસેમ્બર માસથી મહેસાણા પાલિકા વિસ્તારના એ.પી.એલ ગ્રાહકોને કેરોસીન મળશે નહિ

મહેસાણા

રાજ્યમાં અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા રાજ્યમાં પી.ડી.એસથી કેરોસીનમાં બીજા તબક્કામાં રાજ્યના તમામ જિલ્લાના મુખ્ય મથકોમાં એ.પી.એલ કેટેગરીના કેરોસીન રેશનકાર્ડ ધારકોને ૦૧ ડિસેમ્બર ૨૦૧૮ થી કેરોસીનનો જથ્થો બંધ કરવાનો નિર્ણય કરાયો છે.

સરકારશ્રીના આ નિર્ણયને પગલે મહેસાણા જિલ્લાના મુખ્ય મથક મહેસાણા નગરપાલિકા વિસ્તારના એ.પી. એલ કેટેગેરીના કાર્ડધારકો કે જેઓ હાલમાં રાહતદરનું કેરોસીન મેળવતા હોય તેવા તમામ કાર્ડ ધારકોને ડિસેમ્બર ૨૦૧૮થી કેરોસીનનો જથ્થો આપવાનું બંધ કરવાનો નિર્ણય કરાયેલ છે. મહેસાણા પાલિકા વિસ્તારના તમામ નોનગેસ એ.પી.એલ કાર્ડ ધારકોએ સ્વૈચ્છિક રીતે એલ.પી.જી અથવા પી.એન.જી જોડાણ નવેમ્બર ૨૦૧૮ સુધીમાં મેળવી લેવાનું રહેશે તેમ જિલ્લા કલેકટર અને જિલ્લા પુરવઠા અધિકારી મહેસાણાની સંયુક્ત આખબારી યાદીમાં જણાવાયું છે.

રાધનપુર તાલુકાના વડનગરમાં પ્રવેશોત્સવ યોજાયો

રાધનપુર

રાધનપુર તાલુકાના વડનગર ગામે પ્રાથમિક અને માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ રાજ્યના પૂર્વ આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિ માં યોજાયો હતો,આ પ્રસંગે બાળકોને પ્રવેશની સાથે શિક્ષણની કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.પૂર્વ આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ લોકોને પાણી બચાવવા અપીલ કરી હતી અને બેટી બચાવો બેટી ભણાવો અંતર્ગત દીકરીઓને શિક્ષણ આપવા

ઉપર ભાર મુક્યો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણ ભાઈ મહાલક્ષ્મી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરજગીરી ગોસ્વામી, કેળવણી નિરીક્ષક ભીખાભાઈ પટેલ, દઝાભાઈ ચૌધરી સહીત અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાધનપુરમાં મુસ્લિમ બિરાદરોએ ઈદ ઉજવી

રાધનપુર

રાધનપુરમાં મુસ્લિમ બિરાદરોએ ઈદની દબદબાભેર ઉજવણી કરી હતી,સવારે શહેરની અલગ-અલગ મસ્જિદોમાં નમાજ અદા કર્યા બાદ એકબીજાને ગળે મળીને ઈદ મુબારક પાઠવ્યા હતા. આ પ્રસંગે મુસ્લિમ સંસ્થાઓ દ્વારા અલગ અલગ જગ્યાએ ઠંડા પીણાં અને શરબત વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી.આ પ્રસંગે ધારાસભ્ય અલ્પેશ ઠાકોરના પી.એ. હાર્દિકભાઈ ત્રિવેદી,

પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ ડી.પરમાર, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ કે.પટેલ, પાલિકા પ્રમુખ કમુબેન ઠાકોર સહિતે મુસ્લિમ બિરાદરોને મળીને ઈદની શુભકામનાઓ પાઠવી હતી.

બહુચરાજી હાઈ- વે પર ખાનગી વાહનોના અડિંગાઃ પોલીસ અદ્રશ્ય

ચાણસ્મા

મહેસાણા જિલ્લા પોલીસવડાની હકૂમત નીચે આવેલા યાત્રાધામ બહુચરાજીમાં દિન- પ્રતિદિન ટ્રાફિક સમસ્યા વકરતી જાય છે. આમ છતાં જેની જવાબદારી છે તે પોલીસતંત્ર આંખો બંધ કરીને તમાશો જોઈ રહ્યું હોય તેવી અનુભુતી સ્થાનિકો કરી રહ્યા છે. અહીં હાઈવે, બજાર સહિતના વિસ્તારોમાં રોજબરોજ થતી ટ્રાફિક સમસ્યાથી યાત્રિકો અને સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે.

યાત્રાધામ બહુચરાજીમાં ટ્રાફિક સમસ્યા માથાનો દુઃખાવો બનતી જાય છે. હાઈવે શક્તિ સર્કલની ચારેબાજુ, પોલીસ સ્ટેશનના દરવાજા આગળ, બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારમાં ખાનગી વાહનો પાર્ક કરી દેવામાં આવે છે. એમાંના અધિકાંશ વાહનો 'શટલિયા' હોય છે. આમ છતાં પોલીસ દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં નહીં આવતા અત્રે બહુચર માતાજીના દર્શનાર્થે આવતા યાત્રિકોને પારાવાર યાતનાઓમાંથી પસાર થવું પડે છે. હાઈવે શક્તિ સર્કલથી શંખલપુર ગામ તરફ જતા શક્તિપથની બંને બાજુ ખાનગી વાહનો ઉભા કરી દેવામાં આવતા હોઈ એસટી જેવા ભારે વાહનો નીકળે ત્યારે વારંવાર ટ્રાફિકજામ થઈ જાય છે. એમાંય રવિવાર અને પુનમે આ રોડ પરથી પસાર થવું દુષ્કર બની રહી છે. આમ છતાં પોલીસ દ્વારા અહીં એકપણ પોઈન્ટ મુકવામાં આવતો નથી. બજારમાં ક્યારેય પોલીસ ફરજ બજાવતી હોય તેમ જણાતું નથી. બીજી બાજુ ખાડે ગયેલી ટ્રાફિક વ્યવસ્થા સુધારવામાં પોલીસ અધિકારીને કોઈ રસ હોય તેમ પણ જણાતું નથી. આ અંગે બહુચરાજી ગ્રામ પંચાયતના સરપંચ દેવાંગ પંડ્યાએ જણાવ્યું કે, ગતરોજ જ ટ્રાફિક અંગે સ્થાનિક પોલીસ અધિકારીને વાત કરી હતી. પરંતુ તેમના તરફથી કોઈ જ સહકાર મળતો નથી. ઉપરથી અમારી પાસે સ્ટાફ નથી ના બહાના કાઢે છે.

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવએ સામાજિક આંદોલન છે : કલેકટર આનંદ પટેલ

પાટણ

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૮નો આજથી પ્રારંભ થયો છે. બે દિવસીય કાર્યક્રમના અનુંસંધાનમાં સમગ્ર જિલ્લામાં અનેરી જાગૃતિ અને ચેતના જોવા મળી રહયાં છે. જેના ભાગરૂપે જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલ પાટણ તાલુકાના કમલીવાડા ખાતે શાળાકીય પ્રવેશોત્સવમાં ઉપસ્થિત રહી પ્રવેશાર્થી બાળકોને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, કન્ય કેળવણી અને પ્રવેશોત્સવ એ સામાજિક આંદોલન છે. ભણવા લાયક દિકરા-દિકરીઓને શાળા સુધી દોરી જવાનું કર્તવ્ય સમાજે ઉપાડવાનું છે. વિદ્યાર્થીઓ સમાજની આવતીકાલ છે. તેમના ઉજ્જવળ ભવિષ્ય થકી જ આદર્શ સમાજનું નિર્માણ શકય છે. કલેકટરશ્રીએ પ્રાથમિક શાળામાં ૨૨ દિકરીઓ સહિત કુલ ૩૩ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવી કીટસનું વિતરણ કર્યું હતું. આંગણવાડીના ભુલકાઓને રમકડા કીટસ અને ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને પુસ્તકો એનાયત કર્યા હતા. કલેકટરશ્રીએ શાળા પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું. શાળાના વયોવૃધ્ધ વિદ્યાર્થી અને સરપંચશ્રી પિતાંબરભાઈ પટેલનું શાલ ઓઢાડી અભિવાદન કર્યું હતું. કાર્યક્રમમાં નાયબ બાગયત નિયામકશ્રી એન.બી. ગાલવારિયા, મહિલા સામખ્ય ના મીનાબેન સોલંકી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બીપીનભાઈ પટેલ, તાલુકા પંચાયતના સદસ્ય અલ્કેશભાઈ દેસાઈ વગેરે કીટસ વિતરણમાં સહયોગી બન્યા હતા.

માધ્યમિક શાળાના પ્રિન્સીપાલ અંકિતાબેન પટેલ, પ્રાથમિક શાળાના આચાર્ય ઋષીકેશ પટેલ, શંકરભાઈ પટેલ, સ્કુલ કીટસના દાતાશ્રી વાઘાજી રાજપુત વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા શતા.

વિદ્યાર્થીઓ પ્રાર્થના-યોગ-અમૃતમ હેઠળ વિવિધ વિષયો પર પ્રવચન કર્યું હતું.

ઝેરી દવા ગટગટાવનાર ડેરની પરિણીતાનું સારવાર દરમ્યાન મોત

પાટણ

પાટણ તાલુકાના ડેર ગામે ઠાકોર પરિવારની એક પરિણીતાએ છ દિવસ અગાઉ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી આત્મ હત્યાની કોશીષ કરી હતી ત્યારે ગત શુકવારે વહેલી સવારે સારવાર દરમ્યાન તેણીનું મોત થયું હતું, જેથી મૃતકની લાશને પાટણ સિવીલ હોસ્પિટલ ખાતે પી.એમ.માટે લાવવામાં આવી હતી. પાણના ડેર ગામે રહેતા મૂળ સરવા ગામની વતની અને ડેર ગામે સમાજના રીત રિવાજ મુજબ જેગાજી ઠાકોરના પરિવારના પુત્ર કડવાજી સાથે પી-ક્રીના લગ્ન થયા હતા, લગ્નબાદ બંનેનો ઘર સંસાર સુખેથી ચાલતો હતો. ત્યારે ગત તા.૧૦ જુનના રોજ સવારે પી-ક્રીએ કોઈ કારણોસર ઝેરી દવા ગટગટાવી આત્મ હત્યાનો પ્રયાસ કર્યો હતો તેણીની હાલત ગંભીર બનતા પરિવારે પી-ક્રીને ધારપુર સિવીલમાં ખસેડી હતી. જ્યાં સારવાર દરમ્યાન ગત શુકવારે તેણીનું મોત થયું હતું.

અંબાજી તળેટીમાં ગબ્બર આરતીદર્શન માટે એલઈડી સ્ક્રીન મૂકાશે, સરક્યૂલર રુટ શરુ કરાશે

અંબાજી

ગુજરાતની પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં દિવસરાત ભક્તોનો પ્રવાહ રહે છે ત્યારે નાગરિક સુવિધાઓ વધારવી સમયની માગ બની ગઈ છે. જેને લઈને યાત્રાધામ વિભાગ પ્રયત્ન કરતો રહે છે. યાત્રાધામ વિકાસપ્રધાન વિભાવરીબહેન દવેએ અંબાજીમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. જેમાં યાત્રાળુઓની સગવડ વધારવા નિર્ણય લેવાયાં હતાં. બેઠકમાં ખાસ કરીને જિલ્લામાં વિકાસનો દર ઊંચો આવે તેમ જ અંબાજી આવતાં ગુજરાતના તથા ગુજરાત બહારના યાત્રિકોને કોઈ અગવડ ન પડે તેવા વિષયોને લઈ વિસ્તૃત ચર્ચાઓ કરાઈ હતી. ખાસ કરીને ટ્રાફિક સમસ્યા હલ કરવા બાયપાસ રસ્તાની જોગવાઈ, તથા અંબાજીના જોવાલાયક ધાર્મિક સ્થળો માટે સર્ક્યુલર રૂટ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. સાથે જ ગબ્બરગઢ ઉપર થતી આરતી-દર્શન નીચે તળેટીમાંથી જ કરી શકાય તે માટે એલઈડી સ્ક્રીન મૂકવાનો નિર્ણય પણ આ બેઠકમાં લેવાયો છે.મંદિર પરિસરમાં સફાઈ સહિત અન્ય જાહેર તહેવારો દરમિયાન પ્લાસ્ટિક પ્રદૂષણ ન ફેલાય તેની કાળજી લેવાશે. અંબાજી ખાતે ભરાનાર ભાદરવી પૂનમના મેળામાં પાણીના પાઉચ ન મળે તે માટે પણ નિર્ણય લેવાયો છે.

ધાનેરામાં ગાદલાની દુકાનમાં આગ લાગતા દોડધામ

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે ગાદલાની એક દુકાનમાં અચાનક આગ ભભૂકતા અફડા તફડી મચી ગઈ હતી. આ ઘટનાના પગલે ધાનેરા નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમે તુરંત ઘટનાસ્થળે દોડી જઈ મહામુસીબતે આગ પર કાબૂ મેળવ્યો હતો.ધાનેરા ખાતે લીલાશાહનગર સોસા યટીની સામે શાલીભદ્ર શોપિંગ સેન્ટરમાં આવેલી દેવાભાઈ પંચાલની ગાદલાની દુકાનમા આજે બપોરના સમયે રૂ પિંજવાના મશીનમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં આગ ભભૂકી ઉઠી હતી.આ ઘટના બાદ દુકાનમાં કામ કરી રહેલા કારીગરોએ પાણી વડે આગ બુઝાવવાનો પ્રયત્ન કરવાં છતાં આગ કાબુમાં ના આવતા છેવટે નગર પાલિકાના

અનુસંધાન પાના નં.૬

લવાણાની આશાપુરા દુધ સહકારી મંડળીના મંત્રીએ અંગત વિવાદમાં પશુપાલકનું દુધ લેવાનો ઈન્કાર કરતા ચકચાર


નરસિંહ પ્રજાપતિ

પ્રતિ. લાખણી

લાખણી તાલુકાના લવાણા ગામમાં આવેલ આશાપુરા દુધ સહકારી મંડળીમાં મંત્રીની મનમાની અને અંગત વિવાદના પરિણામે પશુપાલકને મોટું આર્થિક નુકશાન થઈ રહ્યું છે વાઘેલા (રાજપુત) રખુબેન રૂડાભાઈ જેઓ ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરી રહ્યા છે પશુપાલનમાં ૧૨ ગાય અને ૩ ભેંસો રાખે છે અને તેનુ દુધ આશાપુરા સહકારી દુધ મંડળી લવાણામાં ભરાવે છે જેની આવકમાંથી પશુઓ અને પરિવારનું ગુજરાન ચલાવે છે વળી રખુબેન રાજપુતના પતિ રૂડાભાઈ કાંનજીભાઈ રાજપુત આશાપુરા દુધ સહકારી મંડળીમાં સભ્ય તરીકે ફરજ બજાવતા હતા જેના કારણે મંડળીના સભ્ય તરીકે તેમણે ડેરીના મંત્રી હરજીભાઈ જેઠાભાઈ વાઘેલા (રાજપુત) ને મંડળીની સાધારણ સભા કેમ ભરતા નથી તેવું પૂછતાં મંત્રીએ પોતાને પ્રશ્ન કરાવવાળુ કોણ? એમ સમજી તેમની સાથે અંગત અદાવત અને મન

અનુસંધાન પાના નં.૬

પશુપાલકને આર્થિક નુકશાન ભોગવવું પડે છે

આ બાબતે રૂડાભાઈ રાજપુતે જણાવ્યું કે મારે નાના-મોટા થઈને ૧૫ જેટલા પશુઓ છે અને રોજ સરેરાશ ૩૦૦૦ લુચિયાનું દુધ હું ડેરીમાં ભરાવતો હતો પણ આજે એક મહિના કરતાં વધારે સમય થઈ ગયો છે ડેરીમાં કોઈ કારણ માડ દુધ લેવામાં આવતું નથી જેના કારણે અમને મોટું આર્થિક નુકશાન થઈ રહ્યું છે.

આ બાબતે મંડળીને જણાવેલ કે, છેલ્લા દોઢ વર્ષથી આ પશુપાલકના દુધની ગુણવત્તામાં ફેરફાર આવતો હતો અને દુધ ભરવાના સમયે મંડળી ઉપર વ્યવહાર સારો રહેતો ન હોવાથી મંડળીની કમિટીએ પશુપાલકના દુધ લેવા ઉપર પ્રતિબંધ મુકેલ છે.

- હરજીભાઈ જેઠાભાઈ રાજપુત (મંત્રી-આશાપુરા દુધ સહકારી મંડળી, લવાણા)

ભાભર પંથક ચોરોના હવાલે... પોલીસ લાચાર...

ભાભરમાં વધુ એક તસ્કરી : બંધ મકાનના તાળા તોડી ચોરી કરતા ફફડાટ

શેરીના લોકો જાગી જતાં તસ્કરો ચોરી કરી ફરાર

વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર પોલીસનો અસામાજીક તત્વો સામે કોઈ કાબુ રહ્યો ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જેને કારણે પંથકમાં ગુનાઓનું પ્રમાણ વધી રહ્યુ હોવાનો લોકમત છે. ભાભર તાલુકાના ઈન્દરવા જુના ગામે શુક્રવારે રાત્રે એક ખેડુતના ઘરેથી ૫.૫૦ લાખની ચોરી થઈ હતી. ત્યારે ભાભરની ભરચક એવી માધવ સીટીમાં ગઈકાલે વધુ એક ચોરીની ઘટના બહાર આવતા ચકચાર મચી છે. ભાભર શહેરની માધવસીટી ડી-વિભાગમાં રહેતા ભૂપતભાઈ વણઝારા (શિક્ષક) શની - રવિની નિશાળમાં રજા હોવાથી વતનમાં ગયા હતા. ત્યારે શનિવારની મધરાત્રે તેમના બંધ મકાનના તાળા તોડી ઘરમાં પ્રવેશ કરીને રૂા. ૧૦ હજાર રોકડ અને ૧૦ હજારના દાગીનાની અજાણ્યા ઈસમોએ ચોરી કરી હતી. તે સમયે શેરીમાં કુતરાઓ ભસતા હોવાથી પાડોશીઓ જાગીને બહાર આવ્યા ત્યારે તેમના ઘરમાંથી ત્રણ ઈસમો ભાગ્યા હતા. અડધી રાત્રે શેરીમાં હોબાળો થતાં મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા અને ચોરીની ઘટનાની પોલીસને જાણ કરી છે.

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોના પ્રશ્નોને લઇ કિસાન ક્રાંતિ સંગઠન દ્વારા ચેતના યાત્રા નિકળશે

નરસિંહ દેસાઈ

પ્રતીનીધી વડાવલ

બનાસકાંઠા જિલ્લો એક ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ છે ત્યારે ખેડૂત અને પશુપાલકો ને યોગ્ય ન્યાય મળી રહે તેવા ઉદ્દેશ સાથે બનાસકાંઠા જિલ્લા કિસાન ક્રાંતિ સંગઠનની રચના કરવામાં આવી છે સરકાર સામે ખેડૂતોના પ્રશ્નોને યોગ્ય રજૂઆત કરી ન્યાય મળે તે માટે ખેડૂતોના વિવિધ સંગઠનો કાર્ય કરી રહ્યા છે તેમ છતાં આવા સંગઠનો સરકારની સાથે રહી ખેડૂતોના પ્રશ્નોને કોઈ રજૂઆતો ન કરતાં ખેડૂતોને પીસાવાનો વારો આવ્યો છે ત્યારે ખેડૂતો ને યોગ્ય ન્યાયમળી રહે તે માટે ખેડૂતો દ્વારા એક નવુ સંગઠન બનાવવામાં આવતા આજરોજ ડીસા તાલુકાના વડાવલ ગામે કોલ્ડ સ્ટોરેજ પર સંમેલન રાખવામાં આવ્યું હતું બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોના અનેક પ્રશ્નો રહેલા છે ઉપરોત જિલ્લાના પશુપાલકોની અનેક સમસ્યાઓ રહેલી છે જેની ચર્ચા વિચારણા કરી રાજય સરકાર સમક્ષ આવા પ્રશ્નોની યોગ્ય રજૂઆત કરી ન્યાય મળી રહે તે માટે કિસાન ક્રાંતિ સંગઠનની રચના કરવામાં આવી છે આજરોજ ૧૭/૬/ ૨૦૧૮ના રવિવારના રોજ કિશાન ક્રાન્તિ સંગઠન બનાસકોઠા જીલ્લા અને તાલુકાના

અનુસંધાન પાના નં.૬

પાલનપુર નગરપાલિકાના નવા સુકાનીઓએ પદભાર સંભાળ્યો

સંજય જોષી

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની અઢી વર્ષની મુદત પૂર્ણ થતા નવા પ્રમુખ - ઉપ પ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રમુખપદે અશોક ઠાકોર અને ઉપપ્રમુખપદે હેતલબેન રાવલ ચૂંટાઈ આવ્યા હતા. જેઓએ આજે પોતાનો પદભાર સંભાળ્યો હતો.

પાલનપુર નગરપાલિકા ના નવનિયુક્ત પ્રમુખ-ઉપપ્રમુખનો પદગ્રહણ સમારોહ આજે પાલનપુર નગરપાલિકા ખાતે યોજાયો હતો. જ્યાં પ્રમુખ અશોક ઠાકોર અને ઉપપ્રમુખ હેતલબેન રાવલે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સમર્થકોની હાજરીમાં ચાર્જ લઈ પદભાર સંભાળ્યો હતો. ત્યારે સમર્થકોએ હુલહાર કરી નવા સુકાનીઓને ઉત્તરોત્તર

અનુસંધાન પાના નં.૬

ધાનેરામાં જમીનની તકરારમાં મારામારી: ચારને ઈજા

એન.કે. મોદી

ત્રણ રાઉન્ડ ફાયરીંગ થયુ હોવાની ચર્ચા, બેની હાલત ગંભીર

તા.પ્રતિનિધી ધાનેરા

ધાનેરાથી રામસણ જતા રેલ્વે ફાટક નજીકના માળી અને પટેલોના ખેતરો આવેલ છે. જેમાં સોમાજી દેવાજી માળી અને હરેશભાઈ રમેશભાઈ પટેલના ખેતર નજીક હોઈ શેઢા તથા જમીન બાબતે ઝઘડો ચાલતો હતો. દરમિયાન ગઈકાલે મારામારી થતા એક પટેલ અને એક માળી સમાજના ઈસમને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં ફાયરીંગ થયું હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

ટુંકી હકીકત એવી છે કે ધાનેરામાં આવેલ રામદેવપીર રેસ્ટોરેન્ટના માલિક સોમાભાઈ દેવજીભાઈ માળી ઉ.વ.૫૫ નું ખેતર ધાનેરાની રામસણ રેલ્વે ફાટક નજીક ખેતર આવેલ છે તથા તેમની બાજુમાં હરેશભાઈ રમેશભાઈ પટેલ ઉ.વ.૧૮ ના કુટુંબીજનોનું ખેતર આવેલ છે. આ લોકો વચ્ચે જમીન બાબતે ઝઘડો ચાલતો હતો. જાણવા મળતી માહિતી મુજબ હાઈકોર્ટમાં પણ આ બાબતે કેસ ચાલે છે અને આ ઝઘડો છેલ્લા દસ વર્ષથી ચાલતો હતો. દરમિયાન ગતરોજ વધારે આજ જમીનના ઝઘડા બાબતે હરેશભાઈ અને સોમાભાઈને ઝઘડો થતાં

અનુસંધાન પાના નં.૬

ધાનેરા ખાતે મળી તથા પટેલ સાથે રસ્તા બાબતે ઝઘડો થયેલ જેમાં ચાર જણાને ઈજાઓ થયેલ જે બાબતે ઈન્ચાર્જ એસ.પી. બી.એ.ચાવડા ને પૂછતાં તેઓએ જણાવેલ કે હરેશભાઈ પટેલ અને સોમાભાઈ માળી વચ્ચે રસ્તાની બાબતે માથા ફુટ થતા સોમાભાઈ માળીએ ફાયરીંગ કર્યેલ અને બંને પક્ષકારોને દવાખાને ખસેડેલ જે પૈકી એકની હાલત ગંભીર હોઈ અમદાવાદ ખસેડેલ છે. અને આ બાબતે ધાનેરા પી.એસ.માઈ ને ફરીયાદ લેવા માટે રવાના કર્યી દીધેલ છે. વધુ વિગતો ફરીયાદ દાખલ થયા પછી ખબર પડશે : ઈન્ચાર્જ ડી.એસ.પી. બી.એ.ચાવડા

દિયોદરના ધુદરા નજીક કેનાલમાં યુવકની મોતની છલાંગ

તા.પ્રતિનિધિ દીયોદર

બનાસકાંઠામાં નર્મદા કેનાલોમાં કુદી પડી આપઘાત કરવાની વધતી જતી ઘટનાઓ વચ્ચે આજે દિયોદર તાલુકાના લુદ્રા ગામ નજીકથી પસાર થતી નર્મદા યોજનાની મુખ્ય કેનાલમાં વધુ એક યુવકે મોતની છલાંગ લગાવી મોતને વ્હાલું કર્યું છે.કોઈ અગમ્ય કારણોસર આ યુવક કેનાલમાં કુદી પડતા તુરંત તેની શોધખોળ હાથ ધરાઈ હતી જે દરમ્યાન નહેરના ઊંડા પાણીમાંથી આ યુવક મૃત હાલતમાં મળી આવ્યો હતો.આજે નર્મદા કેનાલમાં કુદી પડી જિંદગીનો અંત આણી દેનાર મૃતક યુવક ભાભર તાલુકાના લાડુલા ગામનો હોવાની વિગતો બહાર આવી છે.બનાવની જાણ થતાં દિયોદર પોલીસે પણ તુરંત ઘટનાસ્થળે દોડી જઈ મૃતક યુવકની લાશને નહેરમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે દિયોદરની રેફરલ હોસ્પિટલમાં ખસેડી હતી. આ બનાવ સંદર્ભે દિયોદર પોલીસે અકસ્માત મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે હદ નક્કી કરવાના પ્રશ્ને માનવતા નેવે મુકી..

ભાભરમાં અકસ્માતે મૃતક યુવાનની લાશ છ - છ કલાકથી પી.એમ. માટે રઝળતી રહી

વનરાજસિંહ રાઠોડ

પ્રતિનિધિ ભાભર

ખુદ ધારાસભ્ય પણ લાશના પી.એમ. માટે પોલીસ અધિકારીઓને ફોન કર્યા પણ પોલીસે કાન ન ધરતા લોકોમાં રોષની લાગણી ભાભરમાં અકસ્માતે મૃતક યુવાનની લાશ ભાભર પી.એચ.સી.માં લાવવામાં આવી હતી. પરંતુ પોલીસે હદ નક્કી કરવાના પ્રશ્ને માનવતા નેવે મુકીને છ - છ કલાકથી લાશ પી.એમ. વગર રઝળતા પોલીસ સામે લોકોમાં રોષ ફેલાયો છે. રવિવારે બપોરે ભાભર નજીક સુઈગામ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ જોરાવગઢ પાસે જીપ અકસ્માતમાં ઠાકોર વિક્રમ છગનભાઈ, ઉ.વ.૧૬ વાળા ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેને ૧૦૮ વાન દ્વારા ભાભર સી.એચ.સી. ખાતે ખસેડતા તેનું રસ્તામાં મોત થયું હતું. સી.એચ.સી. ખાતે આવેલ લાશ ભાભર પોલીસે તેમની હદમાં નથી આવતુ તેમ કહી ફરીયાદ લીધી ન હતી. જ્યારે ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે દોડી આવીને સુઈગામ અને માવસરી પોલીસને જાણ કરતા તેઓએ પણ જવાબ ન આપતા પોલીસે હદ નક્કી કરવા પ્રશ્ને માનવતા નેવે મુકી છ - છ કલાક થી લાશ પી.એમ. વગર રઝળતા મોટી સંખ્યામાં ઠાકોર સમાજના લોકો એકઠા થઈ જતાં પોલીસ સામે ભારે રોષ ઠાલવી રહ્યા હતા.

રામપુરા વડલા ગામમાં જુગાર રમતા ૬ શકુનિઓ ઝડપાયા: ૪ ફરાર

પાલનપુરના શખ્સો પાસેથી રિક્ષા, બાઈક તેમજ રોકડ રકમ મળી કુલ ૧.૬૨ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયા

પાલનપુર

પાલનપુર તાલુકાના રામપુરા વડલા ગામની સીમમાં જુગાર રમતો હોવાની બાતમી મળતાં તાલુકા પોલીસે શનિવારે રાત્રે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં જુગાર રમતા ૬ શખ્સોને ઝડપી લેવાયા હતા. જ્યારે ૪ નાસી છૂટ્યા હતા. જેમની પાસેથી રિક્ષા, બાઈક તેમજ રોકડ રકમ મળી કુલ ૧.૬૨ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો હતો.

પાલનપુર તાલુકાના રામપુરા વડલા ગામની સીમમાં જુગાર રમતો હોવાની બાતમી મળતાં તાલુકા પીએસઆઈ એ. વાય. પટેલે સ્ટાફ સાથે શનિવારે રાત્રે ઓચિંતો છાપો માર્યો હતો.

જ્યાં જુગાર રમતા ૬ શખ્સોને ઝડપી લેવાયા હતા. જ્યારે ૪ નાસી ગયા હતા. પોલીસે સ્થળ ઉપરથી રૂપિયા ૧,૫૦,૦૦૦ની બે રિક્ષા, એક બાઈક, રૂપિયા ૮૦૦૦ના મોબાઈલ ફોન નંગ ૪ તેમજ રોકડ રકમ ૪૮૦૫ મળી કુલ ૧.૬૨ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો હતો.અને તમામની સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે જુગાર ધારાની કલમ મુજબ ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નાસી છૂટેલા શખ્સો

૧.જાવેદ બનન સિંધી
૨. સોહિલ મઠેબુબ મન્સૂરી
૩. હિરોજ ઉર્ફે મામુ ઈકબાલ પઠાણ

જુગારીઓના નામ

૧. ઝાકીર સુલેમાન મેમણ
૨. જગદીશ ઠોકરાભાઈ પદમાર
૩. સાદલાજ અબ્દુલભાઈ ગૌહાણ
૪. સામીરભાઈ અજીતખાન મકરાણી
૫. સાજાજ દીલ્લિભાઈ શેખ
૬. સોઠજાદ મઠેબુબભાઈ શેખ
(તમામ રહે. પાલનપુર)

ડીસા નજીક કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ડીસા

બનાસકાંઠાની એલસીબી પોલીસે પણ ગઈ રાત્રે ડીસા નજીકથી દારૂ ભરેલી અલ્ટો ગાડી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત રાજયના પોલીસ મહાનિરીક્ષકની સૂચના મુજબ બનાસકાંઠાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક બી.એ.ચાવડાએ જિલ્લામાં દારૂ જુગારની પ્રવૃતિ નેસ્ત નાબૂદ કરવા માટે કડક અમલવારી કરવા સૂચના કરતા એલસીબીના ઈન્ચાર્જ પી.આઈ. જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ પ્રોબેશન પીએસઆઈ એમ.આર. મોહનીઆ તેમની ટીમ સાથે ગઈ રાત્રે ડીસા રૂરલ પોલીસ મથકના કાર્યક્ષેત્રમાં પેટ્રોલીંગ માં નીકળ્યા હતા એ દરમ્યાન બાતમીના આધારે આખોલ ચાર રસ્તા પર નાકાબંધી કરી ૬.તૌ.૮ મ.ઝૅ.૧૮૫૪ નંબરની અલ્ટો ગાડીને આંતરી તલાશી લેવાઈ હતી જે દરમ્યાન આ ગાડીમાંથી ૩૩,૬૦૦ રૂપિયાની કિંમતનો ૩૩૬ બોટલ વિદેશી દારૂ અને બિયર મળી આવતા પોલિસે ગાડી સહિત કુલ ૨,૩૩,૬૦૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ડીસા તાલુકા પોલીસના હવાલે કરતા તાલુકા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભુજ આર આર સેલ પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો

થરાદ

પોલીસ મહાનિરીક્ષક સરહદી રેન્જ ભુજની પ્રોહીબેશન તથા જુગારની બદીનેસ્ત નાબુદ કરવાની સુચના તેમજ પોલીસ મહાનિદેશક .ગાંધીનગર તરફથી આપવામાં આવેલ ડ્રાઇવ અનુસંધાને પોલીસ સબ ઈન્સપેક્ટર એ.એસ. રબારીના માર્ગદર્શન મુજબ આર.આર. સેલ ટીમના એ.એસ. આઈ. ખુમાજી તથા હે.કોન્સ. યશવંતસિહ તથા પો. કો. માનસંગભાઈ તથાપો.કો.મનિખભાઈ થરાદપોલીસ સ્ટેશન વિસ્તારમાં શનિવારની રાત્રે પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન હે.કોન્સ. યશવંતસિહ વાઘેલાને મોડી રાત્રે આવનાર ચોક્કસ નંબરની અલ્ટો કારની મળેલ બાતમી પ્રમાણે નારોલી થી આજાવાડા ગામ તરફ જતા રોડે નર્મદા મુખ્ય કેનાલના પુલ ઉપર પંચો સાથે નાકાબંધી કરી હતી.દરમ્યાન રવિવારના સવારના સુમારે ૫૧૨ છ દ્ધ ૭૮૮૪ નંબરની અલ્ટો કાર આવતાં તેને અટકાવીને તલાશી લેતાં તેમાંથી ૧૫ પેટીમાં રાખવામાં આવેલો કિંમત રૂપીયા ૬૭૨૦૦ નો ૬૭૨ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે બે લાખની કાર મળીને ૨,૬૭,૨૦૦નો મુદ્દામાલ કબ્જે લઈને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.


શંકરભાઈ ચૌધરી

હાર્દિક અભિનંદન
એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન પદે માનનીય શ્રી શંકરભાઈ ચૌધરીની બીજી વખત વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન

લિ.
પટેલ હરેશભાઈ સામતાભાઈ (બનાસ બેંક)
પટેલ જેમલભાઈ માદેવાભાઈ
પ્રમુખ, ભારતીય જનતા પાર્ટી ડીસા તાલુકા પંચાયત શક્તિ પીઠ
પટેલ કાંનજીભાઈ જગાભાઈ